તત્ત્વજ્ઞાન સીરીઝ પુષ્પ ૧લું

# સરળ સ્યાદ્વાદમત સમીક્ષા





લેખક

શંકરલાલ ડા. કાપડીઆ

તત્વજ્ઞાન સીરીઝ પુષ્પ ૧લું

# સરળ સ્યાદ્વાદમત સમીક્ષા


લેખક

શંકરલાલ ડા. કાપડીઆ

**સરળ સ્યાદ્વાદમત સમીક્ષા**

**શંકરલાલ ડા. કાપડીઆ**


| | | |
|---|---|---|
| પ્રથમ આવૃત્તિ | : | સં. ૨૦૦૬ |
| દ્વિતીય આવૃત્તિ | : | સં. ૨૦૦૬ |
| તૃતીય આવૃત્તિ | : | સં. ૨૦૦૭ |
| ચતુર્થ આવૃત્તિ | : | સં. ૨૦૬૦ |
| પ્રત | : | ૬૦૦ |
| પ્રકાશક | : | મનુભાઈ શંકરલાલ કાપડીઆના પરિવારજનો<br>૧, વેસ્ટમીન્સ્ટર સોસાયટી,<br>ચુનાભઠ્ઠી રેલ્વે ફાટક પાસે,<br>સાયન (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૨૨ |
| મુદ્રક | | લીપિઝ મીડિયા<br>૪૨૦/બી, શિશુવિહાર સામે, ભાવનગર.<br>ફોન:૯૩૭૭૧૦૦૭૬૦, ૯૩૨૭૭૧૪૫૪૫ |

ખાનગી વિતરણ માટે

પુસ્તક મેળવવાનું ઠેકાણું

**કિરીટભાઈ કાપડીઆ**
૧૧, શાંતિનિકેતન સોસાયટી,
સુમુલ ડેરી રોડ,
સુરત-૩૯૫૦૦૮
ફોન:૦૨૬૧-૫૫૩૭૯૦૭/૨૫૩૮૪૮૯

**હેમંતભાઈ કાપડીઆ**
૧, વેસ્ટમીન્સ્ટર સોસાયટી,
ચુનાભઠ્ઠી રેલ્વે ફાટક પાસે,
સાયન (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૨૨
ફોન:૦૨૨-૨૪૦૧૬૪૩૧


---

ગુજરાતના પ્રસિદ્ધ વિદ્વાન્ પ્રો. આનંદશંકર બાપુભાઈ ધ્રુવે સ્યાદ્વાદ સિદ્ધાંતને વિષે પોતાનો અભિપ્રાય દર્શાવતાં જણાવ્યું છેઃ સ્યાદ્વાદનો સિદ્ધાંત અનેક સિદ્ધાંતો અવલોકીને તેમનો સમન્વય કરવા ખાતર પ્રકટ કરવામાં આવ્યો છે. સ્યાદ્વાદ એકીકરણનું દૃષ્ટિબિંદુ આપણી સામે ઉપસ્થિત કરે છે. શંકરાચાર્યે સ્યાદ્વાદ ઉપર જે આક્ષેપ કર્યો છે, તે મૂળ રહસ્યની સાથે સંઘ રાખતો નથી, એ નિશ્ચય છે કે વિવિધ દૃષ્ટિબિંદુઓ દ્વારા નિરીક્ષણ કર્યા વગર કોઈ વસ્તુ પૂરી રીતે સમજવામાં આવી શકે નહીં. આ માટે સ્યાદ્વાદનો સિદ્ધાંત ઉપયોગી તથા સાર્થક છે. મહાવીરના સિદ્ધાંતમાં બતાવેલ સ્યાદ્વાદને કેટલાક સંશયવાદ કહે છે - એ હું નથી માનતો. સ્યાદ્વાદ સંશયવાદ નથી કિંતુ તે વસ્તુદર્શનની વ્યાપક કળા આપણને શીખવે છે.

# ભારતવાસીઓને સમર્પણ

વ્હાલા બંધુઓ તથા બહેનો,

ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીએ સાડા બાર વર્ષ સુધી ઉગ્ર તપશ્ચર્યા કરી, કૈવલ્યજ્ઞાન (ત્રિકાલજ્ઞાન) પ્રાપ્ત કર્યા બાદ, દેશના Preaching દીધી છે.

"સવિ જીવ કરું શાસન રસી, ઈસી ભાવદયા મન ઉલ્લસી" તેમની દિવ્યભાવનાથી આકર્ષાઈને —

તેમજ દર્શનશાસ્ત્રોના વિરોધી દેખાતા વિચારોના વાસ્તવિક અવિરોધનું મૂળ તપાસનાર, અને તેમ કરી તેવા વિચારોના સમન્વય કરનાર શાસ્ત્ર જે સ્યાદ્વાદ, તેના મૂળ પ્રરૂપક શ્રમણ ભગવંત શ્રી મહાવીર સ્વામી છે; જે સિદ્ધાંતથી, મતભેદોથી થતા કોલાહલો શમે, રાગદ્વેષની પરિણતિ ઓછી થાય અને સૌ કોઈ પ્રેમની ગ્રંથિમાં અરસપરસ જોડાઈ રહે, જેથી દેશનું સંગઠનબળ વધે એ શુભ ઉદ્દેશથી તેમજ આજના (વર્તમાન) યુગના વિદ્વાન ગણાતા દર્શનશાસ્ત્રીઓ, તત્ત્વજ્ઞો, જેવા કે ષટ્દર્શનવેત્તા ડૉ. સતીશચંદ્ર વિદ્યાભૂષણ, કાકાશ્રી કાલેલકર, દેશવત્સલ શ્રી ગાંધીજી, પ્રો. આનંદશંકર ધ્રુવ, પ્રો. હર્મન જેકોબી આદિ સમર્થ વિદ્વદ્રત્નોએ આ સ્યાદ્વાદ સિદ્ધાંતને સર્વમાન્ય ધારી આ તત્ત્વજ્ઞાન સીરીઝનું પુષ્પ ૧લું આપના ચરણે સમર્પી કૃતકૃત્ય થાઉં છું; ૐ શાંતિ:

- લિ. ભવદીય
શંકલાલ ડાહ્યાભાઈ કાપડીઆ

# અભિપ્રાયદર્શન

પ્રથમ બે આવૃત્તિઓ જે બહાર પડેલી છે, તે અંગે કેટલાક વિદ્વાન મુનિરાજો અને વિદ્વાન સદ્‌ગૃહસ્થો તરફથી અભિપ્રાયો મળ્યા છે, જેની બૂકલેટ બહાર પાડવાની ઈચ્છાથી તે બધાને અત્રે સ્થાન ન આપતાં તેની રૂપરેખા તરીકે જ અત્રે જણાવવામાં આવેલ છે. અભિપ્રાયો દર્શાવવામાં જે મહાશયોએ અને પૂજયવર્યોએ મને સાથ આપ્યો છે તે સર્વેનો અંતઃકરણથી ઉપકાર માનું છું.

[1]

## રા. રા. શ્રીયુત શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ

આપનો "સ્યાદ્વાદમતસમીક્ષા" નામનો લેખ વાંચ્યો. આપે ટૂંકાણમાં એ વિષય પર ઠીક પ્રકાશ પાડ્યો છે, અને સાદી સરલભાષામાં લખાણ કરી આ વિષય જાણવાની ઈચ્છા ધરાવનારાં ભાઈબહેનોને કેટલેક અંશે પ્રેરક થાય તેમ લખ્યું છે, તે ખુશી થવા જેવું છે. આપનો પ્રયાસ અનુમોદનીય છે. આવા પ્રકારના લેખો લખવાથી લખનારને સઝાય ધ્યાન થાય છે, તેમજ વાચકને પણ થાય છે, અને વિશેષ પ્રેરણા મળે છે.

સાત પેટાવિષયો ચર્ચ્યા છે, તેમાં દરેકમાં છેવટની આધ્યાત્મ-ભાવના તરીકેનું લખાણ લખવામાં એક પ્રકારની નવીનતા દર્શાવી છે. વાચકોનું ધ્યાન અધ્યાત્મભાવ તરફ ખેંચવા કેટલેક અંશે તે સહાયભૂત થશે. એકંદરે આપે જે પ્રયાસ લઈ લેખ લખ્યો છે, તે માટે આપને ધન્યવાદ આપું છું.

મુંબઈ — સુરચંદ પુ. બદામીના

તા. ૨૪-૩-૧૯૫૦ જય જિનેન્દ્ર

[2]

શિવપુરી (ગ્વાલિયર)

તા. ૧૦-૯-૫૦ ધર્મ સં. ૨૮

## દેવગુરુભક્તિકારક, જૈનતત્ત્વજ્ઞ ભાઈ શંકરલાલ ડાહ્યાભાઈ

ધર્મલાભ. તમારો પત્ર મળ્યો છે, અને તમારું 'સ્યાદ્વાદ-મતસમીક્ષા' નામનું પુસ્તક પણ મળ્યું છે.

સ્યાદ્વાદ જેવા તાત્ત્વિક ગહન વિષયને તમે આ નાનકડા પુસ્તકમાં પણ ઘણી જ સુંદર રીતે ચર્ચ્યો છે, અને સાધારણ બુદ્ધિનો માણસ પણ સ્યાદ્વાદના તત્ત્વને સહજ રીતે સમજી શકે એવી સાદી અને સરળ ભાષામાં આલેખ્યું છે, એમાં આપના ઊંડા અભ્યાસની સાથે આપનો ભાષા પરનો કાબૂ-લેખનકળા પણ પ્રકટ થાય છે.

આવી સરળ ભાષામાં તાત્ત્વિક વિષયનાં પુસ્તકો તમારા હાથે અનેક બહાર પડે એ જ ઈચ્છું છું.

શ્રાવણ સુદી-૯ વિદ્યાવિજય

શ્રી સ્થળ પાલિતાણા, મોતી કડીઆની મેડી.

[3]

સુશ્રાવક શંકરલાલ ડાહ્યાભાઈ. યોગ ધર્મલાભ

તમોએ અભિપ્રાય માટે મોકલેલ 'સ્યાદ્વાદમતસમીક્ષા' નામનું બહુ મૂલ્યવંત પુસ્તક મળ્યું છે. કાર્ડ પણ મળેલ છે. ટાઈમના અભાવે સાદ્યંત વાચ્યું છતાં ખૂબ ધારીને વાંચ્યું નથી. છતાં વાચ્યું તે સમયને અનુસારીને ઘણું જરૂરી અને સિદ્ધાંતને અનુલક્ષીને રચના હોવા રૂપે જણાયું છે. ભાષાની સૌષ્ઠવતા જાળવવા સાથે સ્યાદ્વાદને સર્વભોગ્ય બનાવવાની પુસ્તકમાં પૂરતી કાળજી રાખવામાં આવી છે. શ્રી જિનેશ્વર ભગવંત નિદર્શિત સ્યાદ્વાદનો અપૂર્વ સિદ્ધાન્ત સહુ કોઈ આબાલવૃદ્ધ જિજ્ઞાસુ જનોને રસપ્રદ રીતે પ્રેરક બને એવી ઉત્તમ ઢબમાં તમે આવા નાજુકડા પુસ્તકરત્નમાં આદર્શ તરીકે રજૂ કર્યો તે જોઈ આનંદ થાય છે. આ રીતે સિદ્ધાંતને દૃષ્ટિ સન્મુખ રાખીને આવાં અને એથી ય વધુ સુંદર અનેક સાહિત્યો પ્રસિદ્ધ કરવામાં ભાસનદેવ તમને સહાયક બને એ જ શુભેચ્છા.

મુનિ હંસસાગર
૩૬૪ સૅન્ડહર્સ્ટ રોડ, મુંબઈ ૪

[4]

પ્રિય શંકરલાલભાઈ

'સ્યાદ્વાદમતસમીક્ષા' મોકલવા માટે આભાર. એ હું જોઈ ગયો. તમે ટૂંકામાં વિષયને સારો ન્યાય આપ્યો છે. જૈન અને ઇતર દર્શનોના મહત્ત્વના સિદ્ધાંતોને પ્રકટ કરતી આવી નાની પુસ્તિકાઓની જરૂર છે જ.

નવી આવૃત્તિ થવાનો સંભવ હોય તો એક બે સૂચના કરું? ભાષા જેમ વધુ સહેલી કરશો તેમ સામાન્ય વાચકોમાં અને જૈનતરોમાં એ વિશેષ વંચાશે. એટલે 'સરલ સ્યા. સ.' તરીકે આપ જરૂર બહાર પાડો એ ઇચ્છનીય છે. વળી પ્રસ્તાવ વગેરેમાં જિન પ્રભુ માટે જે આદર વચનો છે એ આપણે માટે સ્વાભાવિક છે. પણ જૈનતરોને એ જોતાં વિના કારણ સ્વમત-પ્રચારની ગંધ આવવા સંભવ છે. એટલે પૂંઠાંને અર્પણ પત્રિકામાં જણાવેલ તમારા હેતુને એ કંઇ બાધક થાય એવો સંભવ છે. નવી આવૃત્તિમાં એ અને પૂંઠા પરની ખચિત વિગતો (આપણા રૂઢ જૈન સાંપ્રદાયિક પ્રકારના ઢબની) ઉચિત જણાય તો ઓછી કરશો.

તમને ફાવે તો હવે સ્યાદ્વાદ ઉપર ૨૦૦-૩૦૦-૪૦૦ પૃષ્ઠનું એક પુસ્તક લખો - તજજ્ઞો માટે, છતાં બને તેટલી સાદી ભાષામાં.

તા. ૧૩-૧૧-૫૦

બિપિનચંદ્ર જીવણચંદ ઝવેરી
ગુ.પ્રો. એલફિન્સ્ટન કૉલેજ, મુંબઈ.

[5]

(પ્રથમ અને દ્વિતીય આવૃત્તિ પરથી)

"સ્યાદ્વાદમતસમીક્ષા" હું વાંચી ગયો છું ને એથી મને આનંદ થયો છે. સ્યાદ્વાદનો સિદ્ધાંત બધા પક્ષકારો અપનાવે તો દેશનું સંગઠન શક્ય નીવડે એ વિચાર લેખકે દર્શાવ્યા છે તે સાથે હું સંમત છું. કેટલાક સ્યાદ્વાદને સંશયવાદ કહે છે, પરંતુ વાસ્તવિક રીતે એ સમન્વયવાદ છે - એ આચાર્ય આનંદશંકર ધ્રુવનો અભિપ્રાય મને માન્ય છે. યોગ્ય સમીક્ષા કરનારને પ્રત્યેક પ્રશ્નો નિર્ણય દર્શાવતાં ઢાલની બન્ને બાજુઓ દેખાય છે તો વળી વધારે સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકનારને એની અનેક બાજુઓ દેખાય છે. આ પ્રકારનું સમ્યક્ દર્શન કરનારા એકાંતિક નિર્ણય ન આપે એ સાવ સ્વાભાવિક છે. એમને દહીં - દૂધિયા કહેનારાઓ ભીંત ભૂલે છે અને અવલોકન કરનારની ન્યાયદૃષ્ટિને અન્યાય કરી બેસે છે.

અનેક મતમતાંતરોના વમળમાંથી રહસ્ય શોધી સર્વધર્મ-સમભાવ અને પરમત-સહિષ્ણુતા કેળવવામાં સ્યાદ્વાદ અત્યંત મહત્ત્વની સેવા બજાવી શકે તેમ છે. આ પુસ્તકમાં છેડવામાં આવેલા એ સિદ્ધાંતની વધુ વિશદ અને સદૃષ્ટાંત સમીક્ષા લેખકને હાથે વિસ્તૃતપણે અનેક પ્રકાશનો દ્વારા થાય એવી અભિલાષા રહે છે.

**ધીરજલાલ પરીખ**

**મુ. પ્રૉ. રામનારાયણ રૂઈઆ કૉલેજ**

•

*"સ્યાદ્વાદનો સિદ્ધાંત એ પ્રતિપાદન કરે છે કે દરેક વસ્તુ જુદા જુદા ધર્મવાળી હોવાથી, ગમે તે દૃષ્ટિબિંદુથી નક્કી કરેલ વિધાન એકાંત સત્ય માની શકાય નહીં. આ રીતે દરેક પદાર્થમાં જુદી જુદી અપેક્ષાએ વિરૂદ્ધ નાના પ્રકારના ધર્મોનો સ્વીકાર કરવો તે જ સ્યાદ્વાદ છે. — વસ્તુને સંયોગાત્મક રીતે જાણવાની આ પદ્ધતિ છે."*

**—ચીમનલાલ જેચંદ શાહ (એમ.એ.)**

**'ઉત્તર હિંદુસ્તાનમાં જૈનધર્મ'**

# ચતુર્થ આવૃત્તિ પ્રસ્તાવના

॥ નવો નમઃ શ્રી ગુરુ સાગરાનંદ સૂરયે ॥

*દરેક દર્શનનનો પાયો તેના મૌલિક સિદ્ધાંતો ઉપર આધારિત હોય છે. જ્યારે જૈન દર્શનના મૌલિક સિદ્ધાંતો ઉપર વિચાર કરીએ ત્યારે તેના વીતરાગતા અને સ્યાદ્વાદના સિદ્ધાંત ઉપર નજર ઠરે છે.*

*સ્યાદ્વાદ-સિદ્ધાંત ઉપર કાંઈક વિચાર-વિમર્શ કરીએ તો સ્યાદ્વાદનો અર્થ સંક્ષેપમાં એટલો જ છે કે વસ્તુ જે રીતે હોય તે રીતે બોલવી અને માનવી. આજે જગતની કોઈ પણ વસ્તુ જાણવી-માનવી હોય તો તેનાં અનેક પાસાંઓ ઉપર નજર ફેરવીએ તો જ તે વસ્તુનું સત્ય હાથમાં આવે છે. એક વસ્તુને અનેક રીતિએ સમજીને-જોઈને જે નિર્ણય થાય તે જ સાચો નિર્ણય કરી શકાય અને એ નિર્ણયાનુસારે ચાલવાવાળા જ સત્યના અંતિમ ચરણ સુધી પહોંચી શકે છે. સ્યાદ્વાદનો અર્થ નહીં જાણનારા કે જેઓ તેને અસ્થિરવાદ કે ભ્રમવાદ તરીકે ઓળખાવે છે તેઓને એક જ પ્રશ્ન કરીએ કે જે વ્યક્તિ પુત્રરૂપે છે તે વ્યક્તિ શું કોઈના પિતા-માતુલ-ભાગિનેય તરીકે બને કે નહી? એટલે જ સ્યાદ્વાદ એ વસ્તુ સંપૂર્ણપણે જે રીતે છે તે રીતે સમજવાનો માર્ગ છે. આથી આજથી ૯૦૦ વર્ષ પૂર્વે થઈ ચૂકેલા કલિકાલ સર્વજ્ઞ પૂ.શ્રી હેમચંદ્રાચાર્યે સિદ્ધરાજ જયસિંહની સભામાં પંડિતોની સમક્ષ ઘોષણા કરી કે : न चाप्यनेकान्तमृते नयस्थितिः । એટલે કે અનેકાંતવાદ સિવાય પદાર્થની પ્રરૂપણા કરવાનો બીજો કોઈ ન્યાયમાર્ગ નથી, માટે જ જગતની સ્થિતિ અનેકાંત વગર રહી શકતી નથી અને આ જ વાત સામાન્ય લોકો પણ સમજી શકે તે માટે અનેક શાસ્ત્રો, લેખો પ્રગટ થતાં રહ્યાં છે. અત્યારે પણ સાત દાયકા પહેલાં માન્યવર શ્રી શંકરલાલ કાપડીઆ (શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ-પાલિતાણાના ગૃહપતિ) એ જે પુસ્તક બહાર પાડ્યું હતું તેની આજે આવશ્યકતા જણાતાં પુનઃબહાર પડી રહ્યું છે. આ પ્રયત્ન ધન્યવાદને પાત્ર બને છે. આવી રીતે જૈનોના મૌલિક સિદ્ધાંતોને સાદી ભાષામાં બહાર પાડીએ તો અનેક ભાવિકોની જિજ્ઞાસા તૃપ્ત થાય એ નિશ્ચિત છે.*

*સ્યાદ્વાદ એટલે સ્યાદ્-અમુક દષ્ટિએ, વાદ-કહેવું-બોલવું તે.. અર્થાત્ વસ્તુનો જે રીતે ઉપયોગ થતો દેખાય તે રીતે કહેવું અને આ કહેનાર સત્યના પંથે ચાલી રહેલો છે એમ સ્વીકારવું પડે. સત્યના માર્ગે ચાલનારો જ પ્રાન્તે મોક્ષ સુધી પહોંચી શકે છે અને આ જ પદની પ્રાપ્તિ માટે ભાવિકોના સદા પ્રયત્ન વૃદ્ધિંગત રહે એ જ ભાવના...*

પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્ય
શ્રી આનંદસાગર સૂરીશ્વરજી
ચરણરજ પરમ સૂર્યોદય સાગર
આ.વ.૮/૬૦ ગોડીજી-મુંબઈ

# ચતુર્થ આવૃત્તિ નિવેદન સંવત - ૨૦૬૦

પ્રસ્તુત પુસ્તક "સરળ સ્યાદ્વાદમત સમીક્ષા" પૂજ્ય દાદાએ આશરે સાત દાયકા પહેલાં લખેલું. જૈન તત્ત્વજ્ઞાનમાં રહેલી વાતો સરળ રીતે રજુ થાય, તેની સમજ વધુ લોકો સુધી પહોંચે તે ભાવનાથી તેમણે કેટલાંક પુસ્તકો પ્રકાશિત કર્યા હતા. સમય જતાં બધાં પુસ્તકો વહેંચાઈ જતાં અમને પણ ઉપલબ્ધ થતાં ન હતાં. સંજોગોવશાત્ ઘણાં પ્રયત્નો પછી આ પુસ્તક અમારા હાથમાં થોડા સમય પહેલાં આવ્યું. તે પછી તેમના બીજા પુસ્તકો મેળવવાનો અમારો પ્રયત્ન હજુ ચાલે છે.

આ દરમ્યાન પરિવારની ભાવના છે કે આ પુસ્તકનું પુનઃપ્રકાશન કરી આજની પેઢીના લોકો સમક્ષ પ્રસ્તુત કરવું. પૂજ્ય દાદાએ પુસ્તકની પ્રથમ આવૃત્તિ વખતે અર્પણ કરતાં લખ્યું છે તે પરિસ્થિતિ આજે પણ છે જ. સિદ્ધાંતોથી, મતભેદોથી થતાં કોલાહલો જ નહીં, કોલાહલોથી વધારે ગંભીર પરિસ્થિતિ પણ ઉભી થાય છે ત્યારે સમાજમાં એકબીજા સાથે રહેવા માટે, જ્ઞાતિ-ધર્મના વાડા છોડીને સંવાદમય પરિસ્થિતિના સર્જન માટે 'મતભેદો' નિવારવા સ્યાદ્વાદના સિદ્ધાંત વિષેના વિચારો રજુ કરવાના પૂજ્ય દાદાના પ્રયત્નને આગળ વધારવાની અમારી ભાવના સાથે પુસ્તકની ચતુર્થ આવૃત્તિ પ્રકાશિત કરીએ છીએ.

આ પુસ્તકની છેલ્લી આવૃત્તિ ઘણી જુની છે. દેખીતી રીતે આજના સમયમાં સંસ્કૃત લખાણ સાથેના આ પુસ્તકના લેખો ભૂલ વગર છપાય તે જોવું અમારા માટે અશક્ય હતું, પરંતુ મુંબઈ સ્થિત મુરબ્બી શ્રી જયંતભાઈ દેસાઈની આ માટે જે મદદ મળી તે અમારા માટે કુદરતી ભેટ બની રહી. ખૂબ જ ટૂંકા સમયમાં આખા પુસ્તકને ઝીણવટથી તપાસી, તેમાં સુધારા કરી તેમણે જે મદદ કરી તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. તે ઉપરાંત લિપિઝ મીડિયાના મિત્રોએ ચીવટથી મહેનત કરી પ્રકાશન કાર્યમાં એક બીનધંધાદારી દૃષ્ટિકોણ દર્શાવી પુસ્તક તૈયાર કરી આપ્યું તે બદલ તેમનો પણ આભાર માનીએ છીએ.

તા. ૧/૬/૨૦૦૫

- પરિવારજનો

## નિવેદન


આ પુસ્તકની બે આવૃત્તિ બહાર પાડ્યા પછી આ ત્રીજી આવૃત્તિ પ્રસંગે યોગ્ય સુધારાવધારા કર્યા છે. નય રેખા, સપ્તભંગી અને નિક્ષેપાના વિષયો ઉમેર્યા છે.

પહેલી આવૃત્તિમાં કહ્યું હતું તેમ આ વિષય ઉપર મને લખવા પ્રેર્યો હોય તો તે રાવબહાદુર શેઠ શ્રી જીવતાલભાઈ પ્રતાપશીની અનેકાંત નિબંધની યોજનાએ. આ યોજના માટે તેઓ શ્રીનો આભાર માનું છું.

શ્રી સુરચંદભાઈ પુ. બાદામીએ તથા શ્રી ફતેહચંદભાઈ કે જેઓ ધર્મશાસ્ત્રમાં નિષ્ણાત છે, તેમણે પહેલી આવૃત્તિઓ સુધારી આપી હતી. આ આવૃત્તિ પણ શ્રી ફત્તેહચંદભાઈએ સુધારી આપી છે. આ માટે તેઓશ્રીનો હાર્દિક આભાર માનું છું. શ્રી ફત્તેહચંદભાઈએ તો મને ઘણી વાર પ્રોત્સાહન આપ્યું છે - યોગ્ય માર્ગદર્શન આપ્યું છે. મારું લખાણ વાંચી જઈ મારી ભૂલો સુધારી આપી છે. શ્રી કીર્તિલાલ કાલિદાસભાઈ દોશી, બી.એ. પાલનપુરનિવાસીએ પણ અમૂલી સૂચના આપી છે. પ્રોત્સાહન અને ઉત્તેજન આપ્યું છે, તેમનો આભાર માન્યા વિના કેમ રહી શકું? એટલે તેમનો પણ આભાર માનું છું.

– શંકરલાલ ડા. કાપડીઆ

તા. ૧૭-૭-૫૧
૧૬૫, બઝારગેટ સ્ટ્રીટ,
ફોર્ટ, મુંબઈ



**શ્રીયુત શંકરલાલ ડાહ્યાભાઈનું**

## જીવન વૃત્તાંત

આધુનિક જૈન સમાજના શિક્ષણપ્રેમીઓની હરોળમાં બેસી શકે એવા સ્વ. શ્રીયુત શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆનો જન્મ કપડવંજમાં ઈ.સ. ૧૮૭૮માં થયો હતો. બાળપણથી જ જૈન ધર્મના સંસ્કારો તેમના જીવનમાં વણાઈ ગયા હતા. માધ્યમિક અભ્યાસ મેટ્રિક સુધીનો કરી જૈન ધર્મનો ઊંડો અભ્યાસ શ્રી જૈન શ્રેયસ્કર મંડળ મહેસાણામાં કર્યો હતો.

શિક્ષણ પ્રત્યેનો અથાગ પ્રેમ અને સાહિત્યસેવાની પ્રબળ ભાવનાથી તેઓશ્રીએ જીવનનાં અમૂલ્ય વર્ષો જૈન શિક્ષણ સંસ્થાઓનો વિકાસ કરવામાં વીતાવ્યાં છે. અમદાવાદની શ્રી લલ્લુભાઈ રાયજી જૈન શ્વે. મૂ. બોર્ડિંગના સંચાલક તરીકે કામ કરી તેની પ્રગતિમાં અમૂલ્ય ફાળો પૂરાવ્યો છે. પાલીતાણા શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ જેવી સંસ્થાને સામાન્ય ધાર્મિક પાઠશાળામાંથી અથાગ પરિશ્રમ વેઠી એક આદર્શ સાધનસંપન્ન છાત્રાલય બનાવી એકધારો વીસ વીસ વર્ષ સુધી પોતાના વિશાળ જ્ઞાન તથા અનુભવનો લાભ આપ્યો છે તેમના જેવા કાર્યદક્ષ, સેવાભાવી અને સ્વાવલંબી પુરૂષે સંસ્થાઓ માટે એક ઉત્તેજક અને અનુકરણીય દાખલો બેસાડ્યો છે. શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ પાલીતાણા આજે પણ તેમની સેવા અને કર્તવ્યનિષ્ઠાના પ્રતીક તરીકે જૈન સંસ્થાઓમાં પ્રથમ કક્ષાની સંસ્થા તરીકે ઉચ્ચ સ્થાન ધરાવે છે.

તેઓ શ્રી સાહિત્યસેવકને પ્રખર વક્તા હતા એટલું જ નહીં પણ જૈન

સાહિત્યના ઘણા ઊંડા અભ્યાસી હતા. તેઓ અવારનવાર જૈન સામયિકોમાં જૈન તત્ત્વાર્થ ઉપર લેખો લખતા. જૈન સાહિત્યના પ્રચાર અર્થે નાનાં નાનાં પુસ્તકો જેવાં કે 'સરલ સામયિક સ્વરૂપ', 'સામાયિક સદ્‌બોધ', 'નયમાર્ગોપદેશિકા', 'સ્યાદ્વાદમતસમીક્ષા', 'તત્ત્વાર્થ પ્રશ્નોત્તરદિપીકા' આદિ પુસ્તકો સાદી, સરળ અને સચોટ ભાષામાં લખ્યાં છે. સ્યાદ્‌વાદના સિદ્ધાંતને વધુ વ્યાપક બનાવવા અને વિશાળ જનસમુદાયને તેનો સારો લાભ મળે તે માટે તેઓશ્રીએ પોતાની જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં અથાગ મહેનત લઈ 'સ્યાદ્વાદ સમીક્ષા' નામનું પુસ્તક બહાર પાડેલ છે. ગુજરાતીમાં લખાયેલ આ પુસ્તકનું હિન્દી ભાષામાં ભાષાંતર કરવાની પૂ. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબ તરફથી પ્રેરણા અને માર્ગદર્શન મળતાં તેમજ પૂ. વિદ્યાવિજયજી મહારાજ સાહેબ તરફથી સંપૂર્ણ સહકાર મળતાં તે પુસ્તક હિંદીમાં બહાર પાડવાની પ્રવૃત્તિઓ કરે છે. સહિષ્ણુતા, સેવા અને અચળ શ્રદ્ધા એ તેમના આધ્યાત્મિક અને સાહિત્યજીવનના પ્રેરક તત્ત્વો હતાં. તેમણે તેમના જીવનની પાછલી અવસ્થામાં પણ ધાર્મિક અને સાહિત્યિક પ્રવૃત્તિઓ ચાલુ રહી હતી. આવા વિદ્વાન, શિક્ષણ અને સાહિત્યપ્રેમીના જીવનની વિવિધતા, વિચારની વિપુલતા, હૃદયની કોમળતા, કુટુમ્બ તરફની વત્સલતા, મિત્રો તરફની સ્નેહાળ વૃત્તિ, પૂ. આચાર્યો તથા મુનિમહારાજો પ્રત્યેનો ભક્તિભાવ તથા પૂજ્યભાવ વગેરે સદ્‌ગુણોનો અનુભવ તેમની નિકટમાં આવનાર વ્યક્તિઓને સારી રીતે થયો છે. એટલું જ નહીં પણ તેઓશ્રી અનેકને અનેક રીતે માર્ગદર્શક બન્યા છે. તેમણે પોતાનું જીવન શિક્ષણ-ક્ષેત્ર અને સાહિત્ય સેવા પાછળ વ્યતીત કરી જૈન સમાજના ઉત્કર્ષ માટે જે અમૂલ્ય ફાળો આપ્યો છે તે ખરેખર પ્રશંસનીય છે.

તેઓશ્રી ટૂંકી માંદગી ભોગવી તા. ૨૭-૪-૫૪ને મંગળવારે અવસાન પામ્યા છે. તેમની પાછળ તેઓશ્રી વિશાળ કુટુંબ તથા બહોળું મિત્રમંડળ મૂકી ગયા છે. શાસનદેવ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે.

# વિષય દર્શન


| નં. | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | સ્યાદ્વાદ એ શું છે? સ્યાદ્વાદી કોણ હોઈ શકે? | ૧૩ |
| ૨. | સ્યાદ્વાદ સામાનું દષ્ટિબિંદુ (Point of View) જોતાં શીખવે છે, જે સંગઠનબળ પ્રેરક છે. | ૧૬ |
| ૩. | (૧) સ્યાદ્વાદ વ્યક્તિ-વિશિષ્ટતા વર્ણવે છે. | ૨૧ |
| ૪. | (૨) વસ્તુ એક હોવા છતાં અનેકરૂપ છે. | ૨૩ |
| ૫. | સ્યાદ્વાદ વાણી સર્વદૃષ્ટિનું સમાસસ્થાન છે. | ૨૬ |
| ૬. | સ્યાદ્વાદમાં સર્વદર્શનનું સમાધાન છે. | ૨૯ |
| ૭. | સ્યાદ્વાદ કાર્યસાધક છે. | ૩૭ |
| ૮. | સ્યાદ્વાદનો સમસ્ત વિશ્વની સાથે મેળ છે. | ૩૯ |
| ૯. | સ્યાદ્વાદની મૌલિકતા અને સિદ્ધિ | ૪૩ |
| ૧૦. | સ્યાદ્વાદની સિદ્ધિ | ૪૫ |
| ૧૧. | નયરેખાદર્શન | ૪૬ |
| ૧૨. | સપ્તભંગી | ૫૬ |
| ૧૩. | નિક્ષેપો | ૫૯ |
| ૧૪. | સ્યાદ્વાદ પ્રતિ અણસમજનો ઉકેલ | ૬૧ |

૧

# સ્યાદ્વાદ એ શું છે? અને સ્યાદ્વાદી કોણ હોઈ શકે?

જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતોમાં સ્યાદ્વાદનું સ્થાન મહત્ત્વનું છે. સ્યાદ્વાદ શું? સ્યાત્ અને વાદમાંથી 'સ્યાદ્વાદ' શબ્દ બનેલો છે. સાપેક્ષ પણે કથન કરવું, જુદાં જુદાં દૃષ્ટિબિંદુથી અવલોકન કરવું તે સ્વાદ્વાદ.

દરેક વસ્તુને એકથી વધારે બાજુ હોય છે અને જે તે બાજુ તે તે દૃષ્ટિએ ખરી હોય તેવો વાદ તે સ્યાદ્વાદ.

દરેક વસ્તુ અનંત ધર્માત્મક છે એટલે ગમે તે એક દૃષ્ટિથી નક્કી કરેલ વિધાન એકાંત (Absolute) સત્ય કેમ માની શકાય? એટલે દરેક પદાર્થમાં જુદી જુદી અપેક્ષાએ, જુદા જુદા ધર્મનો સ્વીકાર કરવો. **એક જ વસ્તુમાં વિરુદ્ધ દેખાતા ધર્મોને સાપેક્ષપણે સ્વીકૃત કરવા તે સ્યાદ્વાદ.** એક જ વ્યક્તિ પિતાની અપેક્ષાએ પુત્ર અને પુત્રની દૃષ્ટિએ પિતા મનાય છે. કાકાની અપેક્ષાએ ભત્રીજો અને ભત્રીજાની દૃષ્ટિએ કાકો મનાય છે. આ સંપૂર્ણ સત્ય છે. વિરોધી દેખાય છે છતાં જુદી જુદી અપેક્ષાએ સત્ય છે. આ વિરોધી દેખાતી બાબતોને સાપેક્ષપણે સ્વીકારવી એ સ્યાદ્વાદ આપણને શીખવે છે.

સ્યાદ્વાદ દૃષ્ટિ કહો કે અનેકાંત દૃષ્ટિ કહો તે સરખું છે. તે મતમતાંતરોના વિરોધોનો પ્રેમભાવે નાશ કરે છે, અને તે કુસંપ કદાગ્રહ હઠાવી, તેની જગ્યાએ સુસંપ અને સંગઠનબળ સ્થાપે છે. તેની વ્યાખ્યાની ગળથૂથીમાં જ સંગઠનબળ રહેલું છે. "[1] **વિરોધી દેખાતા વિચારોના વાસ્તવિક અવિરોધનું મૂળ તપાસનાર, અને તેમ કરી વિચારોનો સમન્વય કરનાર શાસ્ત્ર"** તે સ્યાદ્વાદ છે. વીતરાગાજ્ઞા પ્રમાણે, સર્વે વચનો અપેક્ષા (હેતુ)વાળાં છે. જગતમાં છ દ્રવ્યો રહેલાં છે. બધાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય યુક્ત છે. એટલે તે પોતાના મૂળ સ્વભાવથી નિત્ય (ધ્રુવ) છે અને પર્યાયે એટલે વિવિધ અવસ્થાઓની અપેક્ષા એ તે અનિત્ય છે, એટલે કે ઊપજે છે અને વિનાશ પામે છે. જેમ કે સોનાની કંઠી ભાંગીને કડું કરાવ્યું; તેમાં કંઠી નાશ પામી, કડું ઉત્પન્ન થયું અને તે બન્ને અવસ્થાઓમાં સોનું કાયમ છે. તે ઉત્પન્ન કે વિનષ્ટ થતું નથી. આત્મા મનુષ્ય-ભવની અપેક્ષા એ ઊપજે છે, દેવ આદિ ભવોની અવસ્થાની અપેક્ષાએ નાશ પામે છે અને મૂળ આત્મ-દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે.

આ પ્રમાણે એક વસ્તુમાં પરસ્પર વિરુદ્ધ ગણાતા નિત્ય, અનિત્ય ધર્મો સાપેક્ષપણે સત્ય છે. એ રીતે બીજાં દ્રવ્યો પણ સાપેક્ષપણે ઉત્પાદન, વિનાશ અને ધ્રુવ સ્વભાવવાળાં જાણવાં.

---

૧ આ વ્યાખ્યા પંડિતવર્ય સુખલાલજીએ તત્ત્વાર્થ સૂત્રના પહેલા અધ્યાયના ૬૪મે પાને આલેખી છે.

કોઈ પણ દ્રવ્ય એકાન્ત દૃષ્ટિથી નિરપેક્ષ ઉત્પન્ન થતું નથી, નાશ પામતું નથી, તેમ જ ધ્રુવ પણ નથી. આ રીતે કોઈ પણ વસ્તુનું અસ્તિત્વ પોતાના દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી છે, પણ પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ અને પરભાવની અપેક્ષાએ નથી. આ રીતે નિત્યત્વ અને અનિત્યત્વ, સત્ અને અસત્ આદિ અનેક ધર્મોનો એક વસ્તુમાં સાપેક્ષપણે સ્વીકાર કરવો તેને સ્યાદ્વાદ કહે છે.

વસ્તુનો સદસદ્‌વાદ પણ સ્યાદ્વાદ છે. વસ્તુ સત્ કહેવાય છે તે શાથી? તે પણ વિચારણીય છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ પોતાના ગુણોથી, પોતાના ધર્મોથી, દરેક વસ્તુ સત્ હોઈ શકે છે. બીજાના ગુણોથી, બીજાના ધર્મોથી કોઈ વસ્તુ સત્ હોઈ શકતી નથી, તેથી તે અસત્ છે. ધનવાન પોતાના ધનથી હોઈ શકે છે, બીજાના ધનથી નહીં. બાપ હોય છે તે પોતાના પુત્રથી, બીજાના પુત્રથી નહીં. ઉપર કહ્યા પ્રમાણે સત્ અને અસત્ પણ સમજી શકાય છે. લેખન કે વક્તૃત્વશક્તિ નહીં ધરાવનાર એમ કહે છે કે, હું લેખક નથી અથવા હું વક્તા નથી. આ શબ્દપ્રયોગમાં હું પણ કહેવાય છે અને તે યોગ્ય છે, કારણ કે હું પોતે સત્ અને મારામાં લેખન કે વક્તૃત્વશક્તિ નહીં હોવાથી તે શક્તિરૂપ હું નથી. આવા પ્રકારનાં ઉદાહરણોથી સમજી શકાય છે કે સત્ પણ પોતાનામાં જે સત્ નથી તેની અપેક્ષાએ અસત્ ગણાય. આ પ્રમાણે અપેક્ષાદૃષ્ટિથી એક વસ્તુમાં સત્ અને અસત્ ઘટી શકે છે અને તે જ સ્યાદ્વાદ છે.

આ સિદ્ધાંતના પ્રરૂપક શ્રમણ પ્રભુ શ્રી મહાવીર સ્વામી પોતે છે. 'ઉત્તર હિંદુસ્તાનમાં જૈન ધર્મ' લેખક ચિમનલાલ જેચંદ શાહ (એમ.એ.)ના પુસ્તકમાં પાના ૫૩મે નીચેનો ઉલ્લેખ છે :-

"સંજય બેલઠ્ઠીપુત્ત કહે છે કે '**છે તે હું કહી શકતો નથી અને તે નથી એમ પણ હું કહી શકતો નથી**' ત્યારે મહાવીર એમ કહે છે કે "**હું કહી શકું છું કે એક દૃષ્ટિએ વસ્તુ છે અને વિશેષમાં એ પણ કહી શકું છું કે અમુક દૃષ્ટિએ તે નથી.**"

ટૂંકમાં સ્યાદ્વાદ જૈન તત્ત્વજ્ઞાનનું અદ્વિતીય લક્ષણ છે. જૈન બુદ્ધિમત્તાનું આથી અધિક સુંદર, શુદ્ધ અને વિસ્તીર્ણ દૃષ્ટાંત બીજું કયું આપી શકાય?

આ સિદ્ધાંતની શોધનું માન શ્રી મહાવીરને ઘટે છે.

દાસગુપ્તાના અભિપ્રાય પ્રમાણે "આ વિષય પરત્વે જૈન શાસ્ત્રોમાં સૌથી પહેલો ઉલ્લેખ શ્રી ભદ્રબાહુની સૂત્રકૃતાંગ નિર્યુક્તિ (ઇ.સ. પૂર્વે ૪૩૩-૩૫)ની ટીકામાં ઘણું કરીને મળી આવે છે. આ નિવેદન માટે તે વિદ્વાને સ્વ. ડૉ. સતીશચંદ્ર વિદ્યાભૂષણનું પ્રમાણ સ્વીકાર્યું છે."

જૈન દૃષ્ટિએ કોઈ વસ્તુ એકાન્ત નથી, કારણ કે વસ્તુમાત્ર અનેક ધર્માત્મક છે, અને અમુક અપેક્ષાએ તેમાં અમુક ધર્મો રહેલા છે. દાખલા તરીકે માટીની અપેક્ષાએ ઘડો નિત્ય છે. પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે, રંગની અપેક્ષાએ ભગવો છે. આ પ્રમાણે દરેક વસ્તુના ગુણધર્મ તે તે વસ્તુમાં અપેક્ષીને રહેલા છે.

## સ્યાદ્વાદી[1] કોણ હોઈ શકે?

જે સાચો સ્યાદ્વાદી હોય છે તે અવશ્ય સહિષ્ણુ હોય છે. તે પોતે પોતાના આંતરિક આત્મવિકારો પર વિજય પ્રાપ્ત કરે છે. એટલું જ નહીં, પરંતુ બીજાના સિદ્ધાંત પર પણ સન્માનની દૃષ્ટિથી જુએ છે અને મધ્યસ્થ ભાવે સંપૂર્ણ વિરોધોનો સમન્વય કરે છે. શ્રી સિદ્ધસેન દિવાકરે વેદ, સાંખ્ય, ન્યાય, વૈશેષિક અને બૌદ્ધ આદિ દર્શનો પર દ્વાત્રિંશિકાની રચના કરે છે અને ચૌદસેં ચુમ્માલીશ ગ્રંથના રચયિતા મહાપ્રખર જ્ઞાની શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે ષડ્દર્શનસમુચ્ચયમાં દર્શનોની નિષ્પક્ષ સમાલોચના કરી, પોતાની કેવી ઉદાર વૃત્તિ છે તેનો પરિચય કરાવ્યો છે એટલું જ નહીં પરંતુ શ્રી મલ્લવાદી, શ્રી હરિભદ્રસૂરિ, પં. આશાધર, રાજશેખર તેમજ મહામહોપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી આદિ અનેક જૈનગીતાર્થોએ વૈદિક તેમજ બૌદ્ધ ગ્રંથો પર ટીકાઓ, ટિપ્પણીઓ વગેરે લખી પોતાની ગુણગ્રાહિતાનો, સમન્વયવૃત્તિનો અને હૃદયની વિશાળતાનો સ્પષ્ટપણે પરિચય કરાવેલ છે. આથી સ્પષ્ટપણે સમજાશે કે સ્યાદ્વાદમાં હૃદયની વિશાળતા છે, ગુણગ્રાહિતા છે અને મૈત્રીની અભિલાષા છે.

દર્શનોની સમાલોચના કરતાં માલૂમ પડશે કે, અમુક દર્શન અમુક નયને સ્પર્શે છે જેથી સંપૂર્ણ દર્શનો નયવાદમાં ગર્ભિતપણે રહેલાં છે. સ્યાદ્વાદી હંમેશાં સત્યાવલંબી હોય છે; તે એકાંતમાર્ગીની પેઠે સાંકડી મનોવૃત્તિવાળો કે ઉછાંછળા મનવાળો નથી. તે સૌની સાથે પ્રેમભાવે સમન્વય સાધે છે. સ્યાદ્વાદીનું બોલવું હંમેશાં અપેક્ષિત (હેતુવાળું) હોય છે. હેતુ તો જગતમાં ઘણા રહેલા છે પરંતુ તેનું વાસ્તવિક બોલવું, આત્મ-અપેક્ષિત હોય છે. નિરપેક્ષ વચનોમાં તો કેવળ સંસારબંધનો સિવાય કાંઈ નથી. જૈનોના પરમ યોગી ગીતાર્થ શ્રીમદ્ આનંદઘનજી મહારાજે "ધાર તરવારની સોહલી દોહલી, ચૌદમાં જિનતણી ચરણસેવા" એ સ્તવનમાં તે માટે નીચેની કડી કહી છે:

***વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો;***
***વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ, સાંભળી આદરી કાંઈ રાચો. ધાર૦***

આ ઉપરથી સ્પષ્ટપણે સમજાશે કે સાપેક્ષ વચન બોલવું તે જ હિતાવહ છે. આપણે સાધારણ બોલીમાં પણ કહીએ છીએ કે Ask your conscience and then do it -'તારા આત્માને પૂછ અને પછી તે કર' પણ આ જ સ્યાદ્વાદ શીખવે છે.

●●●

सत्य और उच्च भाव और विचार किसी एक जाति या मजहबवालों की वस्तु नहीं है। इन पर मनुष्य मात्र का अधिकार है। मनुष्य मात्र को अनेकान्तवादी, स्याद्वादी और अहिंसावादी होने की आवश्यक्ता है। केवल दार्शनिक क्षेत्र में ही नहीं, धार्मिक और सामाजिक क्षेत्र में भी। — मिक्खनलाल आत्रेय, (एम.ए.डी.लिट्) दर्शनाध्यापक काशी हिन्दू विश्वविद्यालय (સ્યાદ્વાદ મંજરીમાં આપેલા प्राक्कथन માંથી)

૧ સ્યાદ્વાદ મંજરીના પાન ૩૩ ઉપરથી ઉદ્ધરિત

૨

# '[1]સ્યાદ્વાદ સામાનું દૃષ્ટિબિંદુ જોતાં શીખવે છે જે સંગઠનબળપ્રેરક છે.

સ્યાદ્વાદનો અર્થ આપણે પ્રથમ કહી ગયા છીએ કે "સ્યાદ્વાદ એટલે અપેક્ષાપૂર્વક કથન કરવું." તે સામાનું દૃષ્ટિબિંદુ જોતાં શીખવે છે.

કોઈ પણ વસ્તુના સ્પષ્ટિકરણમાં, સામો શું કહે છે? શાથી કહે છે? કઈ દૃષ્ટિથી કહે છે? વગેરે "ઢાલની બે બાજુની માફક" જ્યારે તેનો બધી દૃષ્ટિથી આપણે વિચાર કરીશું ત્યારે જ તેનો સત્ય નિચોડ લાવી શકીશું. સામો કઈ દૃષ્ટિથી કહે છે તેનું પૂરેપૂરું સત્ય સમજ્યા સિવાય આપણે કદી પણ સમન્વય કરવા શક્તિશાળી થઈશું જ નહીં. ખુદ કેશવત્સલ ગાંધીજીએ સ્યાદ્વાદનો અભિપ્રાય આપતાં જણાવ્યું છે કે 'જ્યારે હું જૈનોનો સ્યાદ્વાદ સિદ્ધાંત શીખ્યો ત્યારે જ મુસલમાનોને મુસલમાનની દૃષ્ટિથી અને પારસીઓને તેમની દૃષ્ટિથી જોતાં શીખ્યો.' આથી સત્યપ્રિય વ્યક્તિએ, આપણે કોઈ વસ્તુ બોલતા હોઈએ અને સામો તે જ વસ્તુ અમુક અપેક્ષાએ વિરુદ્ધ બોલે તો, તેમાં એકાંતમાર્ગીની પેઠે ગુસ્સે ન થતાં, શાન્ત ચિત્તે તેનું દૃષ્ટિબિંદુ તપાસવા જ યત્ન કરવો, જેથી સત્ય વસ્તુ આપોઆપ જણાઈ આવશે, એટલું જ નહીં પરંતુ સામાની સાથે સમન્વય સધાશે. સ્યાદ્વાદી કદી પણ પોતાની ધીરજ ખોઈ બેસતો નથી, પરંતુ બુદ્ધિગમ્ય રીતે સામાનું દૃષ્ટિબિંદુ વિચારે છે અને ત્યાર બાદ જ તે વસ્તુનો તોડ કાઢે છે.

સ્યાદ્વાદી અને ન્યાયાધીશ બંને સરખા ગણી શકાય છે. ન્યાયાધીશ જેમ વાદીપ્રતિવાદી જુબાની સાંભળી તેમનાં દૃષ્ટિબિંદુ સમજી કેસનો ફેંસલો આપે છે, તેવી જ રીતે સ્યાદ્વાદી પણ વિરોધીઓનાં દૃષ્ટિબિંદુ અવલોકી તેમાંથી સાર ખેંચી વસ્તુ સ્થિતિનો નિર્ણય કરે છે અને સાથે સમન્વય કરાવે છે, જેથી ન્યાયાધીશ કરતાં પણ તે એક ડગલું આગળ વધે છે.

આ માટે, છ આંધળા અને હાથીનું દૃષ્ટાંત અનુપમ છે, જે આ નીચે આપવામાં આવેલ છે.

---

૧. એક પાશ્ચાત્ય વિદ્વાન કહે છે : Key to know man is his thoughts. માણસના વિચાર જાણી લેવા એ તે માણસને જાણવાની કૂંચી છે.

परमागमस्य जीवं, निषिद्धजात्यंधसिंधुरविधानं ।
सकलनयविलसितानां विरोधमथनं नमाम्यनेकांतम् ।।

**ભાવાર્થ :-** જન્માંધ પુરુષોના હસ્તિવિધાનને દૂર કરવાવાળા, સમસ્ત નયોથી પ્રકાશિત, વિરોધોનો મંથન કરવાવાળા ઉત્કૃષ્ટ જૈન સિદ્ધાંતના જીવનભૂત એક પક્ષરહિત સ્યાદ્વાદને હું નમસ્કાર કરું છું.

**—પુરુષાર્થસિધ્ધ્યુપાય,**
**શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિ**

એક વખત કોઈ છ આંધળા હાથી પાસે ગયા. તેમાં જેના હાથમાં હાથીનો પગ આવ્યો તેણે કહ્યું કે : 'હાથી થાંભલા જેવો છે.' જેના હાથમાં કાન આવ્યો તેણે કહ્યું કે : 'હાથી સૂપડા જેવો છે.' જેના હાથમાં સૂંઢ આવી તેણે કહ્યું કે : 'હાથી સાંબેલા જેવો છે.' જેના હાથમાં પેટ આવ્યું તેણે કહ્યું કે : 'હાથી પખાલ જેવો છે.' જેના હાથમાં તેના દંતશૂળ (દાંત) આવ્યા તેણે કહ્યું કે : 'હાથી દોરડા જેવો છે.' આથી એક બીજા અંદરઅંદર ઝઘડવા લાગ્યા. એક કહે : 'હાથી થાંભલા જેવો છે', ત્યારે બીજો કહે : 'સાંબેલા જેવો,' ત્યારે ત્રીજો કહે: 'દોરડા જેવો.' આમ પરસ્પર એકબીજાની સાથે તકરાર કરતા હતા તે વખતે તેમની પાસે થઈને એક દેખતો માણસ જતો હતો. તેણે બધાને પરસ્પર તકરાર કરતા જોઈ કહ્યું: 'તમે કોઈ તકરાર કરતા નહીં. તમે બધા તમારી દૃષ્ટિએ સાચા છો, કારણ કે તમે દરેકે હાથીના જે જે ભાગ ઉપર સ્પર્શ કર્યો, તે તે ભાગ, તમે કહો છો તેવો જ છે, પરંતુ એવા તો હાથીના ઘણા અંશો છે. જ્યાં સુધી તેના બધા અંશોને સ્પર્શાય નહીં ત્યાં સુધી હાથીની ખરી માહિતી મળી શકે નહીં.' આથી તેમના દરેકના મનનું સમાધાન થયું, અને પછી તેમની તકરારનો અંત આવ્યો. આથી સાર એ લેવાનો છે કે બોલનાર હંમેશાં કઈ દૃષ્ટિથી બોલે છે, તેનું દૃષ્ટિબિંદુ અવલોકવું જોઈએ. આથી બુદ્ધિનો પણ વિકાસ થશે. કોઈ પણ વસ્તુને તત્વતઃ પિછાનવા માટે, તેના સંભવિત બધા અંશો તપાસવા જોઈએ. સ્યાદ્વાદદૃષ્ટિ કહો કે અનેકાંતદૃષ્ટિ કહો, તે વસ્તુના તમામ ધર્મો તપાસે છે અને જુદી જુદી અપેક્ષાએ તમામ વસ્તુને નિહાળે છે અને ત્યાર બાદ જ તેનો ખ્યાલ બાંધે છે અને વસ્તુસ્થિતિની ચોખવટ કરે છે.

સ્યાદ્વાદી હંમેશાં સામાની અપેક્ષાવૃત્તિ પારખી શકે છે અને અબાધિત રીતે તેનો સમન્વય કરવા યત્ન કરે છે. તે વિવિધ દૃષ્ટિબિંદુઓ દ્વારા શક્ય સમન્વયો કરી, વિરુદ્ધ દેખાતા મતોને, સમુચિત રીતે સંગતિ કરાવે છે. એ જ સ્યાદ્વાદનું પરમ રહસ્ય છે. તે બાબત આ નીચેના કાર્યકારણ ભાવના લખાણથી સ્પષ્ટ રીતે અવલોકી શકાશે.

*કાર્યકારણ માટે ભિન્નભિન્ન દૃષ્ટિઓ પ્રવર્તે છે. બૌદ્ધ અને વૈશેષિક દર્શન

* આ હકીકતનો સાર સન્મતિ પ્રકરણ (પંડિત સુખલાલજીવાળું)ના તૃતીયકાંડ ગાથા ૫૦-૫૨ પાન ૮૭માંથી લીધેલ છે.

ભેદવાદી છે, તેથી તેઓ કાર્યકારણ ભિન્નભિન્ન છે એમ માને છે અને આથી તેઓ 'અસત્' એટલે ઉત્પત્તિ પહેલાં, કારણમાં નહીં એવા કાર્યની ઉત્પત્તિ સ્વીકારે છે. ત્યારે સાંખ્યો અભેદવાદી છે, તેથી તેઓ કારણ અને કાર્યને અભિન્ન માને છે અને તેથી તેઓ 'સત્' એટલે ઉત્પત્તિ પહેલાં પણ કારણમાં વિદ્યમાન, એવા કાર્યની ઉત્પત્તિ વર્ણવે છે. બૌદ્ધો પણ 'અસત્'માંથી જ કાર્યની ઉત્પત્તિ માને છે, આથી બૌદ્ધ અને વૈશેષિકો પોતાના મતનું સ્થાપન કરવા, સાંખ્યોનો દોષ કાઢી તેમને કહે છે કે, જો કારણમાં ઉત્પત્તિ પહેલાં પણ કાર્ય 'સત્' વિદ્યમાન હોય તો ઉત્પત્તિ માટે પ્રયત્ન નકામો છે, તેમજ ઉત્પત્તિ પહેલાં પણ 'સત્' હોવાથી કારણમાં કાર્ય દેખાવું જોઈએ અને કાર્ય સાપેક્ષ બધી ક્રિયાઓ અને બધા વ્યવહારો કાર્યની ઉત્પત્તિ પહેલાં પણ થવા જોઈએ! આવી રીતે સાંખ્યો પણ પોતાના પક્ષનું સ્થાપન કરવા વૈશેષિકો અને બૌદ્ધો ઉપર દોષ મૂકી કહે છે: 'જો અસત્ કાર્યની ઉત્પત્તિ થતી હોય તો, માણસને શીંગડા કેમ ન આવે?' આ બંને દૃષ્ટિઓ એકબીજાને દોષ આપે છે તે બધા જ સાચા છે, કારણ કે દૃષ્ટિઓ એકાંગી હોઈ બીજી બાજુ જોતી નથી, તે ઊણપને લીધે, સ્વાભાવિક રીતે તેમાં દોષો આવી જાય છે, પરંતુ આ દૃષ્ટિઓ સમન્વયપૂર્વક ગોઠવવામાં આવે તો, એકબીજાની ઊણપ ટળી જાય છે, અને તે પૂર્ણ બને છે.

હવે સ્યાદ્વાદ દૃષ્ટિ, તેના સમાધાનમાં કહે છે કે 'જેમ કાર્ય અને કારણ ભિન્ન છે, તેમ અભિન્ન પણ છે. ભિન્ન હોવાથી ઉત્પત્તિ પહેલાં કાર્ય અસત્ છે, અભિન્ન હોવાથી સત્ પણ છે. સત્ છે તે શક્તિની અપેક્ષાએ એટલે ઉત્પત્તિ માટે પ્રયત્નની અપેક્ષા રહે છે, અને તેથી જ ઉત્પત્તિ પહેલાં અવ્યક્ત દશામાં વ્યક્તકાર્યસાપેક્ષ વ્યવહારો નથી સંભવતા. એ જ રીતે અસત્ છે, તે ઉત્પત્તિની અપેક્ષાએ; શક્તિની અપેક્ષાએ તો કાર્ય સત્ જ છે. તેથી જ દરેક કારણમાંથી કાર્યની ઉત્પત્તિને અગર મનુષ્યશૃંગ જેવી અત્યંત અસત્ વસ્તુની ઉત્પત્તિને અવકાશ જ નથી. જે કારણમાં જે કાર્ય પ્રગટાવવાની શક્તિ હોય તેમાંથી પ્રયત્ન થયા પછી તે કાર્ય પ્રગટે બીજું નહીં, અને શક્તિ ના હોય તેવું પણ નહીં. આ રીતે સત્ અને અસત્‌વાદનો સમન્વય થતાં જ દૃષ્ટિ પૂર્ણ અને શુદ્ધ થતી હોવાથી તેમાંથી દોષો સરી જાય છે. અનેકાંત દૃષ્ટિ પ્રમાણે, ઘટરૂપ કાર્ય અને પૃથ્વીરૂપ કારણથી અભિન્ન અને ભિન્ન ફલિત થાય છે. અભિન્ન એટલા માટે કે માટીમાં ઘડો જન્માવવાની શક્તિ છે અને ઘડો બને છે ત્યારે પણ એ માટી વિનાનો નથી હોતો. ભિન્ન એટલા માટે કે ઉત્પત્તિ પહેલાં માટી જ હતી અને ઘડો નજરે પડતો નહોતો અને તેથી જ ઘડાથી સધાનારાં કાર્યો પણ થતાં નહોતાં.

આથી જ કરીને સ્યાદ્વાદ દૃષ્ટિની વ્યાપકતા, મહત્તા અને ઉપયોગિતા છે અને આ દૃષ્ટિના સદ્‌ભાવે જ મતસંઘર્ષણો અને કોલાહલો શમાવી દેવાય! અને કુસંપની જગ્યાએ સુસંપ સ્થપાય! જગતમાં ઘણા મતભેદો સંભવે છે, પરંતુ તેમાં ય પણ જો સામાનું દૃષ્ટિબિંદુ જોઈ વર્તવામાં આવે તો તેથી ઘણા ક્લેશ-કદાગ્રહ ઓછા થાય અને સૌની સાથે સમન્વય સધાય.

દરેક ઘર, કુટુંબ, સમાજ, સંપ્રદાય આ સિદ્ધાંતને અપનાવે તો તેથી કેટલો ઉત્કર્ષ સાધી શકે? તેથી કુસંપ અને કંકાસ ટળે અને સૌ પ્રેમશૃંખલામાં જોડાય, એ ઓછો લાભ છે? કારણ કે જગતમાં કજિયાનું મૂળ જ મતભેદ છે અને જ્યાં મતભેદ છે ત્યાં જ અશાંતિ છે; અને જ્યાં મતભેદ નથી ત્યાં મેળ છે, શાંતિ છે. સમન્વયપૂર્વક જે કામ કરવામાં આવે છે તે શાંતિમાં જ પરિણમે છે અને સ્યાદ્વાદદૃષ્ટિનું મુખ્યતયા એ જ તાત્પર્ય છે, કે વિરોધી તત્ત્વોમાંથી અવિરોધી મૂળ ખોળી કાઢી સમન્વય કરાવવો.

રાજ્યનીતિજ્ઞ પુરુષો પણ રાજ્યવ્યવસ્થામાં પ્રજાનાં માનસ ઓળખી, વિરોધ કરતા હોય તેમનાં પણ દૃષ્ટિબિંદુ નિહાળી તેના ઉપર પૂર્ણ ખ્યાલ કરી રાજ્યકારભાર કરે તો તેમાં રાજ્ય અને પ્રજાની આબાદી છે.

સ્યાદ્વાદી અહંભાવી, તુમાખી કે દંભી હોઈ શકતા નથી તેને ન્યાય અને નીતિનું જ બખ્તર છે.

પંચો, પંચાયતો, મહાજનો, સહકારી મંડળો એ બધાં રાજ્યનાં સંગઠનબળનાં પ્રેરક છે ને શાંતિનાં સ્વરૂપો છે. તે બંધારણપૂર્વક અને વ્યવસ્થિત રીતે ચાલે તો પ્રજાનો તેથી ઘણો ઉત્કર્ષ થાય તેમ છે. કજિયાના દલાલો પણ તેથી ઓછા થશે, અને પ્રજાનું જે અનર્ગલ નાણું કોર્ટ મારફતે વેડફાય છે, તે પણ ઘણે અંશે તેથી ઓછું થશે અને અરસ્પરસ વૈમનસ્ય પણ ઓછાં થશે અને સૌ સ્નેહ-શૃંખલામાં બદ્ધ રહી શકશે.

નામદાર સરકાર તરફથી જે, જે. પી. (જસ્ટીસ ઑફ ધી પીસ) નિમાય છે તેનો પણ આ જ ઉમદા આદર્શ છે.

**સ્વદૃષ્ટિબિંદુ :-** આપણે ઉપર, સામાનું દૃષ્ટિબિંદુ તપાસવાનું લખ્યું છે, તે સાથે આપણે આપણું પણ દૃષ્ટિબિંદુ તપાસવું જોઈએ. આપણે જગતમાં શું નિહાળીએ છીએ? **'દૃષ્ટિ તેવી સૃષ્ટિ!'** જેવી આપણી દૃષ્ટિનો કોણ હોય, તેવા જ પ્રતિભાસિત પદાર્થો આપણને લાગે છે. સારી આંખોવાળો ધોળાને ધોળું જુએ છે, જ્યારે પીળી દૃષ્ટિવાળો, (કમળાવાળો) વસ્તુ ધોળી છતાં પીળી જુએ છે; માટે જીવનપંથ ઉજાળવામાં દૃષ્ટિ નિર્મળ, નિષ્પાપી, નિર્લોભી, નિરોગી, નિરભિમાની, નિઃસંગ અને નિઃસ્વાર્થી હોય છે ત્યારે તે પ્રતિભાશાળી થઈ શકે છે અને સામાના ઉપર પણ તેનું ઓજસ પાડે છે; બાકી જ્યારે તેની દૃષ્ટિનો કોણ પાપી, વિકારી અવિચારી, ક્રોધાન્વેષી આદિ દુર્ગણોથી ભરેલ હોય ત્યારે તે સ્વપરહાનિકારક છે, માટે જીવનપંથ ઉજાળવાનો સૌથી સરસ રસ્તો દરેક માનવીને માટે એ છે કે **"તમારી દૃષ્ટિ કેળવો અને તે સુંદર બનાવો."** આ માટે ગુણાનુરાગ કુલકનો અભ્યાસ કરવો ઘણો જરૂરી છે. વળી જિજ્ઞાસુ, આત્માર્થી અને મુમુક્ષુઓએ, આઠ દૃષ્ટિની જે સજ્ઝાય છે તેને અવશ્ય અવલોકવી જોઈએ. બીજનો ચંદ્રમા જેમ પ્રકાશમાં વધતોવધતો છેવટ પુનમનો પૂર્ણ પ્રકાશવાળો થાય છે, તેવી જ રીતે આ દૃષ્ટિઓમાં, પ્રથમ દૃષ્ટિથી જે આત્મપ્રકાશ વધે છે તે આઠમી દૃષ્ટિમાં સંપૂર્ણ આત્મપ્રકાશ થાય છે; માટે અધ્યાત્મદૃષ્ટિ જેમણે ખીલવવી

હોય તેમણે આ આઠ દૃષ્ટિનાં પૂર્ણ અભ્યાસ, મનન અને નિદિધ્યાસન એકચિત્તે કરવાં એ ઘણું જ હિતાવહ છે. તે આઠ દૃષ્ટિનાં નામ: (૧) મિત્રા, (૨) તારા, (૩) બલા, (૪) દીપ્રા, (૫) સ્થિરા, (૬) કાન્તા, (૭) પ્રભા અને (૮) પરા, આ પ્રમાણે છે.

તા.ક. આધ્યાત્મિક જીવન વિતાવનારે આ દૃષ્ટિનો અભ્યાસ અવશ્ય કરવો તે તેના જીવનસાફલ્ય માટે ઘણું જ જરૂરનું છે. ૐ શાંતિ:

## દૃષ્ટિબિંદુ પર અધ્યાત્મભાવના

હે આત્મન્!

તું જગતનાં માનવીઓનાં દૃષ્ટિબિંદુ તપાસતાં પહેલાં તારું પોતાનું દૃષ્ટિબિંદુ તપાસ કે "હું ક્યાં ઊભો છું? શું કરી રહ્યો છું? ક્યાંથી આવ્યો? ક્યાં જઈશ? મારું શું થવાનું છે?" વગેરે વિચારી [1]મધુબિંદુનો દાખલો દૃષ્ટિમર્યાદા સન્મુખ રાખી તારા આત્માનું સત્વર સાર્થક કર.

---

૧. જીવરૂપી વૃક્ષ છે. તે વૃક્ષની ડાળી બે હાથે ઝાલી એક સંસારી માણસ લટકે છે. આ આયુષ્યરૂપી ડાળને આગળથી ધોળો ઉંદર (દિવસ) અને પાછળથી કાળો ઉંદર (રાત્રી) કાપી રહ્યા છે; છતાં આ માણસ, ઉપરથી ડાળ ઉપર મધપુડો છે, તેમાંથી મધ (સંસારની લાલસા) ઝરે છે તે ચાટે છે અને તે જ મધુબિંદુના સ્વાદમાં મશગુલ રહે છે. નીચે ઊંડો કૂવો (નરક) છે તેમાં અજગર વગેરે (ક્રોધ, માન, માયા, લોભ) મોં ફાડી બેઠેલા છે. તા.ક. સંસારમાં જે માણસ રચ્યોપચ્યો રહે છે તેના માટે આ દૃષ્ટાંત છે.

3

# (૧) સ્યાદ્વાદ વ્યક્તિ-વિશિષ્ટતા વર્ણવે છે.

**अर्पितानर्पितसिद्धः।**

**- તત્ત્વાર્થાધિગમસૂત્ર**

**અર્થ :-** પ્રત્યેક વસ્તુ અનેક ધર્માત્મક છે; કેમકે અર્પિત (એટલે અર્પણા અર્થાત્ અપેક્ષાથી અને અનર્પિત એટલે કે અનર્પણા અર્થાત્ બીજી અપેક્ષાએ), વિરુદ્ધ-સ્વરૂપસિદ્ધ થાય છે.

આત્મા 'સત્' છે એવી પ્રતીતિમાં જે સત્ત્વનું ભાન હોય છે, તે બધી રીતે ઘટિત થતું નથી અને જો એમ હોય તો આત્મા સ્વરૂપની માફક ઘટત્વ પણ ભાસમાન થાય. આથી તેનું જે વિશિષ્ટ સ્વરૂપ છે તે સિદ્ધ થાય નહીં. **વિશિષ્ટ સ્વરૂપનો અર્થ જ એ છે કે તે સ્વરૂપથી સત્ અને પરરૂપથી સત્ નહીં અસત્.** દરેક પદાર્થમાત્રને અસ્તિ અને નાસ્તિથી અવલોકીએ તો જ દરેક પદાર્થનું વ્યક્તિવિશિષ્ટપણું જણાય, તે વિના કદી પણ વ્યક્તિવિશિષ્ટપણું જણાય નહીં. અસ્તિનો અર્થ એ છે કે વસ્તુમાત્ર પોતાના સ્વરૂપથી સત્ છે, અને નાસ્તિનો અર્થ એ છે કે, વસ્તુમાત્ર પરરૂપે કરી અસત્ છે. આથી સમજવાનું એ છે કે, વસ્તુમાત્ર પોતાના રૂપે જ સત્ છે અને તેનામાં દુનિયાની તેના વિના-બીજી બધી ચીજોનું, નાસ્તિપણું છે. અર્થાત્ અસત્પણું છે. દાખલા તરીકે કોઈએ કહ્યું કે, '**અ** નામનો માણસ મહાન છે' હવે જો અસ્તિ-નાસ્તિથી અર્થાત્ સત્ અસત્થી તેને અવલોકવામાં ન આવે તો તેના જેવા બીજા ઘણા માણસો મહાન છે તેમનો તેમાં સમાવેશ થાય છે. જેથી **અ** નામના માણસનું વ્યક્તિ વિશિષ્ટપણું સિદ્ધ થતું નથી, પરંતુ જ્યારે વસ્તુને પોતારૂપે સત્ અને પરરૂપે અસત્ માનીએ ત્યારે જ તેનું વ્યક્તિવિશિષ્ટપણું સિદ્ધ થાય છે. આગળ આત્માના દાખલાથી પણ તે સમજાવેલું છે.

હવે જ્યારે માણસને એમ માલૂમ પડે કે— "હું વ્યક્તિ વિશિષ્ટ છું" ત્યારે જ તેને એમ લાગે કે— "હું પણ કંઈક છું." હું મડદાલ નામર્દ કે નકામો નથી, પરંતુ "હું પણ મહાન થવા સર્જિત છું." આ ભાવનાથી તેનામાં આગળ વધવાની ઉમેદ, હિંમત અને હોંશ વધે છે, માણસાઈ પણ જાગૃત થાય છે અને તે હરહંમેશ ઉદ્યમી અને જાગૃત રહે છે અને પ્રયત્નશીલ થાય છે. ચીજોમાં પણ તેમજ છે. ઘટિકાયંત્ર (ઘડિયાળ)નાં

એક નાનું અને એક મોટું એવા બે ચક્ર લો. નાના ઘડિયાળને નાનું ઉપયોગનું છે અને મોટા ઘડિયાળને મોટું ઉપયોગનું છે. નાના ઘડિયાળને મોટું નકામું છે, તેમ મોટા માટે નાનું નકામું છે. અર્થાત્ સૌસૌના સ્થાને સૌ વિશિષ્ટ છે. રાજા જેમ ગામધણી હોય છે, તેમ ઝૂંપડામાં રહેનાર એક ભિખારી પણ તેના ઘરનો મુખી છે. આવી રીતે માનવી જ્યારે પોતાનું કંઈ પણ મહત્ત્વ સમજે છે ત્યારે તે પરાક્રમી, ઉદ્યમશીલ અને પ્રગતિશીલ થાય છે અને તેથી તેના આદર્શો પણ દિવસેદિવસે ઊર્ધ્વ દિશામાં ગમન કરે છે. હરેક વ્યક્તિએ પોતાના આદર્શો ઉચ્ચ રાખવા જોઈએ. એક વખત વડોદરામાં મરહૂમ મહારાજા સયાજી વિજયજીએ વિદ્યાર્થીઓને ઉદ્દેશી તેમની સમક્ષ ભાષણ આપતાં કહ્યું હતું, "વિદ્યાર્થીઓ! તમારે તમારા આદર્શો હમેશાં ઉચ્ચ રાખવા જોઈએ. જો તમો આકાશ સામું તાકી તીર મારશો તો તે છેવટ ઝાડ સુધી પણ ઊંચુ જશે, પરંતુ ઝાડ સામું તાકી તીર મારશો તો તેથી પણ ઓછું જશે." આ ઉપરથી સાર એ લેવાનો છે કે જેમને આગળ વધવાની ઉમેદ-તમન્ના છે તેમણે તો હમેશાં આગળ વધવાની મહત્ત્વાકાંક્ષા રાખવી. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે महत्त्वाकांक्षी विजय करवा माटे जन्म्या। મહત્ત્વાકાંક્ષીઓનો જન્મ જ વિજય કરવા માટે છે અને વિજયમાળા તેને જ વરે છે. સ્યાદ્વાદનો સિદ્ધાંત પણ મનુષ્યમાત્રને વ્યક્તિવિશિષ્ટપણું બક્ષે છે. આથી જ મનુષ્ય કર્તવ્યશીલ થાય છે અને તે જ તેને દરેક કાર્યમાં વેગવંતો બનાવે છે. એક સ્ત્રી કહે : "હું દાસી છું." આ ભાવનાથી તે કદી પણ રાણી હોઈ શકશે નહીં. પરંતુ 'હું પણ રાણી કેમ ના થાઉં? જ્યારે એવી વિશિષ્ટ ભાવના ભાવશે ત્યારે જ તે કદાચ રાણી નહીં થાય તો પણ તે દાસી કરતાં તો ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરશે જ; માટે આ ઉપરથી તાત્પર્ય એ લેવાનું છે કે, દરેક મનુષ્યે એમ ધારવું કે - "હું પણ કંઈક છું." અને આ જ તેને આગળ વધવાનો શ્રેયસ્કર રસ્તો છે, જે સ્યાદ્વાદ સિદ્ધાંત શીખવે છે. બાકી નબળાને માટે તો જગતમાં કોઈ સ્થાન જ નથી. Might is right. બળીઆન જ બે ભાગ છે.

४

# (२) वस्तु એક હોવા છતાં અનેકરૂપ છે.

॥ अर्पितानर्पितसिद्धे : ॥ (બીજી રીતે)
"जे एगं जाणइ से सव्वं जाणई ।
जे सव्वं जाणइ से एगं जाणइ ॥"
तथा "एको भावः सर्वथा येन द्रष्टः ।
सर्वे भावाः सर्वथा तेन द्रष्टाः ॥
सर्वे भावाः सर्वथा येन द्रष्टाः ।
एको भावः सर्वथा तेन द्रष्टः ॥"

(સ્યાદ્વાદમંજરી પાનું ૧૪)

**ભાવોદ્‌ઘાટન :-** પ્રત્યેક વસ્તુ, સ્વરૂપથી સત્ અને પર રૂપથી અસત્ હોવાથી તે ભાવ અને અભાવરૂપ પણ છે.

પ્રત્યેક વસ્તુ સ્વરૂપથી વિદ્યમાન છે અને પરરૂપથી અવિદ્યમાન છે. તેમ છતાં વસ્તુને જો સર્વથા ભાવરૂપ માનવામાં આવશે તો એક વસ્તુના સ્વભાવમાં સંપૂર્ણ વસ્તુઓનો સ્વભાવ માનવો પડશે અને કોઈ પણ વસ્તુ પોતાના સ્વભાવવાળી માલૂમ પડશે નહીં અને વસ્તુનો જો સર્વથા અભાવ માનીશું તો વસ્તુઓને સર્વથા સ્વભાવરહિત માનવી પડશે.

આથી એ સિદ્ધ થાય છે કે "ઘટમાં તેને છોડીને તેમાં સર્વ વસ્તુઓનો અભાવ માનવાથી ઘટ અનેક રૂપે સિદ્ધ થશે."

આથી માલૂમ પડે છે કે એક પદાર્થનું જ્ઞાન કરવાની સાથે બીજા પદાર્થોનું જ્ઞાન થાય છે, કારણ કે તે તેનાથી બીજા બધા પદાર્થોની વ્યાવૃત્તિ (અભાવ) કરી શકતો નથી.

આગમમાં પણ કહ્યું છે કે, "જે એકને જાણે છે તે બધાને જાણે છે અને જે બધાને જાણે છે તે એકને જાણે છે." તેમજ જેણે એક પદાર્થને સંપૂર્ણ રીતે જાણ્યો છે

તેણે બધા પદાર્થોને બધી રીતે જાણ્યા છે અને જેણે બધા પદાર્થો બધી રીતે જાણ્યા છે તે એક પદાર્થને બધી રીતે જાણે છે.

અન્ય દર્શનમાં શ્વેતકેતુને તેના પિતા આરુણીએ કહેલું, "માટીના એક લોંદાને જાણવાથી માટીની બનેલી વસ્તુમાનું જ્ઞાન થાય છે." આ બીના પણ આ સિદ્ધાંતને અમુક પુષ્ટિ આપે છે.

આ સ્થળે જે યાદ રાખવાનું છે તે એ કે, "સ્યાદ્વાદથી કેવળ ઇંદ્રિયજન્ય પદાર્થોનું જ્ઞાન થઈ શકે છે, જ્યારે કેવળ જ્ઞાન પારમાર્થિક પ્રત્યક્ષ છે. જેથી કેવળજ્ઞાનમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન સંપૂર્ણ પદાર્થ પ્રતિભાસિત છે." તેથી સ્યાદ્વાદના અંગે તે જ્ઞાન લેવાની જરૂર નથી.

## વ્યક્તિવિશિષ્ટ પર અધ્યાત્મ ભાવના

હે આત્મન્!

તું અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્યવાન છું; જેથી તારું શક્તિ-સામર્થ્ય, તને દશ દૃષ્ટાંતે દુર્લભ એવો જે મનુષ્યભવ મળ્યો છે, તેને સાર્થક કરવા વાપર અને મળેલ રત્નચિંતામણિ જેવા ધર્મને કાચનો ટૂકડો ગણી ફેંકી ના દે.

અત્યારે વિજ્ઞાનીઓએ છેવટમાં "એટમ બોમની" શોધ કરી છે, પરંતુ તે તો મારક અને હિંસાત્મક છે. જેથી તેની જગ્યાએ દુનિયાનું રક્ષણ કેમ થાય? એમ વિચારી દેશની આબોહવા કેમ સુધરે, પ્રજામાં તંદુરસ્તી કેમ ફેલાય, પ્રજામાં તેજ કેમ આવે, એવા બોમ વિજ્ઞાનીઓ બનાવે તો બનાવનારનું તેમ પ્રજાનું ઉભયનું કલ્યાણ થાય. બાકી કોલસાની દલાલીમાં કાળા હાથની પેઠે, હિંસાથી કદી પણ કોઈનો જય થયો નથી અને થવાનો પણ નથી અને કદાચ થશે તો તે ચાર દિવસની ચાંદનીની માફક. અંતે તો "જીવન પ્યાલે ભર્યું જે ઝેર, અંતે તે પીવાનું છે. "ધર્મે જય અને પાપે ક્ષય" માટે ભવ્ય જીવોએ મારણનો પ્રયોગો ન કરતાં, ઉગારણના કે રક્ષણાત્મક પ્રયોગો કરવા એ જ હિતાવહ છે.

વિજ્ઞાનીઓ જેમ અહોનિશ વિજ્ઞાનમાં મચ્યા રહે છે તેમ અરવિંદ ઘોષ જેવા આત્માર્થી પુરુષો, મુનિરાજો અને સંતો, હમેશાં આત્માની ખોજમાં જ મચ્યા રહે છે. વસ્તુ અનેક ધર્માત્મક છે તેમ આત્મા પણ અનંત ગુણાત્મક છે અને તેથી જ આત્મામાં ઓતપ્રોત રૂપે રહેલાં, દાન, દયા, તપ, ભાવ, શુશ્રૂષા, સમતા, આર્દ્રતા, સત્ય, મૃદુતા, સરળતા, ન્યાય, નિપુણતા આદિ ગુણો પ્રાપ્ત કરવા મુમુક્ષુઓ હમેશાં તત્પર રહે છે. આત્મબળ આગળ પશુબલ, તેમ આત્મલક્ષ્મી આગળ જડ લક્ષ્મી તુચ્છમાત્ર છે. સ્વામી રામતીર્થ એક વખત હિમાલય ઉપર ગયા હતા, તે વખતે એટલો બધો બરફ પડ્યો કે તે છેક ગળા સુધી બરફથી ઢંકાઈ ગયા અને મરણની અણી

ઉપર હતા. તે વખતે આકાશ સામું જોઈને Stop (બંધ થાઓ) શબ્દ બોલ્યા, તે જ વખતે વાદળાં વીખરાઈ ગયાં અને સૂર્યનાં કિરણો છૂટ્યાં અને બરફ બધો પીગળી ગયો. હવે વિચારો કે આની સાથે જર્મનની હોવીટ્ઝર તોપો મૂકો તે શું વિસાતની છે? આ આત્મબળ નહીં તો બીજું શું સમજવું? સુકલકડી જેવા દેશવત્સલ બાપુજીએ મહાન્ બ્રિટિશ સલ્તનત કે જેના રાજ્યમાં સૂર્ય આથમતો નહોતો એવું સામ્રાજ્ય ગણાતું તેને પણ કેવી હચમચાવી? આ આત્મબળ નહીં તો બીજું શું સમજવું? માટે ભવાટવીમાં ભૂલા ન પડતાં સૌએ પોતાનો શ્રેય માર્ગ કયો છે તે ખોળી લેવો એમાં જ ખરો પુરુષાર્થ સમાયેલો છે. ૐ શાંતિ:

## વસ્તુ અનેક ધર્માત્મક છે તે ઉપર અધ્યાત્મભાવ

હે વિજ્ઞાનઘન આત્મા!

સંસારી વિજ્ઞાનીઓ જેમ મરક્યુરી (પારો) મોરથૂથુ આદિમાંથી ઇલેક્ટ્રિસીટી પેદા કરે છે તેમ તું પણ સમ્યક જ્ઞાન, સમ્યક દર્શન અને સમ્યક ચારિત્ર વડે તારો આત્મદીપ પ્રગટાવ.

સ્યાદ્વાદના મતથી સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ અસ્તિત્વ છે અને પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ નાસ્તિત્વ છે. જે અપેક્ષાએ વસ્તુમાં અસ્તિત્વ છે તે જ અપેક્ષાએ વસ્તુમાં નાસ્તિત્વ નથી. આથી સપ્તભંગી નયમાં વિરોધ, વૈયધિકરણ્ય, અનવસ્થા, સંકર, વ્યતિકર, સંશય, અપ્રતિપત્તિ અને અભાવ નામના દોષો આવી શકતા નથી.

૫

# સ્યાદ્વાદવાણી સર્વદૃષ્ટિનું સમાસસ્થાન છે.

સ્વાદ્વાદ શબ્દમાં "સ્યાત્ અને વાદ" એ બે શબ્દ સમાયેલા છે, જેનો અર્થ "કથચિંત્ કથન કરવું" એવો થાય છે. આથી સ્યાદ્વાદ કોઈ પણ વસ્તુ સર્વથા આવી જ છે એમ કહેતો નથી. તે એવી વાણી ઉચ્ચારે છે કે તેમાં બીજાની બેઠક ઊડી જતી નથી, એટલું જ નહીં પરંતુ તેમાં બીજાની બેઠકને પણ સ્થાન હોય છે. દાખલા તરીકે કોઈએ કહ્યું કે "ઘડો નિત્ય છે." ત્યારે સ્યાદ્વાદી કહે, સ્યાત્. અસ્તિ, કંથચિત્ નિત્ય- આથી ઘડો જે અનિત્ય પણ છે તેને તેમાં સ્થાન મળે છે. તેની બેઠક તેમાંથી ઊડી જતી નથી. એવી રીતે કોઈ કહે ઘડો અનિત્ય છે ત્યારે પણ સ્યાદ્વાદી કહે, સ્યાત્ અસ્તિ, – કથંચિત્ અનિત્ય; આથી તેમાંથી નિત્યની બેઠક ઊડી જતી નથી, પરંતુ તેમાં તેને સ્થાન મળે છે. અને ઘડો જે નિત્યાનિત્ય છે - એ તેથી સાબિત થાય છે. દુનિયાના તમામ પદાર્થો મૂળરૂપે નિત્ય છે અને પર્યાયરૂપે અનિત્ય છે. જીવ પણ આત્મા રૂપે નિત્ય છે અને દેહ રૂપે અનિત્ય છે. ઘડો મૂળરૂપે એટલે માટીરૂપે નિત્ય છે અને પર્યાય એટલે આકારરૂપે અનિત્ય છે. આ પ્રમાણે પદાર્થો માટે સમજવું.

સ્યાદ્વાદ હંમેશાં એકાંત વાણી ઉચ્ચારતો નથી, પરંતુ અનેકાંત વાળી ઉચ્ચારે છે. એકાંત વાણી બોલવામાં વસ્તુમાં રહેલા બીજા અનેક ધર્મો જાણવામાં આડો પડદો ધરાય છે, તેમ તેમાં બુદ્ધિનો પણ હ્રાસ થાય છે (રોધ થાય છે). દાખલા તરીકે અ નામના માણસે કહ્યું કે "ઘડો લાલ છે." ત્યારે સ્યાદ્વાદી કહે, સ્યાત્ અસ્તિ, એટલે કથંચિત્ લાલ. હવે જો એકાંત દૃષ્ટિની માફક તેમાં સંપૂર્ણ લાલ રંગની જગતમાં ઘણી ચીજો હોય છે, તે વખતે શું કહેવું? આથી જ વસ્તુસ્થિતિનું સંપૂર્ણ જ્ઞાન થાય છે અને વસ્તુના અનંત ગુણ-ધર્મો જાણવા માટે જ્ઞાનનાં દ્વાર ઊઘાડાં રહે છે. વળી કોઈ કહે 'રેતી ભારે છે' ત્યારે સ્યાદ્વાદી કહે, સ્યાત્ અસ્તિ, અર્થાત્ કથંચિત્ ભારે. જો તેમ ના બોલે તો લોખંડની રેતી કે જે તેનાથી પણ ભારે છે તે માટે કહેવાનું હોય તે વખતે શું કહેવું? વધુ સમજણ માટે એક સુવર્ણનો ગ્લાસ લો. તે એક અર્થમાં દ્રવ્ય છે, સર્વ અર્થમાં દ્રવ્ય નથી. કારણ કે આકાશ અને કાળ દ્રવ્ય પૃથક્ છે તેમ સુવર્ણ દ્રવ્ય પણ પૃથક છે અને એ દ્રવ્ય, કેવળ પરમાણુઓનો સમૂહ છે. આ પ્રમાણે એક સમયમાં

સુવર્ણ દ્રવ્ય છે, બીજાનું દ્રવ્ય નથી. વળી તે સુવર્ણગ્લાસ પૃથ્વીના પરમાણુઓનો બનેલો છે. તેનો અર્થ એ કે સુવર્ણ પૃથ્વીમાં ધાતુનો વિકાર છે. બાકી તે પૃથ્વીના તેમ બીજાના વિકાર રૂપે નથી. ધાતુના પરમાણુઓનો બનેલો છે, તેનો અર્થ એ કે તે સુવર્ણ શુદ્ધ છે કે ખાણમાંથી નીકળેલ છે? શુદ્ધ ક્રિયા વિનાનો છે? અ નો બનાવેલ છે કે ક નો બનાવેલ છે? તેનો અર્થ એ કે તે પરમાણુઓનો બનેલો છે અને ગ્લાસના રૂપમાં બનેલ છે, ઘટના રૂપમાં બનેલ નથી. આ પ્રમાણે જૈન દર્શન કહે છે કે વસ્તુઓ અમુક વિશેષ સીમા સુધી સત્ય કહેવાય છે પરંતુ તે સર્વથા સત્ય કહેવાતી નથી. કોઈ પણ વસ્તુ એકાન્ત બોલવાથી તેના ગુણ જોવા તરફ દૃષ્ટિ રહેતી નથી. આથી તેના અનંત ધર્મો જોવાનું તેમનું જ્ઞાનદ્વાર બંધ થાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, કોઈ પણ વસ્તુ સર્વથા આવી જ છે એમ કહેવું તે યોગ્ય નથી. ઉપરના દાખલામાં જોયું હશે કે એક સુવર્ણ ગ્લાસ પણ કેટલી બધી દૃષ્ટિઓથી અવલોકી શકાય છે. કોઈ કહેશે, અગ્નિ દહન છે; સ્યાદ્વાદી કહેશે, અદહન પણ છે; કારણ કે તે લાકડાં વગેરે બાળે છે? માટે અદહન પણ છે. વળી કોઈ કહે, જીવ અને ઘટ બન્ને ભાવાત્મક છે; ત્યારે સ્યાદ્વાદી કહે, અભાવાત્મક પણ છે; દાખલા તરીકે જીવ ચૈતન્ય રૂપે છે અને રૂપ આદિ ગુણ સ્વરૂપે નથી. તેમજ ઘટ રૂપ આદિ પૌદ્ગલિક ધર્મ સ્વરૂપે છે અને ચૈતન્ય રૂપે નથી. કોઈ કહે સાકર ખાવાના ઉપયોગની છે, ત્યારે સ્યાદ્વાદી કહે તે ગધેડાની દૃષ્ટિએ ખાવાના ઉપયોગની નથી; કારણ કે ગધેડું સાકર ખાય તો મરી જાય. આ પ્રમાણે દરેક વસ્તુઓ અનંત ધર્મવાળી છે, તેથી તે સર્વથા આવી જ છે એમ કહેવું તે યોગ્ય નથી. વસ્તુમાત્ર અનંત ધર્મવાળી છે. જ્યાં વસ્તુના અનંત ધર્મો પૈકી બે ધર્મ યુગપત્ (એકી સાથે) અક્રમથી બોલી શકાતા નથી ત્યાં એકાંત વચન મિથ્યા ગણાય તેમાં નવાઈ શી? આથી તો વસ્તુના પ્રત્યેક ધર્મના વિધાન તથા નિષેધને લગતા સાત પ્રકારના શબ્દપ્રયોગોની અર્થાત્ સપ્તભંગીની રચના પરમશ્રુતોએ કરી છે; જેનું ટૂંક સ્વરૂપ આ જ પુસ્તકમાં સપ્તભંગીના શીર્ષક નીચે જણાવેલ છે.

આથી એકાંતે ભાખેલાં વચનોને સર્વસત્ય કેવી રીતે કહી શકાય? વળી જો જીવને એકાંત નિત્ય માનીએ તો તે બાલ, યુવા, વૃદ્ધાવસ્થા જે અવસ્થાઓ ધારણ કરે છે તે અવસ્થાઓને શું કહેવું? તે તો દેખીતી અનિત્ય છે. વળી અવસ્થાઓને ધ્યાનમાં લઈને તેને અનિત્ય કહેવો તે પણ મૂર્ખાઈ છે; કારણ કે તેની બધી અવસ્થાઓમાં આત્મા તો રહેલો જ છે, જે નિત્ય છે. આવી રીતે વસ્તુને એકાંત નિત્ય કે એકાંત અનિત્ય ન કહેતાં તે નિત્યાનિત્ય કહેવી એ જ મુનાસબ છે. તેમજ કોઈ પણ વસ્તુ સર્વથા આવી જ છે એવું સ્યાદ્વાદી બોલતો નથી. એકાંતી હંમેશાં Narrow minded એટલે સંકુચિત મનનો છે જ્યારે અનેકાંતી હંમેશાં Broad minded એટલે વિશાળ મનનો છે. એકાંતી હંમેશાં Imperfect એટલે અપૂર્ણ છે, જ્યારે અનેકાંતી Perfect minded એટલે પૂર્ણ છે. આથી હંમેશાં અનેકાંત દૃષ્ટિના ઉપાસક થવું એ જ હિતાવહ

છે. એકાંતદષ્ટિ એ છીછરા ખાબોચીઆ જેવી છે. કોઈ પણ દષ્ટિને સ્યાત્ લગાડતાં તે અનેકાંત દષ્ટિ બને છે અને જ્યારે અનેકાંત થાય છે ત્યારે તે વિશાળ અને ગંભીર સાગર જેવી બને છે. સમુદ્રના તળીએ જેમ રત્નો છે; સરોવર ઉપર પશુ પક્ષીઓ જેમ. કિલકિલાટ કરે છે, તેના જલનું પાન કરે છે; તેમ સ્યાદ્વાદસાગરદષ્ટિ પણ ગુણ-રત્નોને ધારણ કરે છે. અને ગુણીજનો તેના આશ્રયે આવી તેના ગુણામૃતનું પાન કરે છે. આવો સ્યાદ્વાદદષ્ટિનો પ્રભાવ છે, માટે ગુણજ્ઞે હંમેશાં સ્યાદ્વાદદષ્ટિ ગ્રહણ કરવી, એ જ કહેવાનો આશય છે. ૐ શાંતિઃ

## સ્યાદ્વાદમાં સર્વ દષ્ટિનું સમાસસ્થાન છે તે ઉપર અધ્યાત્મભાવના

હે આત્મન્!

સંસાર સર્વથા ખારો છે, એવું ન માનતાં, ધર્મ, અર્થ, કામ અને મોક્ષના પુરુષાર્થથી તેને મીઠો કર, કારણ કે વસ્તુમાત્ર અનંત ગુણાત્મક છે. વળી હે આત્મા! તું પરદુઃખભંજન થા કે જેથી તારા આશ્રયે ઘણા દુઃખી જીવો આવી આશ્વાસન મેળવે. વળી જ્ઞાન, દર્શન, ચારિત્રનાં ત્રિરત્નો પ્રાપ્ત કરી ઝવેરી થા, કે જેથી તું સમીપમાં આવનારને તારું જ્ઞાન, દર્શન આદિનું ઝવેરાત આપી શકે.

## શબ્દજ્ઞાન અને અપેક્ષાજ્ઞાન

શબ્દજ્ઞાનમાં જો કે વિચારવાની અગત્ય અવશ્ય ગણાય છે પણ અતિ સહેવાસથી તેમાં મુશ્કેલી જણાતી નથી. જ્ઞાન કે અપેક્ષાજ્ઞાન તો વિચારવાની વધારે મુખ્ય અને વિશેષ અગત્ય રાખે છે એટલે તેમાં વિકટતા જણાય તે સ્વાભાવિક છે. પરંતુ શબ્દજ્ઞાન જેમ અભ્યાસ-પરિચયને લીધે સરળ પડે છે એમ અપેક્ષા કિંવા નયોનો પણ જો નિરંતર અભ્યાસ સેવવામાં આવે તો સહજ શ્રમે થોડા સમયમાં તે અપેક્ષા જ્ઞાનગોચર થઈ શકે.

६

# સ્યાદ્વાદમાં સર્વ દર્શનનું સમાધાન છે.

દુનિયાના તમામ પદાર્થો (જડ અને ચેતન) સદસદ્રૂપ, નિત્યાનિત્ય અને સામાન્ય-વિશેષરૂપ છે. તેમને યથાસ્થિત પણે સમજવાથી જીવને વસ્તુનું એકાંત સત્, તેમ અસત્, નિત્ય તેમ અનિત્ય, સામાન્ય તેમ વિશેષ, કહેતું નથી; પરંતુ વસ્તુમાત્ર સદસદ્રૂપ, નિત્યાનિત્ય, સામાન્ય વિશેષ ઉભય રૂપ છે એમ કહે છે. તેમ સત્ વિનાનું અસત્ નથી, નિત્ય વિનાનું અનિત્ય નથી, તેમ સામાન્ય વિનાનું વિશેષ નથી, એમ માને છે. અર્થાત્ સઘળું ઉભય રૂપ માને છે. જે સત્ છે તેની વ્યાખ્યા બરોબર સમજવાની જરૂર છે, તેના માટે तत्त्वार्थाधिगमसूत्रमां નીચેનું સૂત્ર છેઃ-

उत्पादव्ययध्रौव्यमुक्तं सत् ।

**અર્થ :—** જે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણેથી મુક્ત અર્થાત્ તદાત્મક છે તે સત્ કહેવાય છે.

એટલે વસ્તુ ઉત્પન્ન થાય છે, તેનો વ્યય થાય છે અને તેમાનું સત્ત્વ કાયમ રહે છે. આ ત્રિવેદીનો સિદ્ધાંત કહેવાય છે. તેની રચના શ્રુતજ્ઞાનની પરંપરાનુસાર, મહાવીર પ્રભુ પછી શ્રી ગણધરોએ કરી છે. જેથી સમજવાનું એ છે કે, આ કંઈ જેવાતેવાઓની રચના નથી, પરંતુ પરમશ્રુતગીતાર્થી, શ્રી ગણધર મહારાજાઓની છે, અને તે સત્ય અને સર્વોત્તમ છે. આગળ ઉપર લખેલી સત્ સંબંધી વિશેષ હકીકત તથા તત્ત્વ શું છે? એ વિષય ઉપરથી તે જણાશે. દુનિયાના બધા પદાર્થો જે સદસદ્રૂપ, નિત્યાનિત્ય, અને સામાન્ય વિશેષરૂપ છે, તે બધાનો સમાવેશ ગીતાર્થ પુરુષોએ નયના મુખ્ય બે વિભાગ દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નયમાં કરેલ છે. વસ્તુસ્થિતિનું યથાર્થ અને સંપૂર્ણ જ્ઞાન સમજવા માટે ધુરંધર જૈન ગીતાર્થોએ, સપ્તનય વિચારશ્રેણી યોજી છે. જે આગળ ઉપર નયરેખાદર્શનના વિષયોમાં જણાવેલ છે જેમાં જૈન ધર્મની વિશેષ પ્રતિષ્ઠા છે. નયો એકંદરે સાત છે, તેમાં ઉપર લખેલ દ્રવ્યાર્થિક નય અને પર્યાર્થિક નય, એ બે મુખ્ય છે. બાકીના તેના પેટા વિભાગ છે.

કોઈ પણ વસ્તુને આ સાતે નયો વડે અવલોકવાથી તેનું સંપૂર્ણ અને યથાસ્થિત જ્ઞાન આપણને થાય છે. તે બુદ્ધિબળના ખજાનારૂપ છે. નયો એ ખરેખર જૈન ધર્મનું

ગૌરવ છે, તે કોઈ પણ વસ્તુનું યથાર્થ અને સંપૂર્ણ જ્ઞાન બતાવવાનું દર્પણ છે; જૈન દર્શને આથી વિશેષ ખ્યાતિ મેળવી છે. નયો એક બીજાને અપેક્ષીને રહેલા છે. નિરપેક્ષ હોય તો તે મિથ્યા છે. પ્રમાણજ્ઞાનને સાતે નયો ગ્રાહ્ય કરે છે. આ સપ્ત નયો વડે જિનવાણી સિદ્ધ છે. અને જે વાણી નયોથી સિદ્ધ થાય છે, તે જ જિનાગમ પ્રમાણે પ્રમાણવાણી કહેવાય છે. આ નય સંબંધીના ટૂંક જ્ઞાનને માટે આ જ પુસ્તકમાં 'નયરેખાદર્શન' પ્રગટ કરવામાં આવ્યું છે. તે વાંચવા વાચકવૃંદને ખાસ વિજ્ઞપ્તિ છે. હવે આપણે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય વિષે વિચારીશું.

तित्थयरवयण संगह-विसेसपत्थार मूल वागरणी ।
दव्वट्ठिओ य पज्जवणओ य सेसा वियप्पासि ॥

સન્મતિ પ્રકરણ

**અર્થ :-** તીર્થંકરોનાં વચનોના સામાન્ય અને વિશેષરૂપ રાશિઓનાં મૂળ પ્રતિપાદક-દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય છે, બાકીના બધા નયો એ બેના જ ભેદો છે.

દ્રવ્યાર્થિક નય, ત્રણે કાળમાં સ્થાયી, એવા એક ધ્રુવ તત્ત્વને જુએ છે, તેની દૃષ્ટિમાં ત્રિકાલિક ભેદો, જેવી કાંઈ વસ્તુ નથી. જ્યારે પર્યાયાર્થિક નય, ઇંદ્રિયગોચર પ્રત્યક્ષ રૂપને જ સ્વીકારતો હોવાથી, તેની દૃષ્ટિએ, ત્રણે કાળમાં સ્થાયી, એવું કોઈ તત્ત્વ નથી; એ ફક્ત વર્તમાનકાળમાં દેખાતા સ્વરૂપને જ માનતો હોવાથી, તેની દૃષ્ટિમાં અતીત અને અનાગત સંબંધ વિનાની ફક્ત વર્તમાન વસ્તુ, સત્ય છે. તેને મતે દરેક ક્ષણે, વસ્તુ જુદી જુદી છે.

દ્રવ્યાર્થિક અને પર્યાયાથિક બન્ને નયોની સાપેક્ષ દૃષ્ટિ વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ સમજાવતી હોવાથી પૂર્ણ અને યથાર્થ છે. બાકી દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક બે નિરપેક્ષ નયની દેશના, અધૂરી અને મિથ્યા છે. આ બંન્ને નયોની સાપેક્ષ દૃષ્ટિમાંથી જે વિચારો ફલિત થાય છે, તે યથાર્થ છે. જેમકે, આત્માના નિત્યત્વની બાબતમાં તે અપેક્ષાવિશેષ નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. મૂર્તત્વની બાબતમાં તે કથંચિત્ મૂર્ત અને કથંચિત્ અમૂર્ત પણ છે. શુદ્ધત્વની બાબતમાં, તે કથંચિત્ શુદ્ધ અને કથંચિત્ અશુદ્ધ પણ છે. પરિમાણની બાબતમાં તે કથંચિત્ વ્યાપક અને કથંચિત્ અવ્યાપક પણ છે. સંખ્યાની બાબતમાં તે કથંચિત્ એક અને કથંચિત્ અનેક છે.

દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિ અભેદગામી છે, જ્યારે પર્યાયાર્થિક નયની દૃષ્ટિ ભેદગામી છે. નિત્ય, સત્ અને સામાન્યનો સમાવેશ દ્રવ્યાર્થિક નયમાં થઈ શકે છે; જ્યારે અનિત્ય, અસત્ અને વિશેષનો સમાવેશ પર્યાયાર્થિક નયમાં થઈ શકે છે. આ બંને નયો-દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક-એકબીજાને અપેક્ષી રહ્યા છે. એકાંત માર્ગ લંગડે પગે ચાલવા જેવો છે. લંગડે પગે જેમ ચાલી શકાતું નથી તેમ એકાંત માર્ગે વસ્તુનું સાચું સ્વરૂપ જાણી શકાતું નથી. છૂટાં છૂટાં મોતી હોય ત્યારે તેની કંઈ કિંમત અંકાતી નથી, પરંતુ તેને એકત્ર કરી તેનો જ્યારે મુક્તાવળી હાર થાય છે ત્યારે જ તેની ખરી

કિંમત અંકાય છે અને તે આભૂષણાદિમાં પણ ત્યારે જ વપરાય છે. આમ એકાંત માર્ગ તે છૂટાં મોતી જેવો છે, જ્યારે અનેકાંત માર્ગ મુક્તાવળી હાર જેવો છે.

વસ્તુ માત્ર સદસદ્રૂપ છે, એટલે તે સત્ અને અસત્ ઉભયરૂપ છે. આ બંને નયોને એકબીજા સાથે એવો નિકટનો સંબંધ છે કે, તે એક વિના બીજો કદી પણ રહી શકતો નથી. દાખલા તરીકે, મનુષ્યે બાળવયમાં, જે કુઆચરણ કર્યાં હોય છે તેનો યુવાનીમાં તે પશ્ચા-તાપ કરે છે; અને ભવિષ્યમાં તેવી લત ના લાગે, તે માટે યત્ન પણ કરે છે. આથી જોઈ શકાશે કે, દ્રવ્ય અને પર્યાયનો ત્રણે કાલનો સંબંધ રહે છે, કારણ કે પ્રત્યેક અવસ્થામાં આત્મા નિત્યપણે રહેલો જ છે અને અવસ્થાઓ અનિત્યપણે રહેલી છે તે સહેજ વિચાર કરતાં જણાય છે. વસ્તુને સદસદ્રૂપ એટલે સત્ અને અસત્ માનવાથી, કેટલાક વિરોધીઓ તરફથી, એવો આક્ષેપ કરવામાં આવે છે કે, જૈનો "સત્ અને અસત્" એક વસ્તુમાં માને છે, તે "ટાઢામાં ઊનું અને ઊનામાં ટાઢા જેવું છે." પરંતુ આ તેમનું બોલવું બુદ્ધિની બહારનું છે; કારણ કે જૈનો વસ્તુને સત્ માને છે તે સ્વસ્વરૂપથી, અને અસત્ માને છે તે પરસ્વરૂપથી. દાખલા તરીકે માટીનો ઘડો દ્રવ્યરૂપે માટીનો છે, તે જલરૂપે નથી, ક્ષેત્ર થકી તે કાશીનો બનાવેલો છે, શરદઋતુમાં બનાવેલ નથી, ભાવથી તે લાલ છે, લીલો નથી. આવી રીતે વસ્તુમાત્ર સ્વરૂપથી સત્ છે અને પરરૂપથી અસત્ છે. અર્થાત્ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ થકી સત્ છે, અને પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવ થકી અસત્ છે. હવે વિચારો કે આમાં ટાઢા ઊનાની ક્યાં વાત રહી? આ કંઈ એકબીજાના ગુણધર્મની બાબત નથી; પરંતુ આ તો વસ્તુના સત્ એટલે અસ્તિત્વ અને અસત્ એટલે નાસ્તિત્વની બાબત છે.

વસ્તુ જે સદસદ્રૂપે છે તેમાં જે સત્નું સ્વરૂપ છે તે જાણવાની અતિ આવશ્યકતા છે.

તેના સંબંધમાં ભિન્ન ભિન્ન મતોની માન્યતાઓ પણ ભિન્ન ભિન્ન છે. આ સંબંધમાં પંડિતવર્ય સુખલાલજીએ તત્ત્વાર્થ સૂત્રના પા.નં.૨૨૫ માં જે ઉલ્લેખ કર્યો છે, તેનું અવતરણ આ નીચે કર્યું છે :-

"કોઈ દર્શન, સંપૂર્ણ સત્ પદાર્થને (બ્રહ્માને) કેવળ ધ્રુવ જ (નિત્ય) માને છે. કોઈ દર્શન, સત્ પદાર્થને નિરન્વય ક્ષણિક માત્ર (ઉત્પાદવિનાશશીલ) માને છે. કોઈ દર્શન ચેતન તત્ત્વરૂપ સત્ને, કેવળ ધ્રુવ (કૂટસ્થનિત્ય) અને પ્રકૃતિ તત્ત્વરૂપ સત્ને પરિણામી (નિત્યાનિત્ય) માને છે. કોઈ દર્શન અનેક સત્ પદાર્થોમાંથી, પરમાણુ, કાળ, આત્મા આદિ કેટલાક સત્ તત્ત્વોને કૂટસ્થ નિત્ય અને ઘટ વસ્ર આદિ કેટલાક પદાર્થોને માત્ર ઉત્પાદ, વ્યયશીલ (અનિત્ય) માને છે. પરંતુ જૈનદર્શનનું સત્ સંબંધી, મંતવ્ય ઉપરોક્ત બધા મતોથી ભિન્ન છે." બીજાં દર્શનો માને છે કે, જે સત્ વસ્તુ છે, તે ફક્ત પૂર્ણરૂપે કૂટસ્થનિત્ય અથવા ફક્ત નિરન્વય વિનાશી અથવા એનો અમુક

ભાગ કૂટસ્થ નિત્ય અને અમુક ભાગ પરિણામી નિત્ય, અથવા એનો કોઈ ભાગ ફક્ત નિત્ય અને કોઈ ભાગ ફક્ત અનિત્ય માને છે. પરંતુ આ તેમની માન્યતાઓ યોગ્ય નથી.

"જૈનદર્શન માને છે કે ચેતન અથવા જડ, મૂર્ત અથવા અમૂર્ત, સૂક્ષ્મ અથવા સ્થૂલ, બધી સત્ કહેવાતી વસ્તુઓ, ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યરૂપે ત્રિરૂપ છે. પ્રત્યેક વસ્તુમાં બે અંશ છેઃ એક અંશ એવો છે કે જે ત્રણ કાળમાં શાશ્વત છે અને બીજો અંશ સદા અશાશ્વત છે. શાશ્વત અંશના કારણથી પ્રત્યેક વસ્તુ ધ્રૌવ્યાત્મક (સ્થિર) અને અશાશ્વત અંશના કારણથી ઉત્પાદ, વ્યયાત્મક (અસ્થિર) કહેવાય છે. આ બે અંશમાંથી કોઈ એક બાજુએ દૃષ્ટિ જવાથી, અને બીજી બાજુએ ન જવાથી, વસ્તુ ફક્ત સ્થિરરૂપ, અથવા ફક્ત અસ્થિરરૂપ માલૂમ પડે છે. પરંતુ બંને અંશોની બાજુએ દૃષ્ટિ આપવાથી વસ્તુનું પૂર્ણ અને યથાર્થ સ્વરૂપ માલૂમ પડે છે."

આ પ્રમાણે જો સત્નું વાસ્તવિક સ્વરૂપ સમજવામાં આવે, તો પછી કોઈ જાતની ચર્ચા, ટીકા કે ઉપેક્ષાને સ્થાન જ રહેતું નથી, એટલું જ નહીં પરંતુ તેથી સર્વની સાથે સમન્વય પણ સાથી શકાશે. અને છૂટા છૂટા અંકોડા ભેગા મળતાં એક સાંકળના રૂપે તે થાય છે, તેમ સૌ કોઈ દર્શનવાળા પ્રેમ-ગ્રંથિમાં સદાને માટે જોડાઈને રહેશે, એ નક્કી છે. સ્યાદ્વાદ સિદ્ધાંત આ પ્રમાણે એક સજ્જન મિત્રની ગરજ સારે છે.

વળી આ જે જગત દેખાય છે, તે કોઈએ બનાવ્યું નથી, તેમ તે શૂન્યમાંથી ઉદ્ભવ્યું પણ નથી. તે તો સદાકાળથી ચાલતું આવ્યું છે, ચાલશે અને ચાલવાનું છે. તે અનાદિ અનંત છે. તેની અંદર રહેલા સઘળા પદાર્થો (જડ અને ચેતન), તે સર્વ ઉત્પાદ વ્યય અને ધ્રુવયુક્ત છે. જગતમાં કશું નવું ઉત્પન્ન થતું નથી, તેમ કોઈનો સમૂળગો નાશ પણ નથી. પદાર્થોનું જે રૂપાંતર થાય છે તેનો જ, એટલે પર્યાયનો જ નાશ છે. બાકી વસ્તુનું સત્ત્વ તો સદાય કાળ કાયમ જ રહે છે. ●દેશવત્સલ બાપુજી સ્યાદ્વાદના સિદ્ધાંતનો અભિપ્રાય આપતાં કહે છે, "આ જગત પરિવર્તનશીલ છે, પછીથી ભલે ને મને કોઈ સ્યાદ્વાદી કહે." સ્વામીજી રામતીર્થ તો જગત ઈશ્વરે બનાવ્યું કહેનારનો ઉપહાસ કરી કહે કે, તેવું કહેનાર "ઘોડા આગળ ગાડી મૂકે છે." વળી આગળ જતાં કહે છે કે, પરમેશ્વરે જ્યારે જગત બનાવ્યું, ત્યારે કોઈ જગત ઉપર ઊભા રહીને તો બનાવ્યું હશે? ટૂંકાણમાં આ જગત કોઈએ બનાવ્યું નથી. તે અનાદિકાલથી ચાલતું આવ્યું છે.

વળી જગતમાં કેવળ બ્રહ્મ જ સત્ છે, અને બાકીનું બીજું બધું અસત્ છે તે માન્યતા પણ બુદ્ધિમાં ઉતરે તેવી નથી. આ માટે પ્રૉ. રાધાકૃષ્ણન શું કહે છે તે જોઈએ! પ્રૉ. રાધાકૃષ્ણન પોતાના બનાવેલા 'ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન' પુસ્તકમાં લખે છે કે : "પદાર્થોની અનેકતા, સ્થળ કાળના ભેદ, કાર્યકારણના સંબંધો, દૃશ્ય અને અદૃશ્યના વિરોધો, એ ઉપનિષદ્ મત અનુસાર પરમ સત્ય નથી, એમ અમે કબૂલ કરીએ છીએ;

● 'જૈન તત્ત્વસાર સારાંશ' નામનું મેં પુસ્તક લખ્યું છે તેમાં સ્યાદ્વાદ માટે તત્ત્વજ્ઞોએ આપેલા અભિપ્રાયો બધા દર્શાવ્યા છે તેમાંથી આ બીના લખી છે.

પણ એમ કહેવાનો અર્થ એવો નથી કે, આ તત્ત્વો અવિદ્યમાન છે અર્થાત્ તેની હસ્તી નથી." વળી આગળ જતાં તેઓ મહાશય તેમાં જણાવે છે કે - "આપણે જગતના જીવો તથા વસ્તુઓને કોઈ પદાર્થની પડછાયા માનીએ તો પણ, જ્યાં સુધી એ પદાર્થ ખરેખાત હસ્તી ધરાવે છે ત્યાં સુધી તેના પડછાયાની હસ્તી પણ સાપેક્ષપણે સાચી છે. જગતની વસ્તુઓ, એ સત્ય પદાર્થની અધૂરી છબીઓ છે, એ સાચું; પણ તે અક્ષરશઃ સત્ય છે એમ અનુભવાશે. આથી પણ સત્યપણે જોઈ શકાશે કે, કોઈ પણ વસ્તુ એકાંતે માનવાથી તેનું સંપૂર્ણ સ્વરૂપ અવલોકી શકાશે નહીં. પરંતુ જ્યારે તેને અનેકાંત દૃષ્ટિથી નિહાળીશું ત્યારે જ તે અવલોકી શકાશે.

## સામાન્ય-વિશેષ

હવે સામાન્ય વિશેષની બાબતમાં લખવાનું કે, જૈન દર્શન સામાન્ય વિશેષને પદાર્થોના ગુણ માને છે. તેને કંઈ સ્વતંત્ર પદાર્થ માનતું નથી. ધર્મીથી ધર્મ કદાપિ જુદો હોઈ શકે નહીં. માટે સામાન્ય અને વિશેષને જે પદાર્થોથી જુદા માને છે, તેમની માન્યતા યોગ્ય નથી, કારણ કે સામાન્ય વિશેષ પદાર્થોમાં અભિન્ન રૂપે છે. જૈન દર્શન પ્રમાણે, સામાન્ય વિશેષ તે પદાર્થોના સ્વભાવ છે, કારણ કે ગુણી ગુણીનો એકાંત ભેદ નથી. સામાન્ય વિશેષને પદાર્થોથી સર્વથા ભિન્ન માનવાથી, એક વસ્તુમાં સામાન્ય વિશેષ સંબંધ બની શકશે નહીં અને જો સામાન્ય વિશેષને પદાર્થોથી સર્વથા અભિન્ન માનવામાં આવશે, તો પદાર્થ અને સામાન્ય વિશેષ એકરૂપ થઈ જશે, જેથી બેમાંથી એકનો અભાવ માનવો પડશે. આથી સામાન્ય વિશેષનો વ્યવહાર પણ નહીં બની શકે! કારણ કે સામાન્ય વિશેષરૂપ વસ્તુની પ્રતીતિ આપણને પ્રમાણથી પણ સિદ્ધ થાય છે. આથી જેઓ સામાન્ય વિશેષને પદાર્થોથી ભિન્ન માને છે અને નિરપેક્ષ માને છે તે યુક્ત નથી.

સામાન્ય એ વિશેષમાં ઓતપ્રોત છે, અને વિશેષો અભિન્ન સામાન્યની ભૂમિકા ઉપર જ રહેલા છે. તેથી વસ્તુમાત્ર અવિભાજ્ય એવા સામાન્ય વિશેષ ઉભયરૂપ સિદ્ધ થાય છે. દાખલા તરીકે જો આપણે વિશેષ વિનાનું કેવળ સામાન્ય માનીએ, તો વિશેષો છોડી જ દેવા પડશે; કે જેથી કડું, કુંડળ આદિ અનેક આકારોને, વિચાર અને વાણીમાંથી ફેંકી દઈ, માત્ર સોનું જ છે, એટલો વ્યવહાર કરવો પડશે અને આ પ્રમાણે સામાન્ય વિનાના કેવળ વિશેષોને આવકારીશું તો, સોનાને ફેંકી દઈ, માત્ર વિચારવાણીમાં કડું, કુંડળ આદિ આકારો જ વિચાર-પ્રદેશમાં લાવવા પડશે; આપણા અનુભવથી એ બિના ઊલટી છે; કારણ કે કોઈ પણ વિચાર અથવા વાણી, માત્ર સામાન્ય કે માત્ર વિશેષને અવલંબી પ્રવર્તતા નથી, તેથી તે બન્ને ભિન્ન છે, છતાં પરસ્પર અભિન્ન છે એ સિદ્ધ થાય છે.

## સામાન્ય વિશેષની પેઠે વાચક અને વાચ્યનો સંબંધ પણ ભિન્નાભિન્ન છે.

ઘટાદિ પદાર્થો, સામાન્ય વિશેષરૂપ છે; તેમ વાચક અને વાચ્ય શબ્દો પણ

સામાન્ય વિશેષરૂપ છે, કારણ કે શબ્દ (વાચા) અને અર્થ (વાચ્ય)નો કથચિત્ તાદાત્મ્ય સંબંધ માનેલો છે. પરમશ્રુત શ્રીમદ્ ભદ્રબાહુ સ્વામીજીએ પણ કહેલું છે કે 'વાચક વાચ્ય ભિન્ન પણ છે તેમ અભિન્ન પણ છે.' દાખલા તરીકે 'છરા' શબ્દનું ઉચ્ચારણ કરતી વખતે બોલનારનું મુખ તેમ સાંભળનારના કાન છેદાતા નથી; અગ્નિ શબ્દ બોલવાથી કોઈ બળતું નથી, તેમ મોદક શબ્દ બોલવાથી કાંઈ મોઢું ભરાતું નથી. આથી સ્પષ્ટ સમજી શકાશે કે વાચકથી વાચ્ય ભિન્ન છે.

વળી છરો બોલવાથી છરાનું જ જ્ઞાન થાય છે, અગ્નિનું થતું નથી; તેમ અગ્નિ શબ્દ બોલવાથી કાંઈ મોદકનું જ્ઞાન થતું નથી, તેમ અગ્નિ બોલવાથી કાંઈ મોદકનું જ્ઞાન થતું નથી, અગ્નિનું જ થાય છે. આ પ્રમાણે ગણતાં વાચક અને વાચ્ય અભિન્ન છે.

વળી વિકલ્પથી શબ્દ ઉત્પન્ન થાય છે અને શબ્દથી વિકલ્પ ઉત્પન્ન થાય છે. આથી જોઈ શકાશે કે શબ્દનો અને વિકલ્પને કાર્યકારણ સંબંધ છે. છતાં શબ્દ પોતાના અર્થથી ભિન્ન છે.

હવે આપણે નિત્યાનિત્ય સંબંધી વિચાર કરીશું. નિત્ય-અનિત્યઃ- નિત્યાનિત્ય સંબંધમાં, લખવાનું કે, દીપકથી માંડીને આકાશ સુધીના સઘળા પદાર્થો, નિત્યાનિત્ય સ્વભાવવાળા છેઃ કોઈ પણ પદાર્થ સ્યાદ્વાદની મર્યાદાનું ઉલ્લંઘન કરતો નથી. જૈન દર્શન ઉત્પાદ, વ્યય અને ધ્રુવયુક્ત દરેક પદાર્થો છે એમ માને છે. દાખલા તરીકે, દીપક પર્યાયમાં પરિણત તૈજસનાં પરમાણુઓના સમાપ્ત થવાથી કે વાયુનો ઝોક લાગવાથી દીપક ગુલ થાય છે, છતાં તે સર્વથા અનિત્ય નથી, કારણ કે તેજના પરમાણું, તમરૂપ પર્યાયમાં, પુદ્ગલ-દ્રવ્યરૂપથી મોજૂદ છે. આવી રીતે પૂર્વ પર્યાયનો નાશ અને નવા પર્યાયના ઉત્પન્નને લીધે, દીપકની અનિત્યતા ક્યાં રહી? વળી માટીનો ઘડો બનાવતી વખતે, તેની જુદી જુદી અવસ્થાઓ કોશ, શિવક આદિ થાય છે, પરંતુ તેમાં માટીનો કંઈ અભાવ માલૂમ પડતો નથી, તેમાં માટી આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ.

એ પ્રમાણે દીપકમાં આપણે નિત્યત્વ અને અનિત્યત્વ ધર્મ જોઈએ છીએ. જેમ તેનું અનિત્યત્વ સાધારણ છે તેમ નિત્યત્વ પણ સાધારણ સિદ્ધ થાય છે.

કેટલાક દર્શનવાળા અંધકારને પ્રકાશના અભાવરૂપ માને છે, તેથી એમ સિદ્ધ થાય છે કે અંધકાર એ કોઈ સ્વતંત્ર પદાર્થ નથી, પરંતુ તે પ્રકાશનો અભાવ છે કે અંધકાર એ કોઈ સ્વતંત્ર પદાર્થ નથી. પરંતુ તે પ્રકાશનો અભાવ છે. અને આથી તેઓ દીપકને નિત્ય માનતા નથી. પરંતુ આ યોગ્ય નથી, કારણ કે તે પણ પ્રકાશની માફક સ્વતંત્ર દ્રવ્ય છે. તે પણ પુદ્ગલનો પર્યાય છે. દીપક અને ચંદ્રમાના પ્રકાશ જેમ ચાક્ષુષ છે (ચક્ષુઓથી દેખી શકાય. તેવા) તેમ તેમ (અંધકાર) પણ ચાક્ષુષ છે, અને અંધકાર રૂપવાન હોવાથી સ્પર્શવાન પણ છે, કારણ કે તેનો સ્પર્શ શીત છે. પુદ્ગલનાં લક્ષણ માટે નવતત્ત્વમાં ૧૧મી નીચેની ગાથા આપી છે તે ઉપરથી વિશેષ સિદ્ધ થશેઃ

सद्दंधयारे उज्जोअ, पआछायातवेहि अ ।
वन्न गंध रसाफासा, पुग्गलाणं तु लक्खणं ॥११॥

**અર્થ :-** શબ્દ, અંધકાર, ઉજાસ, પ્રભા, છાયા તેમજ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ પુદ્ગલનાં લક્ષણ છે. આ ઉપરથી સિદ્ધ થશે કે અંધકાર એ પણ સ્વતંત્ર દ્રવ્ય છે અને તે પણ પુદ્ગલનો પર્યાય છે.

કેટલાક દર્શનકારો 'શબ્દ'ને પણ આકાશનો ગુણ માને છે. તે ખકુસુમવત્ છે. અને વંધ્યાના પુત્રની જેમ ગણાય. આકાશ તો અરૂપી છે. હવે વિચારો કે અરૂપીનો ગુણ રૂપો કેવી રીતે હોઈ શકે? તેમ કહેવું એ તો બુદ્ધિની પણ બહારનો વિષય ગણાય! હવે તો રેડીઓ, ફોનોગ્રાફ, ટેલિફોન વગેરેએ સિદ્ધ કરી આપ્યું છે કે 'શબ્દ' એ પુદ્ગલ છે. જો તે રૂપી ના હોય તો પકડાય શી રીતે? એક સ્થળેથી બીજે સ્થળે મોકલી પણ શી રીતે શકાય? પરમાણુઓ સ્થૂળ અને સૂક્ષ્મ બે જાતનાં છે. સૂક્ષ્મ પરમાણુ ચર્મ ચક્ષુથી દેખી શકાતાં નથી, બાકી દિવ્ય જ્ઞાનથી તે દેખી શકાય છે. આવી રીતે અંધકાર એ પણ સ્વતંત્ર પુદ્ગલ છે, પરંતુ તે તેજનો અભાવ નથી.

## સ્યાદ્વાદ એ સંશયવાદ નથી.

સ્યાદ્વાદ એ સંશયવાદ છે પણ નિશ્ચયવાદ નથી, તેમ કહેનાર મોટી ભીંત ભૂલે છે. અને તેમનામાં સ્યાદ્વાદ સમજવાનું તે અજ્ઞાનપણું સૂચવે છે.

સ્યાદ્વાદ પદાર્થોને જુદી જુદી અપેક્ષાથી જુદી જુદી દષ્ટિએ અવલોકવાનું કહે છે.

જો કોઈ પણ વસ્તુ, ચોક્કસરૂપે સમજવામાં ન આવે તો સંશય કહેવાય! દાખલા તરીકે કોઈ અંધકારમાં દોરડું જોઈ સર્પ કલ્પે અથવા તો અંધકારમાં ઝાડનું ઠૂંઠું જોઈ માણસ ધારે તો તે સંશયવાદ કહેવાય છે, પરંતુ આ તો એકને એક બે, તેમ દીવાની જ્યોત પેઠે ચોખ્ખું છે. કારણ કે કોઈ વસ્તુ અપેક્ષાએ અસ્તિ છે એ નિશ્ચિત વાત છે, કોઈ અપેક્ષાએ નાસ્તિ છે એ પણ નિશ્ચિત વાત છે, તેમજ એક વખતે એક રૂપે નિત્ય એ પણ નિશ્ચિત વાત છે. તેમ બીજી દષ્ટિએ અનિત્ય એ પણ નિશ્ચિત વાત છે. આવી રીતે એક પદાર્થમાં ભિન્ન ભિન્ન ધર્મોનો મેળ બેસાડવો તેનું નામ સ્યાદ્વાદ છે, પણ તે સંશયવાદ નથી. ૐ શાંતિઃ

## સ્યાદ્વાદમાં સર્વદષ્ટિ-સમાધાન છે
## તે ઉપર અધ્યાત્મભાવના

હે આત્મન્ !

સ્યાદ્વાદ સિદ્ધાંત જે ધર્મની એરણ પર જ ઘડાયેલો છે તેની અધ્યાત્મભાવના શું લખવી?

કોઈ પણ દષ્ટિને જ્યારે 'સ્યાત્', શબ્દ લગાડાય છે ત્યારે તે સમ્યગદષ્ટિ બને છે અને તેનું મિથ્યાત્વ (અજ્ઞાન) દૂર થાય છે. જે સમ્યકદૃષ્ટિ જીવ છે, તેને મન તો બધી ય દુનિયા સરખી છે, वसुधैव कुटुंबकम् આખી દુનિયાને તે કુટુંબ તુલ્ય માને છે તેને નથી કોઈના ઉપર રાગ કે નથી કોઈ ઉપર દ્વેષ થતો. તેને કોઈ માન આપો કે અપમાન કરો, નિંદો કે વંદો, તે સૌ સરખું છે. પથ્થર હોય કે સોનું હોય તે પણ તેને મન તો સરખું જ છે. આવા સમ્યગદષ્ટિ જીવો જ, સલામત રીતે સંસારસાગર તરી જાય છે અને સદાય ધર્મની તલ્લીનતામાં તે લયલીન રહે છે. આટલા માટે સ્યાદ્વાદદષ્ટિ ગ્રહણ કરવાની પ્રભુઆજ્ઞા છે- જિનાજ્ઞા છે.

તા.ક. આની વિશેષ ખાતરી માટે અહિંસાને સ્યાદ્વાદના સિદ્ધાંતને કેવો નિકટનો સંબંધ છે તે વાચકવૃંદને નીચેનો ફકરો વાંચવાથી સ્પષ્ટ સમજાશે. 'ઉત્તરહિંદુસ્તાનમાં જૈનધર્મ.' : લેખક ચીમનલાલ જૈચંદ શાહ, એમ.એ.ના પુસ્તકમાં પાના નં. ૫૪માં તે બાબતનો ઉલ્લેખ હું દરેક વાચકને વાંચવા ભલામણ કરું છું.

આમ જો અહિંસા એ જૈન ધર્મનો મુખ્ય નૈતિક ગુણવિશેષ ગણાય તો સ્યાદ્વાદ એ જૈન અધ્યાત્મવાદનું અદ્વિતીય લક્ષણ ગણાય અને શાશ્વત જગતના કર્તા એવા સંપૂર્ણ ઈશ્વરનો સ્પષ્ટ નિષેધ કરીને જૈનધર્મ જણાવે છે કે "હે મનુષ્ય! તું તારો જ મિત્ર છે." આ સંદેશને અનુલક્ષીને જ જૈન વિધિવિધાનોની ગૂંથણી થઈ છે.

•

નોટઃ- દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ વસ્તુ નિત્ય, અવાચ્ય અને સત્ છે તથા પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અનિત્ય, વિશેષ વાચ્ય અને અસત્ છે. આથી નિત્યાનિત્યવાદ, સામાન્ય વિશેષવાદ, અભિલાપ્યાનભિલાપ્યવાદ તથા સદસદ્વાદ આ ચારે વાદોનો સ્યાદ્વાદમાં સમાવેશ થઈ જાય છે.

## ૭

# સ્યાદ્વાદ કાર્યસાધક છે.

આગળ જણાવી ગયા છીએ કે, પ્રત્યેક વસ્તુ સદસદ્રૂપ છે; એટલે તે સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર સ્વકાળ અને સ્વભાવે કરીને સત્ છે અને પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવે કરીને અસત્ છે. આવી રીતે સ્યાદ્વાદ દરેક વસ્તુને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી માપે છે. તેમ શાસ્ત્રમાં પણ આજ્ઞા છે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ પ્રમાણે ચાલવું. આથી પરિણામ એ આવે છે કે, કોઈ પણ વ્યક્તિ આ પ્રમાણે વિચાર કરીને ચાલે છે તો તે અવશ્ય તેના કાર્યમાં સફળતા મેળવે છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ચાલવું એટલે આર્યક્ષેત્ર, આર્યકુળ, આર્યધર્મ દ્વારા સદ્ભાવથી કરેલી સુકૃત કમાઈનો સદુપયોગ કરી આધ્યાત્મિક જીવન જીવવું. વ્યાવહારિક જીવનમાં પણ આ ભાવોથી જીવીએ તો જીવન સુકૃતદાયી બની રહે. દાખલા તરીકે, એક માણસે મિલ કરવાનો મનસૂબો કર્યો. હવે તે દ્રવ્યથી વિચારે કે મિલ કરવા માટે તેમ જ તેને પહોંચી વળવા માટે મારી પાસે પૂરતાં નાણાંનો જોગ છે કે કેમ? વળી ક્ષેત્રથી વિચાર કરે કે, તેને માટે આ ક્ષેત્ર અનુકૂળ છે કે કેમ? ભાવથી વિચાર કરે કે, હું તેમાં દૃઢ રહી શકીશ કે કેમ? તેમ વાતાવરણ અને આગળ-પાછળના સંજોગો અનુકૂળ છે કે કેમ? વગેરે પરિપક્વ વિચાર કરીને બધી રીતે અનુકૂળતા લાગે અને મિલ કરે તો તે અવશ્ય તેના કામમાં સફળતા મેળવે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી વિચારી કામ કરનાર કદી પણ સાહસિક કે આંધળું પગલું ભરતો નથી અને પુખ્ત વિચાર કરી કામ કરે છે, જેથી તેને ભવિષ્યમાં કદી પણ પશ્ચાત્તાપ કરવાનો વખત આવતો નથી. તેમ તે કદી પણ નાઉમેદ કે નાહિંમત કે નિરુત્સાહી થતો નથી. તેમ તે હરેક કામમાં વિજયવંત થાય છે. ત્રીજા વિષયમાં જે "વ્યક્તિવિશિષ્ટતા"નો વિષય વર્ણવ્યો છે તેની ખિલવણીમાં પણ તે એક અજોડ ચાવીરૂપ છે. આથી પરિણામ એ આવે છે કે મનુષ્યને દિનપરદિન તેના કામમાં સફળતા મળવાથી તે પોતાના કામમાં હમેશાં ઉદ્યમી, પરાક્રમી અને પ્રગતિશીલ થાય છે.

પ્રગતિશીલ વ્યક્તિએ તો, હંમેશાં પોતાના રોજિંદા કામમાં પણ તેનો ઉપયોગ કરી ચાલવું તે જ ડહાપણભર્યું છે, કારણ કે માનવ જીવનમાં તે સુખસંપત્તિની ચાવીરૂપ છે. ૐ શાંતિઃ

## દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ઉપર અધ્યાત્મભાવના

હે આત્મન્!

તું આર્યક્ષેત્રમાં જન્મી, સાનુકૂળ સમય પામી, શમ્યક્ભાવના ભાવી, તારી સુકૃત કમાઈનો સદુપયોગ કર અને તારા ભાવી જીવનનો સમ્યક્ભાવે વિચાર કરી, તારા સંસારની સફર સફળ કર. સ્યાદ્વાદ સિદ્ધાંતનો પણ તે જ મર્મ છે.

છેવટ ઉપસંહારમાં લખવાનું કે સ્યાદ્વાદ કે અનેકાંતવાદનું મુખ્ય ધ્યેય સંપૂર્ણ દર્શનોને સમાનભાવે દેખી, મધ્યસ્થભાવના પ્રાપ્ત કરવાનું છે અને તે જ ધર્મવાદ છે અને તે જ શાસ્ત્રોનો વાસ્તવિક ધર્મ છે.

જેવી રીતે પિતા પુત્ર ઉપર સમભાવ રાખે છે તે જ પ્રમાણે અનેકાંતવાદ સંપૂર્ણ નયોને સમાનભાવે લખે છે.

જેમ તમામ નદીઓ સમુદ્રને મળે છે, તેમ સંપૂર્ણ દર્શનોનો અનેકાંતવાદમાં સમાવેશ છે અને જૈન દર્શન સર્વ દર્શનોનો સમન્વય કરે છે. ૐ શાંતિઃ

•

શબ્દસમૂહને જેમ વૈયાકરણીઓએ વ્યાકરણમાં નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ અને અવ્યય આદિમાં આવશ્યક ભેદો પાડી અભ્યાસીઓના માર્ગમાં જેમ સરળતા કરી આપે છે તેમ શ્રીમદ્ હરિભદ્રસૂરીના કથન પ્રમાણે નયમાર્ગ અપેક્ષાઓની સંખ્યા ગણનાતીત હોવા છતાં કુશાગ્રબુદ્ધિ આચાર્યોએ દીર્ઘ મનન પછી માત્ર સાત નયોમાં જ તે મહાન સમૂહને વહેંચી નાંખ્યો છે.

८

# સ્યાદ્વાદનો સમસ્ત વિશ્વની સાથે મેળ છે.

मानसशास्त्र के विद्वान प्रो. विलियम जेम्स (W. James)ने भी लिखा है। साधारण मनुष्य इन सब दुनियाओंका एक दूसरे से असम्बर्ध्थ तथा अन अपेक्षित रूप से ज्ञान करता है ! पूर्ण तत्त्ववोत्ता वही है, जो संपूर्ण दुनियांओं से एक दूसरे से संबंद्ध और अपेक्षित रूप में जानता है !

•स्याद्वादमंजरी पान. ३१

પ્રૉ. વિલિયમ જેમ્સના અભિપ્રાયનું આપણે પૃથ્થકરણ કરીશું તો આપણને સ્પષ્ટ જણાશે કે જેની અપેક્ષિત દૃષ્ટિ છે તે જ સકલ વિશ્વની સાથે પોતાના સંબંધો બાંધી શકે છે, દુનિયાના અવનવા બનાવો જાણી શકે છે, સૌની સાથે મનગમતો મેળ સાધી શકે છે, અને પોતના માર્ગને મોકળો કરી શકે છે. ત્યારે નિરપેક્ષ દૃષ્ટિવાળો એટલે સાધારણ બુદ્ધિવાળો, આ વિશાળ દુનિયામાં કોઈની સાથે સંબંધો બાંધી શકતો નથી, તેમ પોતાના કામમાં તે આગળ પણ વધી શકતો નથી. આથી ફલિતાર્થ એ છે કે જે અપેક્ષિત દૃષ્ટિ છે - સાપેક્ષ દૃષ્ટિ છે તે દૃષ્ટિ જ જીવનની માર્ગદર્શક છે. આથી સ્પષ્ટ સમજાશે કે એકાંત દૃષ્ટિ કરતાં અનેકાંત દૃષ્ટિ કેટલી હિતાવહ છે! આ જ પ્રૉ. વિલિયમ જેમ્સના કથનનો સાર છે.

અનેકાંત પ્રકારની વિચારપદ્ધતિ એ સર્વ દિશાથી સર્વ રીતે ખુલ્લાં માનસચક્ષુ છે. તે જ્ઞાનના વિચાર કે આચરણના કોઈ પણ વિષયમાં સંકીર્ણ દૃષ્ટિનો નિષેધ કરે છે. શક્ય હોય તેટલી અધિકમાં અધિક બાજુઓથી અધિકમાં અધિક દૃષ્ટિકોણથી, અને અધિકમાં અધિક માર્મિક રીતિથી બધા વિચારો કે આચરણ કરવામાં પક્ષપાત કરે છે અને તેનો બધો પક્ષપાત સત્ય આશ્રિત છે. અનેકાંત અને અહિંસા એ બંને તત્ત્વો મહાનમાં મહાન તત્ત્વો છે, તેમજ તે બંન્ને જૈનધર્મના આધારસ્તંભો છે, તે બંને પ્રતિભાસંપન્ન અને પ્રભાવવાળા સિદ્ધાંતો છે. અહિંસાનો નાદ તો દેશવત્સલ બાપુજીએ સકળ જગતમાં અત્યારે ગુંજતો કર્યો છે. હવે તેના પ્રતીકરૂપ સ્યાદ્વાદ સિદ્ધાંતને

• The Principles of Psychology Vol.A 20 pages 261

અપનાવવાની અતિ જરૂર છે. દેશનું સંગઠનબળ વધારવામાં તેમજ સમ્યગ્ જ્ઞાન right knowledge પ્રાપ્ત કરવાનો તે અત્યુત્તમ માર્ગ છે. પ્રત્યેક ક્ષેત્રમાં અહિંસા અને અનેકાંત દૃષ્ટિને પ્રજ્ઞાપૂર્વક લાગુ કરવાથી સમસ્ત વિશ્વની સાથે તેનો મેળ સાધી શકાશે.

સ્યાદ્વાદનો પરમ (ઉત્કૃષ્ટ) ઉદ્દેશ દર્શનશાસ્ત્રોના ઝઘડા ટાળી, સમન્વય સાધી જનતાને સમગ્ર જ્ઞાન પમાડી મુક્તિગામી કરવાનો છે. છતાં વ્યવહારુપણે તેની કંઈ ઓછી ઉપયોગિતા નથી. વ્યવહારમાં સ્યાદ્વાદ આપણને કેવી રીતે મદદ કરે છે તેનો ટૂંક ખ્યાલ નીચેના લખાણથી વાચકવૃંદને આવી શકશે.

## કર્મોપાસના

કર્મોપાસના માટે જ્ઞાનીઓએ નિશ્ચય અને વ્યવહાર - બે માર્ગ બતાવ્યા છે. તેમાં જે નિશ્ચયમાર્ગ છે તે આત્મલક્ષી છે, દિશાસૂચન કરનારો માર્ગ છે, માટે તેને અનુલક્ષીને વ્યવહારુ દરેક પ્રવૃત્તિઓ કરવાની છે. મનુષ્યમાત્રના આ લોક અને પરલોક એમ ઉભય લોકનું સાર્થક કરવાનો આ જ ઉત્તમ માર્ગ છે. આ માટે જ શ્રીમન્મહોપાધ્યાયજી શ્રીયશોવિજયજી મહારાજે કહ્યું છે :-

***નિશ્ચય દૃષ્ટિ ચિત્ત ધરીજી પાળે જે વ્યવહાર***
***પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર.***

ઈંગ્લિશમાં પણ કહ્યું છે :- Ask your conscience and then do it. તારા આત્માને પૂછ અને પછી દરેક કાર્ય કર. આત્મા એ જ માનવીનો સાચો મિત્ર છે, તેના જેવો ઉચ્ચ મિત્ર જગતમાં કોઈ નથી. તેને પૂછાશે તો તે દરેક વખતે સાચી જ સલાહ આપશે.

સ્યાદ્વાદ દૃષ્ટિ સમકિતી દૃષ્ટિ છે એટલે નિશ્ચયદૃષ્ટિ છે. અને ઉપર આપણે બતાવ્યું તેમ દરેક વ્યવહારુ કાર્યો નિશ્ચયદૃષ્ટિને અનુસરીને જ કરવાનાં છે આવી રીતે સ્યાદ્વાદ દૃષ્ટિ જગતના જીવોનું કલ્યાણ કરવાનો પરમોત્કૃષ્ટ માર્ગ છે.

***ઉન્નતિના ધવલ (ઉજ્જવલ) ગિરિ ઉપર જવાનો મનુષ્યમાત્રને માટે જો કોઈ રૉયલ રોડ (રાજ માર્ગ) હોય તો તે આ જ છે.***

## વ્યાપાર

વ્યાપારમાં પણ આપણે જોઈશું તો તેમાં પણ એકાંત દૃષ્ટિને તિલાંજલી આપી આપણે અનેકાંત દૃષ્ટિનું શરણ લેવું પડશે આપણામાં હજુ પણ કેટલીક જૂની રૂઢિના માણસો માને છે કે "આપણે તો બાપદાદા જે ધંધો કરતા આવ્યા છે તે કરીએ" હવે જો બાપદાદાના ધંધામાં મહેનત અને મૂડીના પ્રમાણમાં કંઈ યોગ્ય મહેનતાણું ના મળતું હોય અને કસ વિનાનો ધંધો હોય તો "બાપના કૂવામાં બૂડી મરવાથી શો ફાયદો છે?" દુનિયા કેટલી આગળ વધી છે તે તેણે જોવું જોઈએ અને પોતાની આવડત

અને મુડીના પ્રમાણમાં દુનિયાના હજારો ધંધામાંથી એક ધંધો ખોળી લેવો જોઈએ? સારમાં કહેવાનું કે, એકાંત બુદ્ધિને, હઠીલાઈથી ન પકડી લેતાં તેણે અનેકાંત દૃષ્ટિનું અવલંબન લેવું જોઈએ અને એ જ તેના હિતનો ઉત્તમ માર્ગ છે.

## જ્ઞાતિના હાનિકારક રિવાજો

આપણામાં ઘણા કુરિવાજો ઘર કરી ગયા છે. તેમાંના ફરજિયાત નાતવરાના હાનિકારક રિવાજ સંબંધી આપણે અવલોકન કરીએ.

જ્ઞાતિ એ સમસ્ત જ્ઞાતિજનોનું આત્મદ્રવ્ય છે અને નાતીલા એ સમસ્ત જ્ઞાતિરૂપી આત્મ-દ્રવ્યના પર્યાયો છે. દ્રવ્યથી પર્યાય હંમેશાં અભિન્ન છે, એકબીજા સાપેક્ષ છે; જેથી નાતીલામાં સમગ્ર જ્ઞાતિના આત્મદ્રવ્યનું દ્રવ્યત્વ સદા વહ્યા જ કરે છે. બધાને ફરજિયાત રિવાજ હોવાથી નાતવરો કરવો જ પડે છે. આથી પરિણામ શું આવે છે તે આપણે નિહાળીએ. હવે જ્ઞાતિમાં જેઓ સ્થિતિસંપન્ન છે તેઓના નાતવરા કરવાથી કંઈ જ્ઞાતિને ઝાઝી અસર થશે નહીં. પરંતુ જ્યારે ગરીબોના વારા આવે છે ત્યારે ફરજિયાત વરો કરવાનો રિવાજ હોવાથી ઘરનું રાચ-રચીલું વેચી દે છે, કરજે નાણાં લાવે છે. આમ દેવાનો દાસ બને છે અને પરિણામ એ આવે છે કે સમગ્ર જ્ઞાતિના આત્મ-દ્રવ્યનું એક અંગ નબળું પડે છે અને આવા ગરીબોની અધિક સંખ્યા થતાં જ્ઞાતિદ્રવ્ય છેવટે નબળું પડે છે. શરીરના એક અંગને પક્ષાઘાત થવાથી સમસ્ત શરીરની કેવી દશા થાય છે? તેવી રીતે જ્ઞાતિદ્રવ્યનાં અંગ નબળાં પડતાં જતે દિવસે તે જ્ઞાતિનો હ્રાસ થશે. માટે આવા હાનિકારક રિવાજોને દૂર કરવાનું સ્યાદ્વાદ સિદ્ધાંત ઉપરથી પણ શીખી શકાય છે.

## રાજકીય દૃષ્ટિ અંગે

આપણું સમસ્ત ભારતવર્ષ એ ભારતવાસીઓનું આત્મદ્રવ્ય છે અને ભારતવાસીઓ તે આત્મ-દ્રવ્યના પર્યાયો છે. જેથી સમસ્ત ભારતવાસીઓમાં સમગ્ર ભારતવર્ષની ભાવના અખંડિતપણે વહેતી જોઈએ છીએ. આત્માની બાળ, યુવા, વૃદ્ધાવસ્થા થાય છે, તેમાં આત્મદ્રવ્ય તો બધામાં સરખી રીતે રહે છે, તે બંને સાપેક્ષ છે. આ અવસ્થાઓ સ્વતંત્ર થઈ એકબીજાનું વર્ચસ્વ સ્થાપવા જશે તો તેમાં પોતાનો નાશ વહોરશે એટલું જ નહીં, પરંતુ પોતાનું આત્મા પણ ગુમાવી દેશે. તેવી જ રીતે આપણા ભારતવર્ષના સંપ્રદાયો-સમાજો-વાદો સ્વાર્થ કે સત્તાલોભની લાલસાએ સૌ કોઈ પોતાનું વર્ચસ્વ સ્થાપવા જશે અને સમગ્ર ભારતનું હિત ઊંચે મૂકાશે તો તેમની પણ અવસ્થાઓના સંબંધમાં ઉપર બતાવ્યું તેવી સ્થિતિ થશે અને સમગ્ર ભારતનું હિત જોખમાશે. માટે સમસ્ત ભારતવાસીઓએ "ભારત અમારો દેશ છે, અમે તેના પુત્રો છીએ અને તેના સમગ્ર હિતમાં જ અમારું હિત સમાયેલું છે." એવી જ ભાવના

ભાવવી જોઈએ. આ ભાવનાથી જ ભારતનો ઉત્કર્ષ થશે, નહીં તો અત્યારે કોરીઆના શા હાલ છે? તેવી સ્થિતિ છૂટા પડતાં આપણી થશે. આ પ્રમાણે Unity (ઐક્ય)નો પાઠ પણ સ્યાદ્વાદ સિદ્ધાંત ઉપરથી શીખી શકાય છે.

## જ્ઞાતિઅંગે

હવે જ્ઞાતિનો પ્રશ્ન આપણે સપ્તભંગીથી ઉકેલીએ. કોઈ પણ વસ્તુનું તેના એક ધર્મને લઈ ભાવ કે અભાવરૂપે વાસ્તવિક કથન તે ભંગ કહેવાય છે. તેના મુખ્ય સત્ અને અસત્ એ બે ભંગ પરત્વે જ આપણે વિચાર કરવાનો છે. જ્યારે તેનો એક ભાગ સદ્‌ભાવ પર્યાયમાં નિયત હોય અર્થાત્ તેના અસ્તિધર્મની વિચારણા હોય ત્યારે સર્મ્વ જ્ઞાતિલાએ જ્ઞાતિના ઉત્કર્ષનો સવાલ ધારી એકત્ર મળવું જોઈએ; કારણ કે સત્ હંમેશાં અભિન્ન, નિત્ય, અવિભક્ત અને વ્યાપક છે અને જ્યારે તેના ધર્મની વિચારણા હોય ત્યારે તેમાં નાતીલાઓએ અપકર્ષનો સવાલ ધારી ભિન્ન થવું જોઈએ, કારણ કે અસત્ હમેશાં અનિત્ય, ભિન્ન, દેશવ્યાપી અને વિભક્ત છે. આ પ્રમાણે સપ્તભંગી પણ ઉત્કર્ષ વખતે ભેગા મળવાનું અને અપકર્ષ સમયે ભિન્ન થવાનું શીખવે છે.

છેવટ લખવાનું કે સ્યાદ્વાદથી અનુક્રમે સમન્વય, અ-વિરોધ, સાધન અને ફળ સુચવાય છે, કારણ કે જ્યાં સમન્વય દષ્ટિ છે ત્યાં વિરોધ શમી જાય છે, અને જ્યાં વિરોધ શમી જાય છે ત્યાં સાધન મળતાં ફળની પ્રાપ્તિ થાય છે.

આમ અનેકાંત દષ્ટિ ગ્રહણ કરતાં ઘણા ઘણા ફાયદા થાય છે. અનેકાંત વાદના પ્રતાપે જ વિશ્વમાં મતાભિમાનનાં અને કદાગ્રહનાં મૂળ ધોવાઈ જશે. માટે સ્યાદ્વાદ માર્ગ ગ્રહણ કરવો એ દરેક તત્ત્વાભિલાષીઓ માટે પરમ હિતાવહ છે કારણ કે સર્વ જગતના કલ્યાણનો તે સર્વોત્કૃષ્ટ અને સર્વોચ્ચ માર્ગ છે અને તે જ સર્વ ઉત્કર્ષનો સુચવનારો છે. ૐ શાંતિઃ

९

# સ્યાદ્વાદની મૌલિકતા અને સિદ્ધિ

स्याद्वाद यही प्रतिपादन करता है, कि हमारा ज्ञान पूर्ण सत्य नहिं कहा जा शकता, वह पदार्थों की अमुक अपेक्षाको लेकर ही होता है, इस लिए हमारा ज्ञान आपेक्षिक सत्य है ।

• • •

**वास्तवमें सत्य एक है, केवल सत्य की प्राप्ति के मार्ग जुदा जुदा है! अल्प शक्तिवाले छद्मस्थ जीव इस सत्य का पूर्ण रूप से ज्ञान करने में असमर्थ है, इस लिए उनका संपूर्ण ज्ञान आपेक्षिक सत्य ही कहा जाता है । वही जैन दर्शन की अनेकांत द्रष्टि का गूढ रहस्य है!**

स्याद्वादमंजरी पाना नं २४

જગતમાં પૂર્ણતા કે સિદ્ધિ કોને પસંદ નથી? સૌ કોઈ તે મેળવવા ઇંતેજાર નથી? કોને ધનિક થવું ગમતું નથી? કોને તત્ત્વવેત્તા કે વિજ્ઞાનવેત્તા થવું પસંદ નથી? કોને યોગ-યોગીશ્વર થવું ગમતું નથી? કોને માન પ્રતિષ્ઠા વ્હાલી નથી? કીર્તિ કોને ગમતી નથી? ટૂંકાણમાં જગતના તમામ માણસોને પૂર્ણતા અને સિદ્ધિ પ્રાપ્ત કરવી ગમે છે એ જગજાહેર છે, પરંતુ તેમાં માત્ર સવાલ એક જ રહે છેઃ "તે લાવવી ક્યાંથી?" તેના માટે એવો સરળ અને સીધો ક્યો માર્ગ છે કે જે મનુષ્યથી સાધ્ય થઈ શકે અને તેથી ઉન્નતિની પરાકાષ્ઠાએ પહોંચી શકાય!

આ માટે મહાવીર પ્રભુએ જગતને ઉત્તમોત્તમ માર્ગ બતાવ્યો છે કે જેના પાલનથી અનેક મહાપુરુષોએ પૂર્ણતા મેળવી છે. તે માર્ગ "સ્યાદ્વાદ ઉર્ફે આપેક્ષિત સત્ય" છે.

ઉન્નત ગિરિના શિખરે પહોંચવાનો જગતને માટે આ જ સર્વોચ્ચ અને સર્વોત્કૃષ્ટ માર્ગ છે.

"અનેકાંત દૃષ્ટિ એ સત્યની પરબડી છે. બધાં દર્શનો કરતાં મહાવીર પ્રભુની સત્ય નિરૂપણ કરવાની શૈલી જુદી છે. મહાવીર પ્રભુની સત્ય પ્રકાશન કરવાની શૈલીનું

નામ જ અનેકાંતવાદ છે. તેના મૂળમાં બે તત્ત્વો છે : એક પૂર્ણતા અને બીજું યથાર્થતા. જે પૂર્ણ હોઈને યથાર્થરૂપથી પ્રતીત થાય છે તે જ સત્ય કહેવાય છે. આ અનેકાંત દૃષ્ટિને પહેલાં તો પ્રભુએ પોતાના જીવનમાં ઉતારી હતી ત્યાર પછી જ તેમણે જગતને ઉપદેશ દીધો છે."

ઉપર આપણે બતાવી ગયા કે અપેક્ષિત સત્યથી પદાર્થના પૂર્ણતા યા તો પૂર્ણ સત્ય આપણે મેળવી શકીએ છીએ. તેથી આપણને સહેજ વિચાર ઉદ્ભવે છે કે આ અપેક્ષિત સત્ય શું હશે કે જેનાથી પૂર્ણ સત્ય કે સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે? આ બાબતનું આપણે પૃથક્કરણ કરીશું.

વિજ્ઞાન પણ અનન્ત સમય સુધી વિવિધ રૂપથી પ્રકૃતિનો અભ્યાસ કરી રહેલ છે છતાં પ્રકૃતિના અનેક અંશને પૂર્ણતયા જાણી શક્યું નથી.

આ પૂર્ણ સત્ય પામવાના કારણમાં જૈન દર્શન જણાવે છે: "અમુક અપેક્ષાઓને લઈને જ પદાર્થનું સંપૂર્ણ સત્ય પામી શકાય છે." જે દર્શન પદાર્થમાત્રને "સદસદ્રૂપ" અપેક્ષાથી માને છે તે જ પૂર્ણ સત્ય મેળવી શકે છે. બાકી જેઓ પદાર્થને કેવળ સત્ માનનારા છે તેમ પદાર્થને કેવળ અસત્ માનનારા છે તેમનાથી પ્રાપ્ત થઈ શકતું નથી? તેમજ પદાર્થનું લક્ષણ જે અર્થક્રિયાકારિત્વ છે તે પણ તેથી પામી શકાતું નથી. પદાર્થમાત્ર 'સદસદ્' રૂપ છે એટલે તે સ્વ સ્વભાવે સત્ છે અને પર સ્વભાવે અસત્ છે. પાશ્ચાત્ય તત્ત્વશાસ્ત્રમાં જેમ **સર વિલિયમ હેમિલ્ટન** આદિ પંડિતો આ અપેક્ષાવાદનો આદર કરે છે, અને જણાવે છે કે "પદાર્થમાત્ર પરસ્પર સાપેક્ષ છે. અપેક્ષા વિના પદાર્થત્વ જ નથી બતનું. અશ્વ કહો ત્યાં અનશ્વની અપેક્ષા થઈ જ, દિવસ કહ્યો ત્યાં રાતની અપેક્ષા થઈ જ, અભાવ કહ્યો તો ભાવની અપેક્ષા થઈ જ." (નયકર્ણિકા પાનું પાંચમું)

આ સ્યાદ્વાદ સિદ્ધાંતને પુષ્ટાલંબન છે. સ્યાદ્વાદ પણ એ જ કહે છે કે સત્‌ની પાછળ અસત્ હંમેશાં ઊભું જ હોય છે, તે ઉભય પરસ્પર સાપેક્ષ છે તે નેચરલ (સ્વાભાવિક) છે. વળી તે સત્‌ને જેમ અપેક્ષિત સત્ય માને છે તેમ અસત્ ને પણ અપેક્ષિત સત્ય માને છે; આથી સ્યાદ્વાદી જે બોલતો હોય અને સામો તેનાથી વિરુદ્ધ બીજી દૃષ્ટિથી બોલતો હોય તો તેથી તેના પર ગુસ્સે થતો નથી, તેમ ભવાં પણ ચડાવતો નથી. તે તો વિરોધનું કારણ તપાસવા મંડી જાય છે અને કારણ ખોળી સમન્વય કરે છે, જેથી વિરોધનું કારણ શમી જાય છે તે તો જાણે છે કે "વસ્તુમાત્ર અનંત ધર્માત્મક છે." આ જ સ્યાદ્વાદ કહો કે અનેકાંત કહો તેનું ગૂઢ રહસ્ય છે. આ સ્થળે એક વાત યાદ રાખવાની હોય તો તે પદાર્થ પ્રમાણથી સિદ્ધ હોવો જોઈએ. પ્રમાણથી અસિદ્ધ પદાર્થને સ્યાદ્વાદ માનતો નથી. છેવટ સારાંશમાં લખવાનું કે, મુમુક્ષુઓ તત્ત્વને સમ્યગ્જ્ઞાપૂર્વક અસંખ્ય દૃષ્ટિથી વિચારી સંસારની અસારતા છોડી મુક્તિ મેળવે છે તેમ ગૃહસ્થીઓ પણ અમુક વસ્તુને અસંખ્ય દૃષ્ટિથી તપાસી લાભ મેળવે છે. અર્થાત્ સ્યાદ્વાદ એ વ્યવહાર તેમજ નિશ્ચય ઉભય માર્ગ પ્રદાતા છે. ૐ શાંતિઃ

# સ્યાદ્વાદની સિદ્ધિ

પ્રત્યેક દ્રવ્ય, પ્રતિક્ષણ ઉત્તર પર્યાય હોવાથી અને પૂર્વ પર્યાયનો નાશ હોવા છતાં પણ સ્થિર રહે છે. દાખલા તરીકે બે બાળકની માતા એક હોય છે તેમ ઉત્પન્ન અને નાશનું અધિકરણ એક જ દ્રવ્ય છે.

આ પ્રમાણે ઉત્પાદન અને વ્યય હોવા છતાં પણ દ્રવ્ય તો સ્થિર જ રહે છે. એક વસ્તુ ઉત્પાદ વ્યય અને ધ્રુવરૂપ છે, છતાં દ્રવ્યની અપેક્ષાએ કોઈ વસ્તુ ઉત્પન્ન થતી નથી તેમ નાશ પામતી નથી, કારણ કે દ્રવ્યમાં ભિન્ન ભિન્ન પર્યાયો ઉત્પન્ન અને નાશ થવા છતાં પણ દ્રવ્ય તો એક રૂપે જ દેખાય છે. દ્રવ્યની અપેક્ષાથી તો પ્રત્યેક વસ્તુ સ્થિર છે, કેવળ પર્યાય દષ્ટિથી જ તેમાં ઉત્પન્ન-નાશ થાય છે. ઉત્પાદ આદિ પરસ્પર ભિન્ન હોવા છતાં એક બીજાની નિરપેક્ષ નથી, અને જો તે એક બીજાથી નિરપેક્ષ માનવામાં આવે તો આકાશ-કુસુમની માફક તેનો અભાવ થઈ જાય. દાખલા તરીકે એક રાજાને એક પુત્ર અને એક પુત્રી હતી. રાજાની પુત્રી પાસે એક સોનાનો ઘડો હતો. રાજાના પુત્રે તેને તોડી તેનો મુગટ બનાવ્યો. આથી રાજાની પુત્રીને શોક થયો અને પુત્રને હર્ષ થયો અને રાજા તો મધ્યસ્થ છે તેને શોક કે હર્ષ નથી.

આ પ્રમાણે પ્રત્યે વસ્તુમાં ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય ત્રણે અવસ્થા મોજુદ છે; ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ વસ્તુનું લક્ષણ છે.

વેદાંતાનુસાર વસ્તુ તત્ત્વ સર્વથા નિત્ય છે અને બૌદ્ધ મતાનુસાર સર્વ વસ્તુ ક્ષણિક છે. પણ જૈન મતાનુસાર પ્રત્યેક વસ્તુમાં ઉત્પત્તિ અને નાશ થતો હોવાથી પર્યાયની અપેક્ષાએ વસ્તુ અનિત્ય છે તથા ઉત્પત્તિ નાશ હોવા છતાં પણ વસ્તુ સ્થિર છે, કારણ કે દ્રવ્યની અપેક્ષાએ વસ્તુ નિત્ય છે. આ પ્રમાણે જૈનદર્શન પ્રત્યેક વસ્તુને કથંચિત્ નિત્ય અને કથંચિત્ અનિત્ય માને છે. ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય પરસ્પર કથંચિત્ ભિન્ન છે, છતાં તે સાપેક્ષ છે. નાશ અને સ્થિતિ વિના કેવળ ઉત્પાદનો સંભવ નથી. તેમજ ઉત્પાદ અને સ્થિતિ વિના નાશનો પણ સંભવ નથી. આ પ્રમાણે ઉત્પાદ અને નાશ વિના સ્થિતિનો પણ સંભવ નથી. પ્રત્યેક પદાર્થમાં અનંત ધર્મ મોજુદ છે. પદાર્થોમાં અનંત ધર્મ માન્યા વિના વસ્તુની સિદ્ધિ થતી નથી. જે અનંત ધર્માત્મક નથી તે આકાશના ફૂલની પેઠે અસત્ છે કારણ કે આકાશના ફૂલમાં અનંત ધર્મ નથી તેથી કરીને સત્ નથી. જ્યાં સાધ્ય નથી ત્યાં સાધન પણ નથી.

**નયાભાસ :-** જે નય કિંવા અપેક્ષા બીજા નય અથવા અપેક્ષાની ના કહે, અથવા અમુક અપેક્ષા ખરી, અને શેષ બધી અપેક્ષા ખોટી એમ ઠરાવે તેને પંડિત પુરુષો નયાભાસ કહે છે.

૧૧

# નયરેખાદર્શન

## નયોનું નિરૂપણ

નયોનું નિરૂપણ એટલે વિચારોનું વર્ગીકરણ. નયવાદ એટલે વિચારોની મીમાંસા. આ વાદમાં વિચારોનાં કારણો, તેનાં પરિણામો કે તેના વિષયોની ચર્ચા નથી આવતી; પરંતુ તેમાં પરસ્પર વિરોધી દેખાતા છતાં વાસ્તવિક રીતે વિરોધી એવા વિચારોના અ-વિરોધીપણાના કારણનું ગવેષણ મુખ્યપણે હોય છે તેથી ટૂંકાણમાં નયવાદની વ્યાખ્યા એમ આપી શકાય કે "વિરોધી દેખાતા વિચારોના વાસ્તવિક અવિરોધનું મૂળ તપાસનાર અને તેમ કરી તે વિચારોનો સમન્વય કરનાર શાસ્ત્ર."

તત્વાર્થસૂત્ર પાનું-૬૪

## નયની જરૂર

મનુષ્યની જ્ઞાનવૃત્તિ સામાન્ય રીતે અધૂરી હોય છે અને ઘમંડ વિશેષ હોય છે અને આથી કરીને પોતાના કરેલા વિચારોને 'સૂંઠના ગાંગડે ગાંધીમાં ખપવાની માફક' પૂર્ણ માને છે, અને છેવટનો માને છે. આથી કરી બીજાના વિચારો સમજવાની ધીરજ ખોઈ બેસે છે, અને છેવટે પોતાના આંશિક જ્ઞાનમાં સંપૂર્ણતાનો આરોપ કરે છે. આથી પરિણામ એ આવે છે કે, આવા આરોપને લીધે એક જ વસ્તુ પરત્વે સાચા પણ જુદા જુદા વિચારો ધરાવનારાઓ પ્રત્યે તેને અણગમો ઉત્પન્ન થાય છે, અને તેથી કરીને તેના માટે પૂર્ણ અને સત્ય જ્ઞાનનું દ્વાર બંધ થઈ જાય છે. આ માટે જ નયજ્ઞાનની આવશ્યક્તા છે.

## નય

વસ્તુના અનંત ધર્મોમાંથી એક સમયમાં કોઈ પણ એક ધર્મ સાપેક્ષપણે લઈ વસ્તુનું પ્રતિપાદન કરવું તેને નય કહેવાય છે. આથી જેટલા જેટલા વચનના પ્રકારો છે તેટલા નય થઈ શકે અને તેના એકથી લઈ અસંખ્યાત ભેદ હોઈ શકે. બાકી સામાન્યથી તેના સાત ભેદ કરવામાં આવ્યા છે. (૧) નૈગમ (૨) સંગ્રહ (૩)વ્યવહારુ (૪) ઋજુસૂત્ર (૫) શબ્દ (૬) સમભિરુઢ (૭) એવંભૂત એ પ્રકારે સાત નયો છે. તેના ટૂંકાણમાં બે ભેદ પાડવામાં આવેલ છે. (૧) દ્રવ્યાર્થિક અને (૨) પર્યાયાર્થિક.

**દ્રવ્યાર્થિક નય :-** દ્રવ્યાર્થિક નય સામાન્ય અંશગ્રાહી છે. સામાન્ય અંશગ્રાહી એટલે કાળ અને અવસ્થાભેદનાં ચિત્રો તરફ ધ્યાન ન આપતાં માત્ર શુદ્ધ ચેતના તરફ ધ્યાન અપાય ત્યારે તે દ્રવ્યાર્થિક નય કહેવાય છે.

**પર્યાયાર્થિક :-** પર્યાયાર્થિક નય વિશેષ અંશગ્રાહી છે. ચેતના ઉપરની દેશકાળાદિકૃત વિધવિધ દશાઓ તરફ ધ્યાન જાય ત્યારે પર્યાયાર્થિક નય સમજવો. પર્યાયનું કારણ આપણે જે દેશકાળ કહીએ છીએ તેને વેદાંત સ્થળકાળ કહે છે. પર્યાયનો અર્થ જ એ છે કે 'ઉત્તપત્તિ વિનાશને જે પ્રાપ્ત થાય' તે પર્યાય કહેવાય છે.

ઉપરોક્ત સાત નયો પૈકી પ્રથમના ત્રણ-નૈગમ, સંગ્રહ અને વ્યવહાર એ દ્રવ્યાર્થિક નયને લગતા છે અને બાકીના ચાર ઋજુસૂત્ર, શબ્દ, સમભિરુઢ અને એવંભૂત એ પર્યાયાર્થિક નયને લગતા છે.

**૧. નૈગમ નય** Worldwide Opinion

વસ્તુમાત્રમાં સામાન્ય ધર્મ છે અને વિશેષ ધર્મ છે. વસ્તુ આ બંને ધર્મ છે એ માન્ય રાખનાર નૈગમ નય છે. નૈગમ નયનો વ્યુત્પત્તિ અર્થ એ છે કે (**न एको गमो यस्य**) એટલે જેને એક જ ગમ એટલે વિકલ્પ નથી, જેને બહુ વિકલ્પ કે ભેદ છે. આ વિચાર લૌકિક રૂઢિ અને લૌકિક સંસ્કારના અનુસરણમાંથી પણ જન્મે છે.

નૈગમ નયનો વિષય સૌથી વધારે વિશાળ છે, કારણ કે તે સામાન્ય વિશેષ બન્ને લોકરુઢિ પ્રમાણે ક્યારેક ગૌણભાવે અને ક્યારેક મુખ્યભાવે અવલંબે છે.

તેના નીલમ અને પ્રસ્થ બે દ્દષ્ટાંત શાસ્ત્રમાં (સ્યાદ્વાદ મંજરીમાં) આપેલાં છે. નીલમનો અર્થ નિવાસસ્થાન થાય છે. અને પ્રસ્થનો અર્થ પાંચ શેર ધાન્ય ભરવાની પ્યાલી. નિવાસ સ્થાનના દાખલા માટે લખવાનું કે કોઈએ પૂછ્યું કે તમો ક્યાં રહો છો? ત્યારે સામો જવાબ આપે કે મુંબાઈમાં. ત્યારે સામો તેને પૂછે છે કે તમો મુંબઈમાં ક્યાં આગળ રહો છો? ત્યારે તે જવાબ આપે કે ઝવેરી બજારમાં. ઝવેરી બજારમાં ક્યાં? ત્યારે તે જવાબ આપે કે મમ્માદેવી આગળ. આ પ્રમાણે છેક ઘર સુધીના જવાબ તેની જાણમાં હોય છે તે આપે છે. આમાં સામાન્ય એક વખત ગૌણ અને એક વખત પ્રધાન બને છે તેમ વિશેષ પણ એક વખત વિશેષ અને એક વખત ગૌણ બને છે. આમ આ બન્ને ધર્મને માન્ય રાખનાર નૈગમ નય કહેવાય છે. પ્રસ્થના સંબંધમાં લખવાનું કે કોઈએ પૂછ્યું કે તમો ક્યાં જાઓ છો? જો કે હજુ તો લાકડું કાપવા માટે હાથમાં કુહાડો લઈ જતો હોય છે તો યે કહે કે પ્રસ્થ લેવા જાઉં છું. આ વર્તમાન નૈગમ કહેવાય છે. તેવી રીતે ભૂત અને ભવિષ્ય નૈગમ પણ કહેવાય છે. દાખલા તરીકે મહાવીર સ્વામીને થયે આજે ઘણાં વરસ થઈ ગયાં છતાં ચૈત્ર સુદી ત્રયોદશીને દિવસે પૂછે તો કહેશે કે આજે મહાવીર પ્રભુનો જન્મનો દિવસ છે. આ ભૂત નૈગમ નય કહેવાય છે. વળી કોઈ પૂછે કે ચોખા રંધાયા? ત્યારે કહેશે કે રંધાઈ ગયા. જો કે હજુ તો તેને

● સન્મતિ પ્રકરણ, તત્ત્વાર્થસૂત્ર, સ્યાદ્વાદમંજરી અને નયકર્ણિકા ઉપરથી ઉદ્ધરિત

રંધાવાની ઘણી વાર છે છતાં ચૂલા ઉપર મુકેલા છે તેથી કહેશે કે રંધાઈ ગયા. આ ભવિષ્ય નૈગમનો દાખલો છે. આ પ્રમાણે વર્તમાન ભૂત અને ભવિષ્ય એમ નૈગમ નયના ત્રણ ભેદ છે.

નોટ :- નૈગમ નયના સંબંધમાં શિષ્ય ગુરુને પૂછે છે કે, નૈગમ નય જ્યારે વસ્તુને સામાન્ય વિશેષવાળી માને છે ત્યારે તે સમ્યગ દૃષ્ટિ કેમ ન ગણાય? ત્યારે ગુરુ જવાબ આપે છે કે "તે સમ્યગ દૃષ્ટિ ગણાય નહીં કારણ કે તે દ્રવ્યને અને પર્યાયને બંને સામાન્ય અને વિશેષયુક્ત માને છે. પદાર્થ માત્ર સામાન્ય વિશેષરૂપ છે, તેમાં તે દ્રવ્યથી સામાન્ય છે અને પર્યાયથી વિશેષ છે. નૈગમ નયના સામાન્ય વિશેષમાં અને પદાર્થના સામાન્ય વિશેષમાં આ પ્રમાણે ફેર છે.

## ૨. સંગ્રહ નય

સત્તારૂપ તત્ત્વને અખંડપણે ગ્રહણ કરનાર દૃષ્ટિ તે સંગ્રહ નય છે. આ નય કેવળ સામાન્યગ્રાહી છે. મહાવ્યાપક સામાન્યનો અર્થ એ છે કે જેમાં કોઈ પણ જાતનો વિશેષ, પરિમર્તતા ખંડ કે વિભાગ નથી. એવું સત્તા સામાન્ય તે જ મહાવ્યાપક સામાન્ય છે. તેનો વ્યુત્પત્તિ અર્થ (संगृह्णाति इति संग्रहः) જે સંગ્રહ-એકત્રિત કરે છે તે. એટલે વિશેષ ધર્મનો સામાન્ય સત્તા એ સંગ્રહ કરે છે. આ નય મુખ્યપણે સામાન્ય ધર્મને - સત્તાને સ્વીકારે છે. આ નય સત્તાગ્રાહી છે એટલે માને છે કે સર્વ જીવો સત્તાગુણે સરખા છે. બીજમાં જેમ વૃક્ષની સત્તા છે. જેમકે 'માત્ર' નામ લેવાથી સર્વગુણ-પર્યાય આવે. કોઈ શેઠ પોતાના નોકરને કહે કે 'દાતણ' લાવ ત્યારે નોકર દાતણની સાથે પાણીનો લોટો, રૂમાલ આદિ લાવે. આથી દાતણમાં પાણી, રૂમાલ આદિનો સંગ્રહ થયો. તેવી જ રીતે 'વનસ્પતિ'માં લીંબડો, આંબો વાંસ આદિ વૃક્ષનો સમાવેશ થાય છે.

સામાન્યમાત્રને સંગ્રહ કરવાવાળું જ્ઞાન તે સંગ્રહ નય કહેવાય છે. દાખલા તરીકે 'સત્‌રૂપ'પણાનો ઉચ્ચાર કરવાથી તેમાં જગતનાં સંપૂર્ણ પદાર્થનું ગ્રહણ થાય છે. સંગ્રહ નયના સામાન્ય તત્ત્વ પ્રમાણે ચઢતા ઊતરતા અનેક દાખલાઓ કલ્પી શકાય! સામાન્ય જેટલું નાનું તેટલો સંગ્રહ નય ટૂંકો અને સામાન્ય જેટલું મોટું તેટલો સંગ્રહ નય વિશાળ સારમાં લખવાનું કે - જે વિચારો સામાન્ય તત્ત્વને લઈ વિધવિધ વસ્તુઓનું એકી કારણ કરવા તરફ પ્રવર્તતા હોય તે બધા જ સંગ્રહ નયની કોટિમાં ગણાય છે. જાતિ વગેરે સામાન્ય ધર્મથી અનેક વ્યક્તિઓમાં એક જાતિથી એકતા બુદ્ધિ થાય છે. આ પ્રમાણે સંગ્રહ નયનું દિગ્‌દર્શન છે.

## ૩. વ્યવહાર નય. Special opinion

પ્રથમ ગ્રહણ કરેલ સત્‌રૂપ અખંડ તત્ત્વના પ્રયોજન પ્રમાણે જીવ, અજીવ આદિ ભેદોને અવલંબે ત્યારે તે વ્યવહાર નય છે. વ્યવહારનો વ્યુત્પત્તિ અર્થ (વિ= વિશેષતાથી +

અવહરતિ માને છે-સ્વીકારે છે જે તે) એમ છે એટલે કે જે કેવળ વિશેષાત ગત સામાન્યને માને છે. અર્થાત્ મુખ્યપણે વિશેષ ધર્મને જ ગ્રહે છે.

વિવિધ વસ્તુઓને એકરૂપે સાંકળી લીધા પછી તેના ભેદ કરી પૃથ્થકરણ કરવું તેને વ્યવહાર નય કહે છે. દાખલા તરીકે કાપડ કહેવાથી કંઈ જુદી જુદી જાતના કાપડની સમજ પડતી નથી અને તેનું નામ દીધા વિના અમુક કાપડની જાત મળી પણ શકતી નથી. તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં સત્રૂપ વસ્તુ ચેતન અને જડ બે છે. ચેતન પણ સંસારી અને મુક્ત બે પ્રકારનું છે. તેમ તેના ઘણા પ્રકારો થઈ શકે છે. તે પ્રકારો બધા વ્યવહાર નયની કોટિમાં સમાય છે.

જેથી સાર રૂપે લખવાનું કે આ જાતના પૃથક્કરણોન્મુખ વિચારો વ્યવહાર નયમાં આવે છે.

ભિન્ન ભિન્ન વ્યક્તિ વગેરેને વિશેષ ધર્મથી ભિન્ન ભિન્ન ઓળખી શકાય છે. વ્યક્તિ પોતે વિશેષ છે અને તે વ્યક્તિમાં રહેલા વ્યક્તિગત ગુણો પણ વિશેષ છે અને વિશેષ ધર્મથી એક વ્યક્તિને બીજી વ્યક્તિથી ભિન્ન ઓળખી શકીએ છીએ.

**નોટઃ-** ઉપરોક્ત ત્રણે નયોમાં નૈગમ નયનો વિષય સૌથી વધારે વિશાળ છે, કારણ કે તે સામાન્ય વિશેષ બંને લોકરૂઢિ પ્રમાણે ક્યારેક ગૌણ ભાવે તો ક્યારેક મુખ્ય ભાવે અવલંબે છે. સંગ્રહનો વિષય નૈગમથી ઓછો છે, કારણ કે તે માત્ર સામાન્ય લક્ષી છે, અને વ્યવહારનો વિષય સંગ્રહથી પણ ઓછો છે કેમ કે તે સંગ્રહ નય સંકળિત કરેલા વિષય ઉપર જ અમુક વિશેષતાઓને આધારે પૃથ્થકરણ કરતો હોવાથી માત્ર વિશેષગામી છે. આ રીતે ત્રણેનું વિષયક્ષેત્ર ઉત્તરોત્તર ટુંકાતું જતું હોવાથી તેમનો અંદર-અંદર પૂર્વાપર સંબંધ છે. સામાન્ય અને વિશેષ એ ઉભયના સંબંધનું ભાન નૈગમ નય કરાવે છે અને એમાંથી જ સંગ્રહ નય જન્મ લે છે અને સંગ્રહ નયની ભીંત ઉપર વ્યવહારનું ચિત્ર દોરાય છે.

આ વ્યવહાર નયનું પ્રયોજન એ છે કે કંઈ સામાન્ય સંગ્રહથી વ્યવહાર ચાલી શકતો નથી. કોઈએ કહ્યું 'દ્રવ્ય લાવ' એમ કહેવાથી એવી આકાંક્ષા થાય છે કે 'કયું દ્રવ્ય?' જીવ કે અજીવ? સંસારી કે મુક્ત? આથી સિદ્ધ થાય છે કે વ્યવહાર નય વિના એકલા સંગ્રહથી કંઈ જગતનો વ્યવહાર ચાલી શકતો નથી. પદાર્થો એ સામાન્ય વિશેષ બંને ધર્મવાળા હોય છે. તેમાં એટલે જાતિત્વ, પ્રમેયત્વ, દ્રવ્યત્વ ઇત્યાદિ સામાન્ય ધર્મ, અને જુદાપણું ધરાવનારા તે વિશેષ ધર્મો. સામાન્ય ધર્મ વડે સેંકડો ઘડામાં એકાકાર બુદ્ધિ થાય અને વિશેષ ધર્મ વડે મનુષ્યો પોત પોતાનો લીલો, પીળો ઉત્યાદિ રંગથી કે કોઈ એવા ભેદથી પોતાનો ઘડો ઓળખે છે.

### ૪. ઋજુસૂત્ર નય Present opinion

જે દૃષ્ટિ તત્ત્વને ફક્ત વર્તમાનકાળ પૂરતું જ સ્વીકારે છે અને ભૂત ભવિષ્યકાળને કાર્યનો અસાધક માની તેનો સ્વીકાર નથી કરતી તે ક્ષણિક દૃષ્ટિ ઋજુસૂત્ર નય કહેવાય

છે. ઋજુસૂત્રની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે : (ઋજુ= સરલ+સૂત્ર+બોધ) જે સરલ એવા જે વર્તમાનને જ સૂત્ર તરીકે માને છે અથવા જેમાંથી સરલ એવો જે વર્તમાન તેનો બોધ થાય છે તેનું નામ ઋજુસૂત્ર નય છે.

આ નય અતીત (ભૂત) અને અનાગત (ભવિષ્ય) કાળની અપેક્ષા કરતો નથી. વસ્તુના અતીત પર્યાય નાશ થવાથી વર્તમાનમાં તેનો અભાવ છે અને ભવિષ્ય કાલના પર્યાયની ઉત્તપત્તિ થઈ નથી; તેથી વર્તમાન કાળમાં વસ્તુમાં જે પર્યાય હોય તેને માનવું તે ઋજુસૂત્ર નયનું કથન છે. દાખલા તરીકે એક પરમાણું પૂર્વે કાળું હતું, હમણાં લાલ છે અને ભવિષ્યમાં પીળું થશે. આ ઉદાહરણમાં બે કાળ (ભૂત અને ભવિષ્ય)નો ત્યાગ કરીને તે પરમાણુંને વર્તમાનમાં લાલ દેખીને લાલ કહેવું એ આ નયનું લક્ષણ છે. આ નય આથી વસ્તુ જેવા ગુણે વર્તમાન કાળે પરિણામે વર્તે તે પ્રમાણે તે વસ્તુને કહે છે. જેમ કોઈ જીવ ગૃહસ્થ છે પણ અંતરંગ મુનિ પરિણામે વર્તે છે તેથી મુનિ કહેવાય છે અને જે મુનિમાં ગૃહસ્થના ગુણ પ્રવર્તતા હોય તે ગૃહસ્થ કહેવાય છે. જે જેવો હોય તેને તેવો બોલાવે એ ઋજુસૂત્ર નયનો ઉદ્દેશ છે. કાલકૃત ભેદને અવલંબી વસ્તુ વિભાગથી શરૂ થતાં ઋજુસૂત્ર નય માનવામાં આવે છે.

### ૫. શબ્દ નય Opinions of the same meaning synonyms

વર્તમાનકાલીન તત્ત્વમાં જે દષ્ટિ લિંગ અને પુરુષ આદિ ભેદે ભેદ કલ્પે છે તે શબ્દ નય કહેવાય છે. તેનો વ્યત્પત્તિ અર્થ (शब्यते आहूयते वस्तु अनेन इति शब्दः) જેનાથી વસ્તુ બોલાય છે તે શબ્દ તે શબ્દ નય. અનેક શબ્દો વડે સૂચવતા એક વાચ્યાર્થને શબ્દનય એક જ પદાર્થ સમજે છે. જેવી રીતે કુંભ, કલશ, ઘટ ઇત્યાદિ અનેક શબ્દો એક વાચ્યાર્થ (ઘટને) એક જ પદાર્થ એટલે ઘડો સમજે છે. આ નયમાં ઉપર લખ્યા પ્રમાણે કાળ, લિંગ, વચન આદિ ભેદે પણ એક જ પદાર્થ - વાચ્યાર્થ સૂચવાય છે. કાલભેદથી સુમેરુ નામનો પર્વત હતો, છે અને હશે. આમાં ત્રણ કાલના ભેદથી પણ સુમેરુ એક જ છે. લિંગભેદે - તટઃ તટી, તટમ્ : અહીં ત્રણ લિંગ છે છતાં વાચ્યાર્થ તટ એક જ છે. વચનભેદે - દારાઃ (બહુ વચન), કલત્રં (એકવચન, અહીં વચન જુદાં હોવાં છતાં વાચ્યાર્થ એક જ એટલે સ્ત્રી છે.)

સારમાં એ લખવાનું કે, શબ્દ નય અનેક શબ્દો વડે (Synonyms=પર્યાયો) એક અર્થવાચક પદાર્થને એક જ પદાર્થ સમજે છે. જેમ કે કુંભ, કલશ, ઘટ ઇત્યાદિ એક જ (ઘટ) પદાર્થને દેખાડનારા છે. આ નય નામ, સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપાને માનતો નથી, પણ ભાવ નિક્ષેપાને માને છે. આ નયનું એમ માનવું છે કે ***જો વર્તમાન કાળ ભૂત અને ભવિષ્યથી જુદો હોઈ માંત્ર તે જ સ્વીકારાય તો એક જ અર્થમાં વપરાતાં ભિન્ન ભિન્ન લિંગ, કાળ, સંખ્યા, કારક, પુરુષ, ઉપસર્ગોવાળા શબ્દો પણ જુદાં જુદાં શા માટે ન માનવામાં આવે? આમ વિચારી બુદ્ધિ, કાળ અને લિંગ આદિ ભેદે શબ્દભેદ માને છે.*** આ પ્રકારે વિધવિધ શાબ્દિક નયને આધારે જે શબ્દભેદની

અનેક માન્યતાઓ ચાલે છે તે બધી શબ્દ નયની શ્રેણિમાં સમાય છે. સમાન અર્થવાચક જેટલા જેટલા શબ્દો હોય તે આ કોટિમાં આવે છે; ઇંગ્લિશમાં જેને Synonyms કે other wordsના નામે કહેવાય છે. સમાનાર્થના બીજા દાખલા - રાજા, નૃપ, ભૂપતિ તેમ ઇંદ્ર, શક્ર અને પુરંદર છે.

## ૬. સમભિરૂઢ નય Root of the opinion

શબ્દ નયે માનેલ સમાન લિંગ વચન આદિવાળા અનેક શબ્દોના એક અર્થમાં વ્યુત્પત્તિભેદે- પર્યાયભેદે, જે દૃષ્ટિ અર્થ ભેદ કલ્પે છે તે સમભિરૂઢ નય છે. તેનો વ્યુત્પત્તિ અર્થ (सं सम्यक् प्रकारेण पर्याय शब्देषु निरुक्ति भेदेन भिन्नं अर्थ अभिरोहन् समभिरुढः) એટલે જે જે શબ્દપર્યાયની વ્યુત્પત્તિ થતી હોય તે વ્યુત્પત્તિ તેમાં ધ્વન્દ્રિત હોય છે. માટે શબ્દપર્યાયને જુદા જુદા અર્થવાચક માનવા એ આ નયનો મત છે. શબ્દ નયમાં શબ્દ પર્યાય ભિન્ન હોવા છતાં અર્થનો અભેદ માને છે એટલે અર્થ એક જ માને છે. જ્યારે આ નયમાં શબ્દ પર્યાય ભિન્ન હોય તો અર્થ પણ ભિન્ન થાય છે અને અને તે પર્યાય શબ્દોનું વસ્તુતઃ એકત્વ હોય તો તેની તે ઉપેક્ષા કરે છે. શબ્દ નયમાં ઇંદ્ર, શક્ર, પુરંદર એ સર્વ એકાર્થવાચ્ય છે એટલે તે સર્વનો અર્થ ઇંદ્ર થાય છે, જ્યારે આ નયમાં ઐશ્વર્યવાળો હોવાથી ઇંદ્ર, શક્તિવાળો હોવાથી શુક્ર અને નગરનો નાશ કરનાર હોવાથી પુરંદર કહેવાય છે. આ નયનું માનવું છે કે લિંગભેદ અને સંખ્યા આદિ ભેદ વગેરે અર્થભેદ માનવા માટે બસ હોય તો શબ્દભેદે પણ અર્થભેદ કેમ ના થાય? એમ કહીને તે રાજા, નૃપ, ભૂપતિ આદિ એકાર્થ મનાતા શબ્દોનો વ્યુત્પત્તિ પ્રમાણે જુદો જુદો અર્થ કલ્પે છે, કહે છે, અને છે કે રાજચિન્હોથી શોભે તો રાનૃંજા, નરનું જે રક્ષણ કરે તે નૃપતિ, અને પૃથ્વીનું જે પાલન કરે તે ભૂપતિ. આ પ્રમાણે ઉક્ત ત્રણે નામોથી કહેવાતા એક અર્થમાં વ્યુત્પત્તિ પ્રમાણે અર્થભેદની માન્યતા ધરાવનાર વિચાર સમાભિરૂઢ નય કહેવાય છે. પર્યાયભેદે કરવામાં આવતી બધી જ કલ્પનાઓ આ નયની શ્રેણીમાં આવી જાય છે. ટૂંકાણમાં લખવાનું કે સમભિરૂઢ નય શબ્દ (કે પર્યાય) ભેદથી વસ્તુ ભિન્ન કહે છે, જેમ ઘટ અને પટ ભિન્ન છે તેમ જો પર્યાયભેદથી વસ્તુનો ભેદ ન હોય તો ભિન્ન પર્યાયવાળા કુંભ અને પટમાં પણ એ ભેદ ન હોય?

## ૭. એવંભૂત નય Opinion in working order

સમભિરૂઢ નયે સ્વીકારેલ એક પર્યાય શબ્દના એક અર્થમાં પણ જે દૃષ્ટિ ક્રિયાકાળ પૂરતું જ અર્થતત્ત્વ સ્વીકારે છે અને ક્રિયાશૂન્ય કાળમાં નહીં - તે એવંભૂત નય કહેવાય છે. તેનો વ્યત્પત્તિ અર્થ (एवं = એ પ્રકારે + भूत = થયેલું) એટલે વસ્તુને વસ્તુ રૂપે માનનાર આ નય છે. અર્થાત્ જે પદાર્થ પોતાના ગુણે કરીને સંપૂર્ણ હોય અને પોતાની ક્રિયા કરતો હોય તેને તેવા રૂપમાં કહેશો એ આ નયનો મત છે. અર્થાત્ જે સમયે પદાર્થમાં ક્રિયા થતી હોય છે તે સમયે ક્રિયાને અનુરૂપ શબ્દોના અર્થને પ્રતિપાદન

કરવાને એવંભૂત નય કહે છે. દાખલા તરીકે - પરમ ઐશ્વર્યનો અનુભવ કરતી વખતે ઈંદ્ર, સમર્થ હોવાની સમયે શક્ર અને નગરનો નાશ કરવાના સમયે પુરંદર.

પદાર્થોમાં જે સમયે ક્રિયા થતી હોય તે વખત સિવાય બીજા સમયે તે પદાર્થને પદાર્થો એ શબ્દથી કહેવા તે એવંભૂત નયાભાસ છે. (અર્થાત્ બીજા સમયે તે પદાર્થને પદાર્થ માનતો નથી.) વસ્તુ પોતાનું કાર્ય કરતી હોય ત્યારે જ આ નય તેને વસ્તુ કહે છે, નહીં તો તે વસ્તુ કહેતો નથી. સ્રી માથે પાણીનો ઘડો લઈ જતી હોય ત્યારે જ તે ઘટ કહેવાય. બીજા સમયે આ નય ઘટ માને નહીં. ટૂંકાણમાં લખવાનું કે એક પર્યાય વડે બોલાતી વસ્તુ (બોલતી વખતે) પોતાનું કાર્ય કરતી હોય તો જ એવંભૂત નય તેને વસ્તુ કહે છે, બીજી વખતે નહીં. ૐ શાંતિઃ

આ નયને ચેતન અને જડ પદાર્થો ઉપર કેવી રીતે ઉતારી શકાય છે તેની માત્ર ઝાંખી અર્થે આ નીચે ચેતનમાં જીવ ઉપર અને જડમાં રૂપીઆના ચલણ ઉપર સાતે નયો ઉતારવામાં આવેલ છે.

## જીવ ઉપર સાત નયો

(૧) નૈગમ નયે - જીવ ગુણપર્યાયવાન છે.
(૨) સંગ્રહ નયે - જીવ અસંખ્યાત પ્રદેશવાન છે.
(૩) વ્યવહાર નયે - તે વિષયવાસનાસહિત શરીરવાન છે.
(૪) ઋજુસૂત્ર નયે - તે ઉપયોગવંત છે.
(૫) શબ્દ નયે - તેનાં નામ, પર્યાય, જીવ, ચેતના આદિ છે, અને તે એકાર્થવાચી છે.
(૬) સમભિરૂઢ નયે - તે જ્ઞાનાદિ ગુણવાળો છે. માટે અર્થ ચેતના છે. જીવંત છે.
(૭) એવંભૂત નયે - તે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્રવાન અને શુદ્ધ સત્તાવાન છે.

## રૂપીઆના ચલણ ઉપર સાત નય

(આપણે અત્યારે ચાલતો આપણા રાજ્યચિહ્નવાળો રૂપીઓ જોઈએ છીએ.)

**૧. નૈગમ નયે** - સમસ્ત દુનિયાનું ચલણ લેવાનું છે, પછી કોઈ સ્થળે સોનાનાણું હોય કે કોઈ સ્થળે ચાંદીનાણું હોય કે કોઈ સ્થળે કાગળનાણું હોય. બાકી ચલણ તો દરેક સ્થળે હોય છે જ.

**૨. સંગ્રહ નયે** - આ નય સામાન્ય સત્તાગ્રાહી છે, જેથી તેમાં હિન્દુસ્તાન, પાકીસ્તાનનું ચલણ લેવાનું છે.

**૩. સંગ્રહ નયે** - આ નય વિશેષગ્રાહી છે જેથી તે આધારે હિન્દુસ્તાન,

પાકીસ્તાન, બ્રહ્મદેશ આદિનાં જુદા જુદાં ચલણ છે તે લેવાનાં નથી, પરંતુ ભારત સરકારનું ચલણ લેવાનું છે.

**૪. ઋજુસૂત્ર નયે** - આ નય વર્તમાનગ્રાહી છે. તે ભૂત અને ભવિષ્યને માનતો નથી. તેથી આપણી યા બીજી સરકારે ભૂતકાળમાં બહાર પાડેલ ચલણ સ્વીકારતો નથી, પરંતુ અત્યારે જે નોટોનું અને રૂપીઆનું ચલણ ચાલે છે તે જ સ્વીકારે છે.

**૫.શબ્દ નયે** - આ નયમાં સમાનાર્થક શબ્દો આવે છે. Synonyms. જેથી આ નયના આધારે આપણે અત્યારે જે જ્યોર્જના, એડવર્ડના, રાણીના અને આપણા અન્ય ચિહ્નના સિક્કા ચાલે તે લેવાના છે; કારણ કે આપણે રૂપીઆ નાણું જોઈએ છીએ. નોટોનું ચલણ જોઈતું નથી.

**૬. સમભિરૂઢ નયે** - આ નય વ્યુત્પત્તિવાચક છે. તે દરેક જુદા જુદા પર્યાયને માનનાર છે. આપણે પણ આપણા રાજ્ય ચિહ્નવાળો રૂપીઓ જોઈએ છીએ તે લેવાનો છે. બીજા સિક્કાના રૂપીઆની આ નય દરકાર કરતો નથી.

**૭. એવંભૂત નયે** - આ નય વસ્તુ વસ્તુ પ્રમાણે યથાર્થ હોય અને જ્યારે ક્રિયા પણ બરોબર કરતી હોય તો જ વસ્તુ માને; તે સિવાય નહીં. તેવી રીતે આપણા રાજ્યચિહ્નવાળા રૂપીઆને આપણે પસંદ કર્યો. તે નકલી હોય ને બજારમાં ચાલતો ના હોય, તેમ તે કાનસવાળો હોય અને તેનાં ઓછાં દામ ઉપજતાં હોય તો તે આ નય સ્વીકારતો નથી. આ નય તો બજારમાં તેનાં પૂરા દામ એટલે સોળ આના મળતા હોય તો જ સ્વીકારે છે. નહીં તો નહીં.

**નોટ :-** આ ઉપરથી જોઈ શકાશે કે ઉત્તરોત્તર દરેક નયનું ક્ષેત્ર એકબીજાથી સૂક્ષ્મ છે. કોઈ પણ પદાર્થને આ સાતે નયો લગાડવાથી તેનું પૂર્ણ સ્વરૂપ પામી શકાય છે. જે વાણી પણ સંપૃક્ત નયે સિદ્ધ છે તે જ યથાર્થ અને પ્રમાણ-વાણી છે. આ સાતે નયો એકબીજાને અપેક્ષીને રહેલા છે, કોઈ સ્વતંત્ર નથી. સાતેના સહકારથી સમગ્ર યા તો સમૂહ સત્ય સમાય છે.

જેવી રીતે નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ અને અવ્યવમાં સમગ્ર વ્યાકરણશાસ્ત્ર સમાય છે તેવી જ રીતે આ શબ્દમીમાંસાશાસ્ત્ર છે, જેના જ્ઞાનીઓએ સમગ્ર શબ્દસૃષ્ટિના સામાન્યથી સાત પ્રકાર રચ્યા છે. જેની અંદર તમામ દર્શનોનો સમાવેશ થાય છે. દાખલા તરીકે - ન્યાય અને વૈશેષિક દર્શન નૈગમ નયનું જ ગ્રહણ કરે છે, વેદાંત અને સાંખ્ય સંગ્રહ નયને સ્વીકારે છે, ચાર્વાક દર્શન કેવળ વ્યવહારને જ સ્વીકારે છે, બૌદ્ધ દર્શન ઋજુસૂત્ર નયને સ્વીકારે છે, જ્યારે વૈયાકરણીઓ શબ્દ સમભિરૂઢ સ્વીકારે છે અને જૈન દર્શન આ સાતેનો સ્વીકાર કરે છે.

આ નયો વડે જગતના કઠિનમાં કઠિન પ્રશ્નોના પણ ઉત્તરો મેળવી શકાય છે. નયને કેટલાક ન્યાય કહે છે, આથી નયજ્ઞાન-ન્યાયજ્ઞાન કે અપેક્ષાજ્ઞાન છે અને જ્ઞાન એ જ સમગ્ર ભૂમંડળોના તત્ત્વજ્ઞોના કથનનો સાર છે અને આથી જ કહ્યું છે કે -

Knowledge is power જ્ઞાન એ જ વીર્ય છે, સામર્થ્ય છે, બળ, પરાક્રમ છે. આ બુદ્ધિવિકાસના કાળ (Intellectual age)માં આ જ્ઞાન કરવાની અતિ અનિવાર્ય જરૂર છે, કારણ કે તે બુદ્ધિમત્તાનો ખજાનો છે અને સર્વસત્ય જ્ઞાનસમૂહ છે.

પરમત-સહિષ્ણુતા (Principal of tolerence) નો આ અદ્વિતીય અને અમૂલ્ય માર્ગ છે, તેનાથી સુગમ જગતમાં એવો બીજો કોઈ માર્ગ નથી. સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ અને અવ્યયમાં જેમ સવિસ્તર વ્યાકરણ ગૂંથવામાં આવ્યું છે તેવી રીતે દુનિયાના સમગ્ર સત્યને આ સપ્ત નયોમાં ગૂંથવામાં આવ્યું છે. માટે મુમુક્ષુઓએ તેમ તત્ત્વજ્ઞાનાભ્યાસીઓએ તેનો ખાસ અભ્યાસ કરવા જેવો છે. ૐ શાંતિઃ

## ધર્મ ઉપર સપ્ત નય (સ્ફુટ સમજ સાથે)

**ધર્મની વ્યાખ્યા :** આત્યંતિક મોક્ષાનુકૂળ આધ્યાત્મિક વિકાસને ધર્મ કહે છે.

**નૈગમ નયમતે :** આ નય Worldwide opinion એટલે વિશ્વવ્યાપી વિચાર સૂચવે છે. આ નયના મતે દુનિયાના તમામ ધર્મનો સમાવેશ થાય છે. દુનિયાના હરેક સંપ્રદાયો કોઈને કોઈ પ્રકારનો ધર્મ પાળતા હોય છે. ચરમાવર્તમાં (છેલ્લું પુદ્ગલ પરાવર્તન) પ્રવેશ કરેલ જીવને ધર્મ હોય; જેથી કોઈ પણ ધર્મને માનનારા જીવને એ અપેક્ષાએ ધર્મી કહેવામાં અડચણ નથી.

**સંગ્રહ નયમતે :** આ નય Existence of common opinion એટલે સામાન્ય સત્તાગ્રાહી છે અને તે પણ મહાવ્યાપક સામાન્ય છે. મહાવ્યાપક સામાન્ય જેમાંનો કોઈ પણ જાતનો વિશેષ, પરિમિતતા, ખંડ કે વિભાગ નથી એવું સત્તા સામાન્ય તેજ મહાવ્યાપક સામાન્ય છે. આ નય કેવળ વસ્તુને સામાન્ય ધર્મવાળી જ માને છે. આ નયને મતે આપણે **સદાચાર** લઈશું, કારણ કે ધર્મનું અંતિમ ધ્યેય જે મુક્તિ તેનું બીજ સદાચારમાં જ સમાઈ શકે છે.

**વ્યવહાર નયમતે :** આ નય Existence of special opinion એટલે આ નય વસ્તુને વિશેષ ધર્મવાળી જ માને છે, જેથી તે વ્યવહારસૂચક છે. આ નયના મતે આપણે **ઈંદ્રિયનિગ્રહ** લઈશું, જે મુક્તિમાર્ગનું અસાધારણ કારણ છે.

**ઋજુસૂત્ર નયમતે :** આ નય Present opinion એટલે વર્તમાનગ્રાહી છે. તે ભૂત અને ભવિષ્યની દરકાર કરતો નથી, તેમ પારકા ભાવથી કાર્યસિદ્ધ થતી હોય તેમ માનતો નથી. આ નયના મતે **શુદ્ધોપયોગ** સમજવો. અર્થાત્ જેમના વિચારો સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્રમય પ્રવર્તતા હોય, તે જ આ કોટિમાં આવી શકે છે. સમ્યક્ જ્ઞાન એટલે જેમણે શરીર અને આત્માને જુદાં માન્યા છે. જે સોનું અને કથિર, વેદક અને નિંદક, સુખ અને દુઃખ સઘળાં સરખાં ગણે છે તે જ આવી કોટિના જીવ હોય છે. આ માટે પરમશ્રુત ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થ સૂત્રમાં તે માટે નીચે પ્રમાણે

પ્રથમ સૂત્ર મૂક્યું છે :

**सम्यग दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्ग : ।१।**

અર્થ :- સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર એ ત્રણે મળી મોક્ષનું સાધન છે.

**શબ્દ નયમતે :** આ નય Opinions of the same meaning એટલે અનેક શબ્દોનો એક અર્થ માને છે, જે સમાનાર્થક છે. ઈંગ્લિશમાં જેને Synonyms કહે છે. ઋજુસૂત્ર નયે માનેલા વર્તમાન પર્યાયમાં કારક, કાળ, સંખ્યા, પુરુષ, લિંગાદિથી પર્યાય ભેદ સૂચવાય છે તેને શબ્દ નય કહે છે. જેથી આ નયના મતે ધ્યાનાવલંબી, મુમુક્ષુ અને તત્ત્વજ્ઞાની સમાવેશ થઈ શકે છે. અત્રે કારકથી પર્યાયભેદ થયો છે. (કારક એટલે કરનારા) ઉપરોક્ત વિચાર કરનાર આ જ કોટિના મનુષ્યો છે. પ્રથમના ચાર નયો-નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર નય - એને અર્થનય માનેલા છે અને બાકીના શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતને શબ્દનય માનેલા છે. તેની સમજ એવી રીતે છે કે અર્થનયમાં શબ્દના લિંગાદિ બદલવાથી પણ અર્થમાં અન્તર પડતું નથી. આથી તેમાં અર્થની પ્રધાનતા હોવાથી તે અર્થનય કહેવાય છે. અને શબ્દ સમભિરૂઢ અને એવંભૂત નયમાં શબ્દોના લિંગ આદિ બદલાવાથી અર્થમાં પણ પરિવર્તન થાય છે. આથી આમાં શબ્દની પ્રધાનતા હોવાથી શબ્દનય કહેવાય છે.

**સમભિરૂઢ નયમતે :-** આ નય Root of the opinion વ્યુત્પત્તિવાચક છે. એટલે વ્યુત્પત્તિ પ્રમાણે અર્થને ભજનારો છે. આ નય શબ્દભેદે અર્થભેદ માને છે. આમાં આપણે ધ્યાનાવલંબન શબ્દ લેવાનો છે, જે સીધો મુક્તિ પ્રદાતા છે.

**એવંભૂત નયમતે :-** આ નય Opinion of working order એટલે વસ્તુ બોલતી વખતે પોતાનું કાર્ય કરતી હોય તો જ આ નય વસ્તુ કહે છે. સમભિરૂઢ નયે નિશ્ચય કરેલ વસ્તુ જ્યારે પૂરતી રીતે પોતાના કાર્યમાં પ્રવર્તતી હોય ત્યારે જ આ નય વસ્તુ માને છે. અર્થાત્ ધ્યાનાવલંબી જ્યારે ધ્યાનમાં નિમગ્ન રહેતો હોય તો જ તેને ધ્યાનાવલંબી કહે છે; તે સિવાય નહીં. પૂર્ણ ચારિત્ર ચૌદમાં ગુણસ્થાનમાં પ્રાપ્ત થાય છે અને તરત જ અશરીરસિદ્ધિ થાય છે. તે વખતે તે **શૈલેશીકરણ** કરે છે. શૈલેશી અવસ્થા એટલે આત્માની એક એવી અવસ્થા કે જેમાં ધ્યાનની પરાકાષ્ઠાના કારણથી મેરુ સરખી નિષ્પ્રકંપતા કે નિશ્ચલતા આવે છે. આ નયવાળો ધ્યાનથી પરિણામે મુક્તિ મેળવે છે.

१२

# સપ્તભંગી[1]

કોઈ પણ વસ્તુનું તેના એક ધર્મને લઈ ભાવ કે અભાવ રૂપે વાસ્તવિક કથન તે ભંગ કહેવાય છે. એવા સપ્ત ભંગો સપ્ત ભંગીમાં હોય છે.

એવા ભંગો મૂળમાં બે અને બહુ તો ત્રણ ગણાય છે. બાકીના ભંગો પછી અરસપરસ મિશ્રણથી થાય છે. અને તે વધારેમાં વધારે સાત થાય છે અને આ જ સાત પ્રકારની વાક્યરચનાને સપ્તભંગી કહે છે. ભિન્ન ભિન્ન અપેક્ષાઓ, દૃષ્ટિકોણો, મનોવૃત્તિઓવાળું જે એક તત્ત્વ છે, તેનું જુદું જુદું મંતવ્ય જણાય છે તે સર્વના આધારભૂત સપ્તભંગીની રચના છે. બે વિરોધી દર્શનો હોય તેનો સમન્વય કરવા માટે તેના વિશેષભૂત ભાવાત્મક અને અભાવાત્મક બન્ને અંશોને લઈને તેને સંભવિત વાક્ય ભેગાં જે બતાવાય છે તેને સપ્તભંગી કહે છે. બાકી સપ્તભંગીનો આધાર નયવાદ છે. વાસ્તવિક રીતે કહીએ તો આ સપ્તભંગી અને નયોનો શુભ ઉદ્દેશ વિરોધી દર્શનો સાથે સમન્વય કરવાનો છે.

## આત્મા ઉપર સપ્તભંગી

આત્મા નિત્ય છે, અનિત્ય છે, અવ્વક્તવ્ય છે, નિત્ય તથા અનિત્ય છે, નિત્ય તથા અવક્તવ્ય છે, અનિત્ય તથા અવક્તવ્ય છે, અને નિત્ય અનિત્ય તથા અવક્તવ્ય છે.

આત્મા ગમે તેટલી જુદી જુદી દશાઓ અનુભવે છે છતા એ તત્ત્વરૂપે નથી. તેમ ક્યારેય નવો, ઉત્પન્ન થતો નથી અને નથી તદ્દન નાશ પામતો, તેથી એ દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ નિત્ય છે અને એ જ રીતે તે તત્ત્વ રૂપે અનાદિ અનંત હોવા છતાં નિમિત્તાનુસાર જુદી જુદી દશાઓ અનુભવે છે, તેથી પર્યાયાર્થિક નયની દૃષ્ટિએ અનિત્ય છે.

એક એક દૃષ્ટિ લઈ તેનો વિચાર કરતાં તેને નિત્ય પણ કહી શકાય અને અનિત્ય પણ કહી શકાય. પણ તે બંને દૃષ્ટિએ યુગપત્, એક જ સાથે અક્રમે તેનું

---

૧. સન્મતિ પ્રકરણના 'સાતા ભાગાનો સ્વરૂપ' ઉપરથી સારરૂપે ઉદ્ધરિત

નિરૂપણ કરવું હોય તો શબ્દ દ્વારા એમ કરવું શક્ય જ નથી તેથી તે અપેક્ષાએ તેને અવ્યક્તવ્ય કહી શકાય.

બન્ને દૃષ્ટિ સાથે લાગુ પાડી ક્રમથી નિરૂપણ કરવું હોય તો તેને તે અપેક્ષાએ નિત્ય તેમજ અનિત્ય એમ કહી શકાય

એક દ્રવ્યાર્થિક દૃષ્ટિ જુદી લઈને અને બન્ને દૃષ્ટિઓને અક્રમથી એક સાથે લઈને નિરૂપણ કરવું હોય તો નિત્ય તેમજ અવક્તવ્ય જ કહી શકાય.

એ જ રીતે પર્યાયાર્થિક દૃષ્ટિ જુદી જુદી લઈને અને બન્ને દૃષ્ટિઓ અક્રમથી સાથે લઈને વિચાર કરતાં અનિત્ય તથા અવક્તવ્ય જ કહી શકાય.

બન્ને દૃષ્ટિને ક્રમથી સાથે લઈને તેમજ અક્રમથી સાથે લઈને વિચાર કરતાં નિત્ય અનિત્ય અવક્તવ્ય જ કહી શકાય.

એક જ આત્માના વિષયમાં તે નિત્ય હોવા અને ન હોવા સંબંધી બન્ને વિધાનો પરસ્પર વિરોધી છતાં અસંદિગ્ધ છે કારણ કે તે દૃષ્ટિભેદ સાપેક્ષ હોઈ ખરી રીતે અવિરોધી જ છે.

**મનુષ્ય ઉપર સપ્તભંગી**

(૧) અપેક્ષા વિશેષ મનુષ્ય છે, (૨) અમનુષ્ય છે, (૩) અવક્તવ્ય છે, (૪) મનુષ્ય તથા અમનુષ્ય છે, (૫) મનુષ્ય તથા અવક્તવ્ય છે, (૬) અમનુષ્ય તથા અવક્તવ્ય છે, (૭) મનુષ્ય તથા અમનુષ્ય અવક્તવ્ય છે.

નોટઃ- અપેક્ષાવિશેષે કહો કે સ્યાત્ કહો કે કથંચિત્ કહો તે બધું સરખું જ છે.

મનુષ્ય અને અમનુષ્યની સમજમાં સમજવું કે મનુષ્યપણું એટલે ચોક્કસ આકાર અને ગુણધર્મનું હોવું અને બીજા આકાર તથા ગુણધર્મનું ન હોવું, જેથી મનુષ્ય એ સ્વરૂપથી મનુષ્ય છે, પરરૂપથી નહીં. તેમજ સ્વરૂપથી અને પરરૂપથી તેનું અક્રમે એક-સાથે નિરૂપણ કરવું હોય તો તેને અવક્તવ્ય જ કહી શકાય. આ રીતે મનુષ્ય, અમનુષ્ય અને અવક્તવ્ય એ ત્રણ મૂળ ભંગો થતાં જ બાકીના ભંગો બની જાય છે. ૐ શાંતિઃ

**તત્ત્વાર્થ સૂત્રની દૃષ્ટિએ સપ્તભંગી**

**अर्पितानर्पितसिद्धे : (તત્ત્વાર્થ સૂત્રની બીજી વ્યાખ્યા)**

પ્રત્યેક વસ્તુ અનેક પ્રકારે વ્યવહાર્ય છે, કેમ કે અર્પણા અને અનર્પણાથી અર્થાત્ વિવક્ષાને લીધે પ્રધાન, અપ્રધાન ભાવે વ્યવહારની સિદ્ધિ-ઉત્પત્તિ થાય છે.

**ભાવોદ્ઘાટન**

દરેક વસ્તુ અનેક ધર્માત્મક છે, પરંતુ એકસાથે સઘળા ધર્મો વિવક્ષિત હોતા નથી. તેથી ક્યારેક એક ધર્મ દ્વારા અને ક્યારેક તેના વિરુદ્ધ બીજા ધર્મો દ્વારા વસ્તુનો વ્યવહાર

થાય છે. આથી સમજવાનું એ કે જે ધર્મની વિવક્ષા કરવામાં આવે તે સધાન બને છે અને તેના વિરુદ્ધ બીજા ધર્મો અપ્રધાન બને છે. દાખલા તરીકે : જે કર્મનો કર્તા છે તે ભોક્તા છે. આમાં આત્મામાં દ્રવ્યદષ્ટિએ કર્તૃત્વકાળ અને પર્યાયદષ્ટિએ ભોક્તૃત્વકાળ બન્ને સિદ્ધ થાય છે. જેમાં દ્રવ્ય દષ્ટિ નિત્ય માલૂમ પડે છે, જ્યારે પર્યાયદષ્ટિ નિત્ય માલૂમ પડે છે. કારણ કે કર્તૃત્વકાળે કર્મજન્ય ફળ હાજર હોતું નથી. પરંતુ અમુક સમયે જ્યારે કર્મનું ફળ મળે છે તે સમયે આત્મા તો હાજર જ હોય છે. અવસ્થાફેર પર્યાયને લઈને હોય છે. આથી આત્માનું નિત્યપણું અને પર્યાયનું અનિત્યપણું સાબિત થાય છે. હવે જ્યારે કર્તૃત્વકાળ હોય છે ત્યારે તે ધર્મ પ્રધાન બને છે અને ભોકતૃત્વકાળ અપ્રધાન બને છે. અને ભોક્તૃત્વ કાળ સમયે ભોક્તૃત્વકાળ પ્રધાન બને છે અને કર્તૃત્વકાળ અપ્રધાન બને છે. આ પ્રમાણે વિવક્ષા અને અવિવક્ષાના કારણે ક્યારેક આત્મા નિત્ય અને ક્યારેક અનિત્ય કહેવાય છે. આ બે ભંગી થઈ. જ્યારે બન્ને ધર્મોની વિવક્ષા એકીસાથે થાય છે ત્યારે બન્ને ધર્મોનું યુગપત્ (એકી સાથે) પ્રતિપાદન કરે એવો વાચક શબ્દ ન હોવાથી આત્માને અવક્તવ્ય કહે છે. એ ત્રીજી ભંગી થઈ. આ પ્રમાણે વિવક્ષા, અવિવક્ષા અને સહવિવક્ષાને લીધે ઉપરની ત્રણ વાક્યરચનાઓ બને છે. બાકી તો ત્રણેના પરસ્પર મિશ્રણથી ચાર ભંગી બને છે. જેમકે ચોથી નિત્યાનિત્ય, પાંચમી નિત્ય અવક્તવ્ય, છઠ્ઠી અનિત્ય અવક્તવ્ય અને સાતમી નિત્ય અનિત્ય અવક્તવ્ય એમ સાત સપ્તભંગી છે. ॐ શાંતિઃ

## ૧૩

# નિક્ષેપો[1]

## નિક્ષેપોથી નમસ્કારની ઉત્પત્તિની સિદ્ધિ

નિક્ષેપોના સંબંધમાં લખવાનું કે બધાં જ્ઞાનને આપલે કરવાનું મુખ્ય સાધન ભાષા છે, તે શબ્દની બનેલી છે. એક જ શબ્દ, પ્રસંગ પ્રમાણે અનેક અર્થમાં વપરાય છે. દરેક શબ્દના ઓછામાં ઓછા ચાર અર્થ જોવામાં આવે છે અને એ જ ચાર અર્થ એ શબ્દના અર્થ સામાન્યના ચાર વિભાગ છે. એ વિભાગને જ નિક્ષેપ-ન્યાસ કહે છે. આ જાણવાથી તાત્પર્ય સમજવામાં ઘણી જ અનુકૂળતા પ્રાપ્ત થાય છે. નિક્ષેપાના ચાર વિભાગ (૧) નામ નિક્ષેપ (૨) સ્થાપના નિક્ષેપ (૩) દ્રવ્ય નિક્ષેપ અને (૪) ભાવ નિક્ષેપ.

**નામ નિક્ષેપ:** જેનો અર્થ વ્યુત્પત્તિસિદ્ધ નથી પણ ફક્ત ખાતાપીતા અથવા બીજા લોકોના સંકેતબળથી જાણી શકાય છે તે અર્થ નામ નિક્ષેપ છે.

અત્રે નમઃ એવું નામ તે નમસ્કાર નામ નિક્ષેપો કહી શકાય અને નમઃ એવા બે અર્થો લખવા તે સ્થાપના નમસ્કાર છે. જે વસ્તુ મૂળ વસ્તુની પ્રતિકૃતિ, મૂર્તિ અથવા ચિત્ર હોય અથવા જેમાં મૂળ વસ્તુનો આરોપ કરાયો હોય તે સ્થાપના નિક્ષેપ છે.

**દ્રવ્ય :** નમસ્કાર તે દ્રવ્ય નિક્ષેપો છે. જે અર્થ ભાવ નિક્ષેપનો પૂર્વરૂપ અથવા ઉત્તર રૂપ હોય અર્થાત્ તેની પૂર્વ અથવા ઉત્તર અવસ્થારૂપ હોય તે દ્રવ્ય નિક્ષેપ કહેવાય છે. આ દ્રવ્ય નમસ્કાર પણ બે પ્રકારના છે (૧) આગમથી (૨) નોઆગમથી. ઉપયોગ સહિત નમસ્કાર એવો શબ્દ બોલનાર આગમથી દ્રવ્ય નમસ્કાર છે. ઉપયોગ રહિત સમ્યકત્વવાનનો નમસ્કાર પણ દ્રવ્ય નમસ્કાર છે.

**ભાવ નિક્ષેપો :** ભાવ નમસ્કાર તે ભાવનિક્ષેપો છે. જે શબ્દનું વ્યુત્પત્તિ-નિમિત્ત તથા પ્રવૃત્તિ-નિમિત્ત બરાબર ઘટતું હોય તે ભાવ નિક્ષેપ છે.

ભાવ નિક્ષેપ પણ બે પ્રકારે છે : (૧) આગમથી અને (૨) નોઆગમથી. જે નમસ્કારના અર્થને જાણે અને ઉપયોગ રાખે તે વ્યક્તિ ભાવ નમસ્કાર છે અને મન

---

૧ નમસ્કાર મહામંત્રના લખેલ નિબંધ ઉપરથી.

વડે ઉપયોગપૂર્વક વાણીરૂપ ક્રિયા વડે પંચાગ પ્રણિધાનપૂર્વક નમસ્કાર તે નોઆગમથી ભાવ નમસ્કાર છે.

**સ્ફૂટ સમજણ :** નિક્ષેપાની સ્ફૂટ સમજણ માટે લખવાનું કે આપણે તે માટે એક દાખલો લઈ તપાસીશું.

**નામ નિક્ષેપ :** સેવકરામ નામનો એક માણસ છે. તેના પિતાએ તેનું નામ સેવકરામ રાખ્યું છે તે નામ માત્રનો જ આ નિક્ષેપામાં સમાવેશ થઈ શકે છે.

**સ્થાપના નિક્ષેપ :** 'સેવકરામ'નો ફોટો, પ્રતિકૃતિ અથવા તો આપણા મુનિમહારાજાઓ જેમ આચાર્યની સ્થાપના રાખે છે તેમાં કોઈ વસ્તુમાં તેનો આરોપ કરાયો હોય તે સ્થાપના નિક્ષેપ છે.

**દ્રવ્ય નિક્ષેપઃ** સેવકરામના વડીલોએ સેવા બજાવી હશે જેથી તેની અટક સેવકરામ હશે કે સેવકરામ ભવિષ્યમાં સેવક થવા માટે વર્તમાનમાં પ્રયત્ન કરતો હશે તેથી સેવકરામ કહેવાતો હશે. આ દ્રવ્ય નિક્ષેપ કહી શકાય.

**ભાવ નિક્ષેપ :** નામ પણ સેવકરામ છે અને નામ પ્રમાણે સેવાનાં કાર્ય પણ કરે છે તેથી તે ભાવ નિક્ષેપ છે. તાત્પર્ય એ છે કે યથા નામ તથા ગુણ:। જેવાં નામ હોય તેવા જ ગુણ હોય તો જ તે સંપૂર્ણ નિક્ષેપાને યોગ્ય થઈ શકે. બાકી કહેવાય ગુણવંત પણ જેમાં ગુણનો છાંટે સરખો પણ ના હોય તેને ભાવ નિક્ષેપો લાગી શકતો નથી. કોઈ વક્તા ભાષણ કરતો હોય અને પછી અમુક વિષયના બદલે બીજા વિષય ઉપર બોલતો હોય યા વિષયાંતર કરતો હોય તો ભાવ નિક્ષેપો તેનો સત્કાર કરતો નથી અર્થાત્ ઈન્કાર કરે છે.

●

મધ્યસ્થભાવ ઉપર જૈનશાસ્ત્રોએ બહુ ભાર મૂક્યો છે. અને શાસ્ત્રોનું ગૂઢ રહસ્ય પણ તેને જ માનેલ છે અને ધર્મવાદ પણ તેને ગણેલ છે. તે તો એટલે સુધી કહે છે કે : શાસ્ત્રનું એક પદનું જ્ઞાન પણ સફળ છે અને તે વિના કરોડો શાસ્ત્રો ભણ્યાથી પણ કંઈ લાભ નથી.

●

જૈનાચાર્યોએ નિઃસંદેહ એકતામાં વિવિધતા અને વિવિધતામાં એકતાને પેખીને આ સ્યાદ્વાદ સિદ્ધાંત પ્રતિપાદન કરેલ છે તેમજ તે સિદ્ધાંતે વિશ્વની મહાન સેવા પણ કરી છે.

**૧૪**

# સ્યાદ્વાદ પ્રતિ અણસમજનો ફિકેલ

કેટલાક નામચીન ગણાતા વિદ્વાનો પણ સ્યાદ્વાદ સિદ્ધાંતના સદસદ્‌ને પ્લેટો આદિના 'સદસદ્'ના સિદ્ધાંત સાથે સરખામણી કરી 'સ્યાત્'નો અર્થ મનમાનતો કરી 'સદસદ્'ને સત્ અસત્‌નું મિશ્રણ ગણે છે, વિદ્યા અવિદ્યા કહે છે, ને વળી કહે છે કે સ્યાદ્વાદ અર્ધ સત્યોની પાસે લઈ જઈ પટકી દે છે - આદિ કથે છે. પરંતુ તે બિના સત્યથી વેગળી છે. વળી લયલા ને મજનુનો દાખલો આપી પ્રેમદષ્ટિએ નૈસર્ગિક પ્રેમ અને ઘરડાની દષ્ટિએ ઘેલછાનો તેમાં સમાવેશ કરે છે અને દહીં દૂધીઆનો પણ તેમાં આરોપ કરે છે. આ બધું સ્યાદ્વાદના સિદ્ધાંતનું અજ્ઞાનપણું સૂચવે છે. આ માટે નીચેના ઉલ્લેખ ઉપર ધ્યાન આપવાથી તેમના મનનું સઘળું સમાધાન થશે :-

स्याद्वाद पदार्थो को जानने की एक द्रष्टि मात्र है। स्याद्वाद अंतिम सत्य नहीं है। यह हमें अंतिम सत्य तक पहुंचाने के लिए केवल मार्गदर्शक का काम करता है। स्याद्वाद से केवल व्यवहार सत्य के जानने में अवस्थित होनेवाले विरोधो को ही समन्वय किया जा सकता है। इसि लिए जैन दर्शनकारोने स्याद्वाद को व्यवहार सत्य माना है।

•

आतएव स्याद्वाद हमें केवल जैसे तैसे अर्धसत्य को ही पूर्ण सत्य मान के लिए बाध्य नहीं करता, किन्तु वह सत्यका दर्शन करने के लिए अनेक मार्गो की खोज करता है।

स्याद्वाद का इतना हि कहना है की मनुष्य की शक्ति सिमित है, इसलिए वह अपेक्षित सत्य को प्राप्त करना चाहिए। अपेक्षित सत्य जानने के बाद हम पूर्ण सत्य केवलज्ञान का साक्षात्कार करने के अधिकारी है।

સ્યાદ્વાદમંજરી પાને - ૨૬

આ ઉપરથી સમજાશે કે સ્યાદ્વાદનું 'સદસદ્' એ સત્ અસત્‌નું મિશ્રણ નથી કે તે અર્ધ સત્ય સૂચવતું નથી. પ્રો. આનંદશંકર બાપુભાઈ ધ્રુવે પણ કહેલું છે કે તે 'વાદનું અંજન છે' બીજા દષ્ટાંત રૂપે કહીએ તો તે તાળું નથી પણ કૂંચી છે. મુકરદમો

નથી પણ જજ કરવાનું સાધન છે (ન્યાય તોલવાનો કાંટો છે.) વળી સ્યાદ્વાદના 'સદસદ્ રૂપ'ને જેઓ સત્ય અને અસત્ય રીતે માને છે તેમાં સ્યાદ્વાદનું જે 'સ્યાત્' અર્થાત્ અપેક્ષિત સત્ય તેને લાગે પણ કેવી રીતે? આથી તે સ્યાદ્વાદનું લખાણ છે તેમ કહી પણ કેવી રીતે શકાય?

દહીં-દૂધીઆ કહેનાર માટે તો આ જ પુસ્તકમાં અત્રેની લોહીઆ કૉલેજના પ્રૉ. સાહેબ શ્રીયુત ધીરૂભાઈએ "સ્યાદ્વાદ મતસમીક્ષા"નો અભિપ્રાય આપતાં જણાવ્યું છે કે :- "સ્યાદ્વાદને દહીં-દૂધીઆ કહેનારા ભીંત ભૂલે છે."

વળી તેઓ, વેદાંત જગતને અનિર્વચનીય કહે છે, બુદ્ધો નિઃસ્વભાવ કહે છે એવું કથે છે તે, તે દર્શનકારોની માન્યતા પ્રમાણે યોગ્ય છે, પરંતુ સાથે જૈનદર્શન પણ જગતને અવક્તવ્ય કહે છે એવું જણાવે છે તે યોગ્ય નથી. જૈન દર્શન તો જગતના પદાર્થોને સત્ અસત્ ઉભય માને છે જેથી જગતને વચનીય તેમ અનિર્વચનીય ઉભય કહે છે.

જે અવક્તવ્ય કહે છે એ તો વચન બોલવાના સાત પ્રકારો જે વર્ણવ્યા છે, જેને સપ્તભંગી કહે છે તેનો ત્રીજો પ્રકાર છે. જે સપ્તભંગીનું સ્વરૂપ આ જ પુસ્તિકામાં આપેલું છે તે અવલોકવાથી જણાશે. તેનું તાત્પર્ય એ છે કે પદાર્થોમાં અનંતા ધર્મો છે. તેમાંથી એકી વખતે ક્રમથી બોલીએ તો નિત્ય અનિત્ય એ બે ધર્મ જ બોલી શકાય છે, પરંતુ યુગપત્ એટલે એકી સાથે તે બે ધર્મો અક્રમથી બોલવા જતાં બોલી શકાતા નથી, તેથી ત્રીજો ભંગો અવક્તવ્યનો કહ્યો છે, બાકી તેને જગતની સાથે કંઈ લેવા-દેવા નથી.

વળી જેઓ જગત્કર્તા ઈશ્વર માને છે અને તે જ સર્વશક્તિમાન છે, બાકી બધાય તેનાથી નીચે છે એવી માન્યતાવાળા જગતને વચગાળાનું માધ્યમિક, સત્ય અસત્યનું મિશ્રણ માને છે. બાકી જેઓ अप्पा सो परम्पा આત્મા તે જ પરમાત્મા છે, ઈશ્વર છે, પ્રભુ છે, સર્વશક્તિમાન છે એવું માને છે, તેઓ તેવી માન્યતા ધરાવતા નથી, તેમ સ્યાદ્વાદ સિદ્ધાંત તેમ સૂચવતો પણ નથી તે તો સમગ્ર સત્ય પહોંચાડવાની સીમા તક લઈ જાય છે.

વળી સ્યાદ્વાદ વાણી તે સત્ય અને નિશ્ચિત વાણી છે, તેમાં અસત્ય કે અનિશ્ચિતપણાને સ્થાન નથી. કારણ કે તે અપેક્ષિત સત્ય છે, હેતુપૂર્વકની વાણી છે. જે હેતુપૂર્વકની વાણી છે તે સત્ય જ છે, નહીં તો પ્રમાણશાસ્ત્રના આધારે તે હેત્વાભાસ ગણાય. આથી સમજાશે કે સ્યાદ્વાદની વાણીમાં અસત્ય કે અનિશ્ચિતતાને સ્થાન નથી. તેમાં સંશયવાદને પણ સ્થાન નથી. પ્રૉ. આનંદશંકર બાપુભાઈએ સ્યાદ્વાદનો અભિપ્રાય આપતાં પણ જણાવ્યું છે કે :- સ્યાદ્વાદ સંશયવાદ નથી કિન્તુ તે વસ્તુદર્શનની વ્યાપક કળા આપણને શીખવે છે.

વળી વસ્તુ અનંત ધર્માત્મક છે. જેથી તેના અપેક્ષિત વિરૂદ્ધ ધર્મોનો પણ તે સમાવેશ કરી શકે છે. દાખલા તરીકે એક જ મનુષ્ય બાપની અપેક્ષાએ દીકરો છે અને

દીકરાની અપેક્ષાએ બાપ છે. તેમ તેના અપેક્ષિત વિરુદ્ધ ધર્મોનો સમાવેશ કરી શકે છે તે સત્ય છે, પરંતુ તેથી એમ સમજવાનું નથી કે તે વસ્તુ તેનાથી વિરુદ્ધ સ્વભાવવાળી બીજી વસ્તુને પોતાનામાં સમાવે છે. આથી સ્યાદ્વાદીને "ટાઢાને ઊનું ને ઊનામાં ટાઢું કહી" આક્ષેપ કરે છે તે સત્યથી વેગળો છે.

વળી વસ્તુમાત્ર સ્વ સ્વભાવે સત્ છે અને પર સ્વભાવે અસત્ છે. તે પર સ્વભાવવાળી સત્ વસ્તુને પોતાના સત્‌માં કેવી રીતે મેળવી શકે? તે બુદ્ધિમાં પણ બેસે એવી વાત નથી. ૐ શાંતિઃ

•

પ્રસિદ્ધ પ્રૉફેસર હર્બટ સ્પેન્સર પણ કહે છે : 'આકૃતિ ફરે છે, વસ્તુ નહીં.' આ વાત ત્રિપદીના સિદ્ધાંતને પુષ્ટિ આપે છે.

**મુખપૃષ્ઠ-૧:** ૫૨ ચિત્રનો સાર એ છે કે, જેમ હાથી છૂટો હોય છે ત્યારે કંઈક વૃક્ષોને ભાંગી નાખે છે, પરંતુ તેને તેવી રીતે એકાંતમતવાળાઓ પોતાને અમુક સત્ય પ્રાપ્ત થવાથી, તેને આખા રૂપમાં પ્રતિપાદન કરવા મથે છે ત્યારે જ મત સંઘર્ષણો થાય છે, પરંતુ તેઓ જ્યારે સ્યાદ્વાદને અનુસરે છે ત્યારે તત્ત્વ-તર પ્રાપ્ત કરે છે, એટલું જ નહીં પરંતુ જગતમાં કીર્તિ સંપાદન કરે છે. આથી નયને હાથીની ઉપમાં આપવામાં આવી છે અને સ્યાદ્વાદને અંકુશની ઉપમાં આપવામાં આવી છે.

●●●

*अन्यान्य पक्ष प्रतिपक्षभावाद् यथा परे मत्सरिण: प्रवादा:*
*नयानशेपानविशैषमिच्छन् न पक्षपाती समयस्तथा ते ॥*

*श्री मेमचंद्राचार्य सूरि*

*હે ભગવાન! તારો સિદ્ધાંત નિષ્પક્ષ છે કારણ તેં અમને એક જ વસ્તુ કેટલી અસંખ્ય દૃષ્ટિથી જોઈ શકાય છે તે બતાવ્યું છે. જે કેવળ સિદ્ધાંતભેદની ખાતર પરસ્પર ઈર્ષ્યા-મત્સર ધરાવે છે તે તારા સ્યાદ્વાદ દર્શનમાં નથી સંભવતી.*

●●●

*एकस्मिन् वस्तुनि सापेक्ष रीत्वा विरुद्ध*
*नानाधर्मस्वीकारा हि स्याद्वाद: ।*

*એક વસ્તુમાં અપેક્ષાપૂર્વક વિરુદ્ધ જુદા જુદા પ્રકારના ધર્મનો સ્વીકાર કરવો તે સ્યાદ્વાદ છે.*

●●●